CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૫ ● અંક : ૩૯
તા.૧૫-૦૩-૨૦૧૯, શુક્રવાર
સંવત ૨૦૭૫ ફાગણ સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૧ સૂર્યાસ્ત : ૦૬:૪૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૬.૨ | વડોદરા | ૧૯.૮ |
| અમદાવાદ | ૧૬.૦ | સુરત | ૧૯.૫ |
| ગાંધીનગર | ૧૨.૫ | નલિયા | ૧૪.૬ |

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : 33,000

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# ચીનના વલણથી રાહુલ ગાંધી કેમ ખુશ ? : રવિશંકર

**મસુદ અઝહરના મુદ્દે ભાજપ-કોંગ્રેસનું વાક્યુદ્ધ : વડાપ્રધાન શી જિંગપિંગથી ભયભીત છે તેવા રાહુલ ગાંધીના નવા નિવેદનથી નારાજગીનું મોજુ : ચીનનું વલણ ભારતને લઇને હંમેશા જ ખતરનાક રહ્યું છે**



નવીદિલ્હી

ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના લીડર મસુદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના પ્રયાસમાં ચીને અડચણો મુકી દેતા ભારતમાં રાજકીય સંગ્રામની સ્થિતિ શરૂ થઇ ગઇ છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનના પ્રમુખ શી જિંગપિંગથી ભયભીત છે. ચીનની સામે મોદી કોઇ નિવેદન કરતા નથી. આના જવાબમાં ભાજપે રાહુલ ઉપર વળતા આક્ષેપ કરતા કહ્યું છે કે, જ્યારે દેશ દુખી હોય છે ત્યારે રાહુલ ગાંધી ખુશ કેમ દેખાય છે તે બાબત સમજાતી નથી. ભાજપે આની સાથે સાથે રાહુલ ઉપર કેટલાક પ્રશ્નો પણ કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, મોદી જિંગપિંગથી ભયભીત દેખાઈ રહ્યા છે. જ્યારે ચીન ભારતની સામે કોઇ પગલા લે છે ત્યારે તેઓ કોઇ નિવેદન કરતા નથી. મોદીની ચીનની રાજનીતિ હળવી રહી છે. ચીનની સામે હળવું વલણ અપનાવી રહ્યા છે. ચીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના પ્રસ્તાવ પર ટેકનિકલી પ્રતિબંધ મુકી દીધો છે. બીજી બાજુ રાહુલ ગાંધીની ઝાટકણી કાઢતા ભાજપના પ્રવક્તા અને કેન્દ્રીયમંત્ર રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, જ્યારે ભારતમાં કોઇ નારાજગી હોય છે ત્યારે રાહુલ ગાંધી ખુશ દેખાય છે. રાજનીતિમાં વિરોધની પ્રક્રિયા જુદી છે પરંતુ આતંકવાદના મામલા પર રાહુલ ગાંધીનું નિવેદન હાસ્યાસ્પદ લાગે છે. ૨૦૦૯માં યુપીએ દ્વારા મસુદ અઝહર પર પ્રતિબંધ મુકાવવાના પ્રયાસ કરાયા ત્યારે પણ ચીને આવું જ વલણ અપનાવ્યું હતું. રાહુલે કોઇ ટિપ્પણી કરી ન હતી. પ્રસાદે એમ પણ કહ્યું હતું કે, રાહુલ ગાંધીના ચીન સાથે સારા સંબંધ છે. ડોકલામના મુદ્દા ઉપર ચીનના રાજદૂત સાથે વાતચીત કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં મસુદ અઝહરના મુદ્દા પર પોતાના સંબંધોનો ઉપયોગ કરીને ચીનને કેમ સમજાવતા નથી.

**રાહુલ ગાંધી ગુજરાતમાં ૧૦ સભા સંબોધશે**

## રાજયમાં કોંગ્રેસમાં ઉમેદવાર પસંદગીની કવાયત વધુ તેજ

અમદાવાદ

લોકસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસમાં ગુજરાતની ૨૬ બેઠકો માટે ઉમેદવારોની પસંદગીની કવાયત તેજ બનાવાઇ છે. નીરીક્ષકોની પેનલ સહિત વિવિધ સમિતિઓ દ્વારા આ અંગેની કાર્યવાહી વેગવંતી બનાવવામાં આવી છે. બીજીબાજુ, લોકસભા ચૂંટણી પહેલાં રાહુલ ગાંધી ગુજરાતમાં દસ જાહેરસભા સંબોધશે. લોકસભાની ચૂંટણીને લઇ ગુ-જરાત કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચારની પ્રક્રિયા પણ બહુ આયોજનબધ્ધ રીતે હાથ ધરાઇ રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના ચૂંટણી પ્રચારના ભાગરૂપે દસ જાહેરસભા સંબોધશે અને રોડ-શો પણ કરશે. ગુજરાતના ચારેય ઝોનમાં રાહુલ ગાંધીની બે-બે જાહેરસભા યોજાશે. રાહુલ ઉપરાંત, પ્રિયકાં, સોનિયા ગા-ંધી સહિતના સ્ટાર પ્રચારકો પણ ચૂંટણી પ્રચારમાં ઉતારવામાં આવશે. દરમ્યાન આજે પાસના યુવા નેતા અને તાજેતરમાં કોંગ્રેસમાં જોડાયેલા હાર્દિક પટેલે આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની હાજરીમાં કોંગ્રેસનું પ્રાથમિક સભ્યપદ માટેનું પાંચ રૂપિયાનું ફોર્મ ભરીને પાર્ટીમાં વિધિવત્ પ્રવેશ મેળવ્યો હતો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ચાવડાએ આ પ્રસંગે હાર્દિક પટેલને પક્ષમાં આવકાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે, હાર્દિક પટેલ કોઇપણ શરત વિના કોંગ્રેસમાં જોડાયા છે અને સભ્ય તરીકે કામ કરવા તૈયાર છે. લોકસભા ચૂંટણીમાં તેમની ભૂમિકા મહત્વની બની રહેશે. હવે કોંગ્રેસ દ્વારા હાર્દિક પટેલને કયાંથી લોકસભા ટિકિટ અપાય છે અને ચૂંટણી જંગમાં કોની સામે ઉતારાય છે તે જોવાનું મહત્વનું બની રહેશે.

### વિચાર વૈભવ...

**રાગ - અનુરાગ**

તમને કોના પ્રત્યે કેવો રાગ છે અને કેવો અનુરાગ છે એ કહી આપે છે કે વ્યક્તિ તરીકે ખરેખર આપે કેવા છો? જેને જેમના પ્રત્યે માયા હોય છે તેમનામાં તેના ગુણો આવવા લાગે છે. તમે જે ઈશ્વરને ભજો છો તો એમના ગુણો તમારામાં આવે છે. જો કોઈ ગુરૂ ધાર્યા હોય એમના ચરિત્રમાં રહેલા સદ્‌ગુણો તમારા વ્યક્તિત્વમાં ધીમી ગતિએ પ્રવેશવા લાગે છે. એવું જ અભિનેતા અને અભિનેત્રીઓનું છે. નાટક ચેટકવાળા કોઈ પાત્રો તમને ગમી જતા હોય તો આવનારા ભવિષ્યમાં એ લક્ષણોનું પણ આપનામાં પ્રદર્શન થવાનો પૂરો સંભવ છે. તમારા રાગ અને તમારા અનુરાગ તમારું ઘડતર કરે છે. તમારું શિલ્પ ઘડે છે. તમારા વિચારોને તમારો અભિગમ જ ઘડે છે, પ્રભાવિત કરે છે. નજર સામે જેવી મૂર્તિ, અંતઃકરણમાં એવા જ સંસ્કારોનો પ્રાદુર્ભાવ!

- ગિજુભાઈ ભરાડ

### સાર સમાચાર...

**ઇમરાન ઉદાર હોય તો મસૂદ ભારતને સોંપેઃ સુષ્મા સ્વરાજ**

ન્યુ દિલ્હી

વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને રોકડું પરખાવી દીધુ છે. તેમણે કહ્યું કે જો તમે એટલા જ ઉદાર હોવ તો આતંકી મસૂદ અઝહરને ભારતને સોંપી દો. વિદેશ પ્રધાને પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારની વાતચીતને ફગાવતા કહ્યું કે જ્યાં સુધી પાકિસ્તાન તેની ધરતીથી સંચાલિત થઈ રહેલા આતંકી સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી ભારત તેની સાથે કોઇ પ્રકારની વાતચીત નહીં કરે. બુધવારે ઈન્ડિયાઝ વર્લ્ડઃ મોદી ગવર્મેન્ટ્સ ફોરેન પોલીસી પર વાતચીતમાં કહ્યું કે પાકિસ્તાને વારંવાર દ્વિપક્ષીય સંબંધોને બરબાદ કરવા પર ઉતારુ થઈ ગયેલા આઈએસઆઈ અને પોતાની સેનાને કાબુમાં લેવાની જરૂર છે. તેમણે કહ્યું કે "જો ઈમરાન ખાન એટલા ઉદાર હોય, અને રાજનેતા હોય તો તેમણે મસૂદ અઝહરને અમને સોંપી દેવો જોઈએ." વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતના પાકિસ્તાન સાથે સારા સંબંધ થઈ શકે છે પરંતુ શરત એ છે કે પાડોશી દેશ, "પોતાની ધરતી પર આતંકી સમૂહો વિરુદ્ધ કાર્યવાહી કરે. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે બુધવારના રોજ કહ્યું કે પુલવામા હુમલા બાદ તેમણે કેટલાંય દેશોને અવગત કરાવી દીધા કે ભારત, પાકિસ્તાનની સાથે સ્થિતિને બગડવા દેવાશે નહીં. પરંતુ એ દેશથી કોઈ પણ હુમલો થયો તો તેઓ ચુપ રહેશે નહીં.

## ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૧નું મોત થતાં ફફડાટ

અમદાવાદ

ગુજરાતમાં કિલર બનેલા સ્વાઈન ફ્લુનો આતંક જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુને કાબુમાં લેવાના તમામ પ્રયાસો હોવા છતાં દરરોજ સ્વાઈન ફ્લુના નવા કેસ નોંધાઈ રહ્યા છે. આજે પણ સ્વાઈન ફ્લુના અનેક મામલાઓ સપાટી ઉપર આવ્યા હતા. સ્વાઈન ફ્લુના કારણે આજે અમદાવાદમાં એકનું મોત થયું હતું. સ્વાઈન ફ્લુને લઈને સત્તાવારરીતે એકના મોતના અહેવાલ આવ્યા છે. બીજી બાજુ અમદાવાદમાં સ્વાઈન ફ્લુથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ છે. અહીં ૧૨૦૦થી પણ વધુ દર્દીઓ સપાટી ઉપર આવી ચુક્યા છે. મોતનો આંકડો પણ ૨૦થી ઉપર પહોંચી ચુક્યો છે. બીજી બાજુ ગુજરાતભરમાં આ વર્ષે સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી ગઈ છે. બુધવાર સુધી જ સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા અઢી મહિનાના ગાળામાં જ ૪૦૭૧ સુધી પહોંચી ગઈ હતી. આજે અમદાવાદમાં એક વ્યક્તિના મોત સાથે મોતનો આંકડો ૧૨૧ ઉપર પહોંચ્યો છે. બુધવારના દિવસે નવા બાવન કેસ સપાટી ઉપર આવ્યા હતા.

**દિયોદર એડીશનલ સેસન્સ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો**

## દિયોદરમાં વિદ્યાર્થીની ઉપર દુષ્કર્મ કેસમાં શિક્ષકને ૧૦ વર્ષની સખત કેદ

**બે વર્ષ અગાઉ શાળાએ જતી વિદ્યાર્થીનીને બાઈક ઉપર બેસાડી ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હતું**

તા.પ્રતિ. દિયોદર

બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકામાં ખળખળાટ મચાવનાર વિદ્યાર્થીની ઉપરના દુષ્કર્મ કેસ મામલામાં આજે દિયોદર અડીશનલ સેસન્સ કોર્ટ મહત્વ પૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં આરોપી ગુરૂ સમાજ શિક્ષકનો ૧૦ વર્ષની સજા ફટકારતા કોર્ટરૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકાના એક ગામમાં શાળાના સમય ઘરેથી નીકળી અભ્યાસ અર્થે શાળાએ જતી એક વિદ્યાર્થીનીને તેની શાળાના ગુરૂ સમાન શિક્ષક ચંદુભાઈ કાવજીભાઈ ભગોરાએ બાઈક રોકી વિદ્યાર્થીનીને લલચાવી ફોસલાવી બાઈક ઉપર બેસાડી અન્ય જગ્યા ઉપર લઈ જઈ સાથે બળજબરી પુર્વક દુષ્કર્મ આચર્યુ હતું. અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેમાં વિદ્યાર્થીનીએ સમગ્ર હકી-કત તેના પરિવાર જનોને જણાવતા પરિવારજનોએ તા.૧૭/૪/૨૦૧૭ ના

અનુસંધાન પાના નં.૬

**કોર્ટમાં 'ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુનો' શ્લોક ગુંજ્યો**

આ બાબતે સરકારી વકીલ ડી.વી.ઠાકોરે જણાવેલ કે શિક્ષક એક જેને ગામડામાં માસ્તર કહેવાય કે જે મા નુ સ્થાન ધરાવે છે. શિક્ષક અને શીષ્ય વચ્ચે પવિત્ર સંબંધ હોય છે. તેમ છતાં માસ્તર જો પોતાની ફરજ પરતે બેદર-કારી દાખવે અને આવા ગંભીર ગુન્હા કરે તો શિક્ષક જગત માટે કલંકરૂપ ઘટના છે. આવા કેસોમાં આરોપીને પુરતી સજા કરી સમાજમાં એક દાખલો બેસાડવો જોઈએ. આમ કોર્ટમાં કોર્ટમાં 'ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુનો' શ્લોક સાથે દલિલો કરવામાં આવી હતી.

## બહુ ચર્ચિત ભાનુશાળી હત્યા કેસમાં છબીલ પટેલની ધરપકડ કરાઈ

અમદાવાદ

ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની જાન્યુઆરી-૨૦૧૯માં ચાલતી ટ્રેનમાં પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હત્યા કરવાના ચકચારભર્યા કેસમાં વિદેશ ભાગી ગયેલો અને મુખ્ય સૂત્રધાર આરોપી છબીલ પટેલ આજે વહેલી સવારે નાટયાત્મક રીતે અમદાવાદ એરપોર્ટ પરથી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ)ના હાથે ઝડપાઈ ગયો હતો. જો કે, છબીલ પટેલની આટલા ગંભીર ગુનામાં સંડોવણી છતાં અને તે વિદેશ ભાગી ગયો હતો છતાં ૬૬ દિવસ બાદ આ રીતે કેમ અચાનક પોલીસ સમક્ષ સામેથી શરણાગતિ સ્વીકારી લીધી તેને લઈને હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. છબીલને પોલીસના શરણે થવામાં ગુજરાતના અને હાલ કેન્દ્રમાં સ્થાન જમાવી બેઠેલા એવા કેન્દ્રના મોટા નેતાએ સમગ્ર ઓપરેશન પાર પાડયું હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળીની ચાલતી ટ્રેનમાં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. હત્યાનું કાવતરું રચવાનો આરોપ અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને રાજકીય હરીફ છબીલ પટેલ અને મનીષા ગોસ્વામી પર લાગ્યો હતો.

**માતા બની પ્રેમમાં પાગલ તો પિતા બન્યો નિષ્ઠુર..**

# ચાર વર્ષની બાળકીએ ઇડર પોલીસ સ્ટેશનમાં રાત વિતાવી

**રાત્રે હાઈ વોલ્ટેજ ડ્રામા, પરિણીતાને ભગાડી જનાર યુવકના સગાને માર માર્યો : પોલિસે ટોળાને વિખેરવા હળવો લાઠીચાર્જ કર્યો : ઘાયલને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા**





અરવલ્લી

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે એક અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો. જેમાં એક ૪ વરસની દીકરીને પ્રેમમાં માતાએ તરછોડી તો પિતા પણ નિષ્ઠુર બન્યો. જેના કારણે ૪ વરસની ઉર્વીને રાત ઈડર પોલીસમાં વિતાવવી પડી હતી.

હિંમતનગર તાલુકાના રાજપુર ગામના સચિનભાઈ પટેલના લગ્ન બાજુના ગામમાં સમાજના રીતિ રિવાજ મુજબ દર્શનાબેન પટેલ સાથે થયેલા જેને લાઈ એક દીકરીનો જન્મ થયો હતો. જે આજે ૪ વરસની છે અને તેનું નામ ઉર્વિ છે દર્શનાબેન પટેલને ઈડર તાલુકાના સાદતપુરા ગામના પીનાકીન દિનેશભાઇ પટેલ નામના યુવક સાથે પ્રેમ થઈ જતાં પ્રેમમાં પાગલ બની ગત ૨૧ તારીખે મૈત્રી કરાર કરી ભાગી ગઈ દીકરીને તરછોડી પ્રેમી સાથે ભાગી ગઈ. સમાજના લોકોએ સામાજિક રીતે ખુબજ પ્રયત્નો કર્યા પણ સમાધાન ન થયું. જેની ફરિયાદ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જેને લઈ પોલીસે તપાસ હાથ ધરી હતી.

બે દિવસ અગાઉ બંને પ્રેમી પંખીડા અચાનક ઈડર પોલીસ સ્ટેશનમાં હજાર થાય ઈડર પોલીસે હિંમતનગર પોલીસને જાણ કરાયો હિંમતનગર પોલીસે માત્ર જવાબ લઈ બંનેને છોડી છોડી દીધો. પરિવારને મળવાનો સમયના આપતો રોસે ભરાયેલો પટેલ સમાજ ગઈકાલે ૪ વરસની ઉર્વીને લઈ ભગાડી જનાર પીનાકીનના પિતા દિનેશભાઇને સોપી દેતા યુવકના પિતા દીકરી સાથે ઈડર પોલીસનું સરણું લીધું. જેને લાઈ રાજપુરનો પટેલ સમાજ ઈડર પોલીસ સ્ટેશન ખાતે ઉતરી આવ્યો અને અને દર્શનાને મળવાની કરી રજુઆત ૪ વરસની ઉર્વિ પોલીસ સ્ટેશનમાં આવતો પોલીસ મુંઝવણમાં મુકાઈને ઉર્વિની સાર સંભાળમાં લાગી ગઈ હતી.આ સમય દરમિયાન રાજપુર ગામના પટેલસમજ ઈડર પોલિસ સ્ટેશન આવી પહોંચ્યો હતો પરિવારે આક્ષેપ કર્યો હતો કે પોલીસે દર્શનાને નારી કેન્દ્ર મો મૂકવાને બદલે સુરક્ષિત રાખવા પોલીસે સાંઠ ગોઠ કરી છે તેવામો મોડી રાતે દર્શના ના પરિવાર જાણો એ ભગાડી જનાર યુવકના સાગાને માર માર્યો હતો જ જેને લાઈ પોલીસે ટોળાને વિખેરવા હળવો લાઠી ચાર્જ કર્યો હતો ગાયલ ને સારવાર માટે ૧૦૮ બોલાવી સારવાર અર્થે દવાખાને મોકયા હતા આખી રાત હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.કારણ જે પણ હોય ૪ વરસની ઉર્વી વગર ગુનાએ ઈડર પોલીસ સ્ટેશનની મહેમાન ગતિ કરી સવારે ભગાડી જનાર યુવક ના પિતા દીકરીને સદાતપુરા ગામે લાઈ ગયા હતા હજુ પણ મામલો ગૂંચવાયેલો છે આજે સમાજ દ્વારા કોઈ પગલાં લેવામો આવે તેમ છે.

## ભાજપ બંગાળમાં મમતાને મોટો પડકાર ફેંકવા તૈયાર

નવી દિલ્હી

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષો પોત પોતાની તૈયારી અને વ્યુહરચના ઘડવામાં લાગી ગયા છે. આ વખતની ચૂંટણી પશ્ચિમ બંગાળમાં મુખ્યપ્રધાન મમતા બેનર્જીના નેતૃત્વમાં ટીએમસી માટે પણ પડકારરૂપ રહી શકે છે. કારણ કે ભાજપની તાકાત દિન પ્રતિદિન વધી રહી છે. આના માટે કારણ એ છે કે પાર્ટી પ્રમુખ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આક્રમકરીતે બંગાળમાં ધ્યાન આપ્યુ છે. અનેક કાર્યક્રમ સતત યોજયા છે. મમતા બેનર્જી પોતે પણ માનવા લાગી ગયા છે કે ભાજપની સ્થિતી મજબુત થઇ રહી છે અને તે પડકાર ફેંકી શકે છે.

### ગતકડું....

- દેવન વ્યાસ



પહેલાં ટીકીટ માટે તો લડી લો, પછી ચૂંટણી લડવાનું વિચારજો !

જન્મદિવસ પાર્ટી, કીટ્ટી પાર્ટી, લગ્ન પ્રસંગ, રીંગ સેરેમની, ગેટ ટુ ગેધર, બીઝનેસ કોન્ફરન્સ માટે
૧૦૦૦ ફૂટ નો પિલ્લર વગરનો હોલ
શ્રી કુંજ કોમ્યુનીટી હોલ



સુવિધાઓ :-
★ રસોડુ, સંડાસ, બાથરૂમ સાથે
★ સ્ક્રીન અને પ્રોજેક્ટર સ્પીકર સાથે
★ ૨૪ કલાક પાણી - લાઈટની સુવિધા
★ સંપૂર્ણ એર કંડીશન હોલ
શહેરની મધ્યમાં તમામ જાણીતા સ્થળોથી તદ્દન નજીક
સંપર્ક : ૧૭, પ્રથમ માળે, શુકન બંગ્લોઝ, શ્રીજીધામ હવેલી સામે, ગુલબાણી નગર ભાગ-૨, ગાયત્રી મંદિર રોડ, ડીસા
મો.૯૮૨૪૨૭૩૦૫૬

CMYK

**સૂર્યોદય - ૬.૫૧ સૂર્યાસ્ત -૬.૪૮**

## તિથિદર્શન
ફાગણ સુદ-૯ શુક્રવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૦,નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈનસંવત ૨૫૪૫ ફાગણ સુદઃ નોમ શુક્રવાર નક્ષત્ર:આદ્રા રાત્રે ૩.૪૪ પછી પુનર્વસુ યોગ : આયુષ્ય કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### વિપનૌ કિં વિષાદેન સંપતૌ હર્ષણેન કિમ્ ભવિતવ્યં ભવત્યેજ કર્મણામીદશી ગતિઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘નસીબનો મહિમા’નો આ શ્લોક છે:

‘આપત્તિ આવે ત્યારે ખેદ- શોક, દુઃખ વ્યક્ત કરવાથી શું? અને ધન- સંપત્તિ આવતાં હર્ષ પામવાથી શું? જે કાળે, જે કંઈ થવાનું હોય કે ન થવાનું હોય તે તે મુજબ થયા કરે છે. કર્મોને ગતિ- ન્યાય જ એ પ્રકારનો છે.’કેટલીય વાર આપણે કરેલી કલ્પના આયોજન - વિચારણા પ્રમાણે એવી ઘટના કે સફળતાઓ મળતી નથી અને ધાર્યા કરતાં વિપરીત જ પરિણામો આવતાં હોય છે, પરિણામે માણસ દુઃખ અને હતાશા સાથે ભાંગી પડે છે. તો વળી કેટલીક વાર દુઃખ અને આપત્તિમાં ભાંગેલો માણસ બધી બાબતે નિરાશ થઈ હારી ગયો હોય છતાં અચાનક કોઈ એવી સહાય મળી જાય કે જેના વિશે ધાર્યું- વિચાર્યું પણ ન હોય અને અચાનક કલ્પનાથી વિશેષ સિદ્ધિ- સફળતા પ્રાપ્ત થઈ જાય છે. આમ, આપત્તિ- નિષ્ફળતામાં હતાશ થઈ દુઃખી થવાનો કોઈ અર્થ નથી અને સુખ- સંપત્તિની સફળતામાં ખુશ- ખુશાલ થઈ બહેકી જવાનો કોઈ અર્થ નથી; કારણ કે બધું ભાગ્યવશ જ થયા કરે છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવડે. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે..**
**વૃષભ : (બ.વ.ઉ.)ધાર્મિક કાર્યોમાં ધન વપરાય. આનંદ ઉત્સાહમાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. આરોગ્ય અંગે સાવચેત રહેવું..**
**કર્ક : (ડ.હ.) નોકરી-ધંધાના કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસના યોગ છે.**
**સિંહ : (મ.ટ.) ગૃહસ્થીજીવનમાં મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.) કાર્યબોજમાં હળવાશ અનુભવાય. વડીલ વર્ગથી લાભ મળે.**
**તુલા : (ર.ત.) કૌટુંબિક સમસ્યામાં વધારો થાય. સામા પ્રવાહમાં ચાલતા હોઇએ તેવું અનુભવાય.**
**વૃશ્ચિક :(ન.ય.) જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા સતાવે. વ્યર્થ દોડા-દોડી રહે.**
**ધન : (ભ.ફ.ધ.) નિરાશામાંથી મૂક્ત થઇ શકશો. નવિન પ્રવાસનું આયોજન થાય.**
**મકર : (ખ.જ.) હિતશત્રુઓથી સાવધ રહેવું હિતાવહ. સ્વમાન ભંગ ન થાય તે જોવું..**
**કુંભ : (ગ.શ.સ.) નવિન કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. આકસ્મીક લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) મનની મૂંઝવણમાં વધારો થાય. કાર્યબોજમાં વધારો થાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

રોમના સરમુખત્યાર, ગોલ પ્રદેશના મહાન વિજેતા ઈતિહાસકાર, રોમના લોકપ્રિય અને સુધારક જુલિયસ સીઝરની પુણ્યતિથી છે. એમનો જન્મ ઈ.સ. પૂર્વે ૧૦૦્માં થયો હતો. સીઝરનો ગોલવિજય તેમની કારકિર્દીનો સૌથી મહત્વનો બનાવ છે. બધા મળીને કુલ આઠ આક્રમણો કરીને તેમણે ગોલ પ્રજા પર સંપૂર્ણ વિજય મેળવી રોમન સામ્રાજયમાં ઉત્તરની જંગલી, ઝનુની અને અર્ધસભ્ય જાતિઓના ભયમાંથી મુકત કર્યું. ખુબ જ ઓછા સમયમાં સીઝરે વિશાળ રોમન સામ્રાજયમાં મજબુત વહીવટી તંત્રનો પાયો નાખ્યો, જે તેમના મૃત્યુ પછી લગભગ ૩૦૦ વર્ષ ટકી રહ્યો. આ મહાન વિજેતાનું ૧૫-૩ ઈ.સ. પૂર્વે ૪૪ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬
**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી
દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૯૩૫૯૫૫૫૧૦૮

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પ્રોઇન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## તા.૧૫.૦૩.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૧૪૧૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૧૪.૦૩.૨૦૧૯ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૩૮૭ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૪૧૪ પોઈન્ટના પ્રથમ અને ૧૧૪૪૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૩૬૦ પોઈન્ટ થી ૧૧૩૪૩ પોઈન્ટ, ૧૧૩૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૪૧૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૧૪.૦૩.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૯૦૨૪ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૯૧૭૧ પોઈન્ટના પ્રથમ અને ૨૯૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૮૯૩૯ પોઈન્ટ થી ૨૮૮૮૦ પોઈન્ટ, ૨૮૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૯૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**એશિયન પેઈન્ટ (૧૪૪૪) :- પેઈન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૦૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૬૨ થી રૂ.૧૪૭૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૪૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**સીએટ લિ. (૧૧૪૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૧૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૫૭ થી રૂ.૧૧૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ઓરબિન્દો ફાર્મા (૭૮૨) :- રૂ.૭૬૭ નો પ્રથમ તેમજ રૂ.૭૬૦ ના બીજા સપોટ-’થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૯૩ થી રૂ.૭૮૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ઇન્ફોસિસ (૭૧૨) :- ટેક્નોલૉજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૨૩ થી રૂ.૭૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૮૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૫૩૬) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૪૪ થી રૂ.૫૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ડિવિસ લેબ (૧૭૦૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૭૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૮૬ થી રૂ.૧૬૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૮૨) :- રૂ.૧૭૦૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૭૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૬૭૦ થી રૂ.૧૬૬૨ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૭૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**કોટક બેન્ક (૧૨૭૬) : બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૦૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૨૬૦ થી રૂ.૧૨૪૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એક્સિસ બેન્ક (૭૪૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૩૦ થી રૂ.૭૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૭૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૬૩૧) :- રૂ.૬૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૧૭ થી રૂ.૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૭૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# અધગામના મોતીસરીયા હનુમાનજીને મળીદા-ચુરમાનો પ્રસાદ અર્પણ કરાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના અધગામ મુકામે દરવર્ષની જેમ ચાલુ સાલે ફાગણ સુદ સાતમને બુધવારના દિવસે મોતીસરીયા હનુમાનદાદાના મંદિરે સાંજના સુમારે સમગ્ર ગામલોકો દ્વારા મળીદાનો ભવ્ય કાર્યક્રર્મ રાખવામાં આવે છે. સાંજે ભજન સત્સંગ પણ યોજાય છે. મોતીસરીયા હનુમાનદાદાનો મહિમા ચોમેર ફેલાયેલ છે. જે કળીયુગમાં શ્રધ્ધા રાખનારને ઈચ્છીત ફળની પ્રાપ્તિ કરાવનાર હોઈ સૌની આસ્થાનુ કેન્દ્ર છે. મંદિરનુ બાંધકામ અને પ્રાણપ્રતિષ્ઠા ૧૯૮૪ માં ગામલોકોએ ઉત્સાહ અને ધામધુમથી કરેલ છે.આજથી પાંચસો વર્ષ પહેલાં અધગામ તે જગ્યા ઉપર વસવાટ કરતુ ગામ હતુ. પરંતુ કોઈ કારણવશ હાલની જગ્યા ઉપર અધગામના લોકોએ વસવાટ કરેલ હોવાનુ જાણવા મળેલ અને હનુમાનજીની પ્રતિમાને પણ સ્થળાંતર કરાવવા ગામ લોકોએ પ્રયત્નો કરેલા પણ મુર્તિ ત્યાંથી સહેજ પણ ના ખસતાં લોકોએ ત્યાં રહેવા દિધેલી અને ત્યાં ગાઢ જંગલ જેવો વિશાળ વિસ્તાર અને જાળાં અને વૃક્ષોના ઝુંડ વચ્ચે હનુમાનજીની પુજા લોકો કરતાં રહ્યા આજે પણ આ વિસ્તારમાં લોકો વસવાટ કરતાં હોવાના પુરાવારુપે જુની ઈંટો,પત્થર વગેરે ખોદકામ કરતાં મળી આવે છે. જે પાછળથી મંદિરનુ નિર્માણ કરી પ્રતિષ્ઠા કરેલી. જ્યાં તાજેતરમાં મોતીસરીયા નગર બનાવી લોકોએ વસવાટ કરેલ છે અને બાજુમાં મોતીસર પ્રાથમિક શાળા પણ બનાવેલી છે. અહીંથી પસાર થતી સગર્ભા બહેનોએ તેમના બાળકના વડા કરવા પડે છે. તેમજ ગાય કે ભેસના પાડા-પાડી કે વાછરડા-વાછરડીના ગોરસા સ્વરુપે દહી ચડાવવુ પડે છે. તેમજ આ વિસ્તારના ખેડુતો દર વર્ષે પોતાના ખેતરનો પાક હેમખેમ ઘેર પહોચાડયા પછી વડાં કરવાં પડે છે. પરંતુ આ ફાગણ સુદ સાતમનો તહેવાર ગામ લોકો સહિયારો ઉજવે છે.

જેમાં ઘઉંના લોટને ઘીમાં શેકવામાં આવે છે. ત્યારબાદ તેમાં ગોળ ઉમેરી છુટુ ચુરમુ બનાવે છે. જેને મલીદો કે લોક બોલીમાં મળેદો કહે છે.જે ખુબજ સ્વાદિષ્ટ હોય છે. લોકો આ પ્રસાદ લેવાનુ ચુકતાં નથી. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. અહીં મંદીરના પુજારી તરીકે અમરતભાઇ જોષી અવિરત સેવા આપી રહ્યા છે.

# પુલવામાં આતંકી હુમલાના શહીદોની પ્રથમ માસિક પુણ્યતિથિએ તિથિ ભોજન



સંજય જોષી

પાલનપુર

પુલવામાં આંતકી હુમલામાં દેશના ૪૦થી વધુ જવાનો શહીદ થયા હતા. જે શહીદોની પ્રથમ માસિક પુણ્યતિથિ એ પાલનપુર ખાતે શાળાના બાળકોને તિથિ ભોજન આપી ભાવભીના શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા.

પુલવામાં આંતકી હુમલાના શહીદોની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે પાલનપુરના હનુમાનટેકરી સ્થિત શ્રી ગણેશ યુવક મંડળ દ્વારા ચાણક્યપુરી પ્રાથમિક શાળાના તમામ વિધાર્થીઓને તિથિભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે દરેક વિધાર્થીઓને પગમાં પહેરવા માટે ચપ્પલ આપવામાં આવ્યા હતા. ઉપરાંત શહીદોની આત્માની શાંતિ માટે ૨ મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમૂલ્ય યોગદાન આપી બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપના મહામંત્રી સાગરભાઈ જાની, પરેશ જોશી, સંજયસિંહ પવાર, નિલેશ ચૌહાણ, ગણેશકાકા, વાઘેલા કાકા (જી.ઈ.બી), જસવંત ચૌહાણ,કેતન ચૌધરી,ચિરાગ પ્રજાપતિ,દિનેશ ચૌધરી અને ઠાકુરદાસ(પવન ફૂટવેર)એ સફળ બનાવ્યો હતો.

# બાબરિયા કોલેજમાં આહવાન ઓગણિસ કાર્યક્રમ યોજાયો

વડોદરા

શહેરના વરણામા નજીક આવેલી બાબરિયા કોલેજના આહવાન ૧૯ કાર્યક્રમમાં ૨૧થી વધુ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વડોદરા જીટીયુ ઝોન-૩ સાથે સંલગ્ન ડિગ્રી એન્જિનિયરિંગ, એમબીએ તથા ફાર્મસી તદ્ઉપરાંત સંસ્થાઓનો ટેકફેસ્ટ આહ્વાન ૨૦૧૯ તા.૮ અને ૯ માર્ચના રોજ શહેર નજીક આવેલી બાબરિયા કોલેજ ખાતે યોજાયો હતો. ભવિષ્યના ૨૧થી વધુ કોલેજના ૧૮૦૦થી વધુ એન્જિનિયરિંગ, ફાર્મસી તથા એમબીએના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ સમાજોપયોગી પ્રોજેકટો રજૂ કરી પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યુ હતું.

તેમાં સોલાર સ્પ્લેસ લેઝર વોરફેર ૩.૦, વેબ એ થોન, કેમ ઈ ડ્રાઈવ, રિચર્સ ટુ રેવન્યુ ફાર્મા પોસ્ટર અને એન્ટરપ્રેન્યોરશિપ, આઈડિયાયોન જેવી ટેકનિકલ ઈવેન્ટ તદ્ઉપરાંત ક્વિઝઓ મેનિયા, એડ મેડ શો, વોલ સ્ટ્રીટ રીલ ટુ રિયલ જેવી નોન- ટેકનિકલ સ્પર્ધા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયું હતુ . જીટીયુ ઈનોવેશન કાઉન્સિલર તરફથી વિવિધ પ્રકારના ઉદ્યોગોમાં પડતી તકનીકી મુશ્કેલીઓનું વિદ્યાર્થીઓ દ્વારા નિવારણ લવાયું હોય તેને લગતું પ્રદર્શન પણ યોજાયું હતું.

# ઉમરા જૈન સંઘના ઉપક્રમે દિક્ષા મહોત્સ સંપન્ન



વસંત બારોટ

સુરત

શ્રી ઉમરા જૈન સંઘના ઉપક્રમે ચાલી રહેલો સંયમ સફર દીક્ષા મહોત્સવના ચોથા દિવસે સંયમ સફર વાટીકામાં દીક્ષા દાનેશ્વરી આ.ગુણરત્ન સૂરી, આ. યશો -રવિ-રશ્મિ-સંયમ- મુનિશરત્ન સૂરી મ.સા.આદિ વિશાળ ૩૦૦ સાધુ સાધ્વીજી ભગવંતની નિશ્રામાં વહેલી સવારે પરોઢીયે મુમુક્ષુ દ્રષ્ટીકુમારી અને પૂજાકુમારી સંયમ સફર વાટીકામાં પ્રવેશ કરતા હજારો ભાવિત થયેલા ભાવિકો મુમુક્ષુઓને સોનાના,ચાંદીના ફુલો અને ચોખાથી વધાવ્યા હતા. ત્યાર પછી પ્રભુના સાનિધ્યમાં દીક્ષા દાનેશ્વરી ગુરૂદેવશ્રી એ મંગલ ઘડીએ મંગલ સંયમની ક્રિયા કરાવી પછી. મુમુક્ષુઓએ અંતિમ દ્રવ્યપૂજા, ફુલપુજા અને આભુષણ પુજા કરી અને અંતિમ વિદાયતિલક કરી બંને મુમુક્ષુઓ ગુરૂ ભગવંત પાસે દીક્ષા લેવા માટેના માત્ર આદેશ માંગ્યા.

મમ મુંડાવેહ મમ પવ્વાવેહ, મમ વેશં સમપ્પેહ

હે ગુરૂદેવ મારા વિષય કષાયોનું મુંડન કરો

હે ગુરૂદેવ મને રજોહરણ અર્પણ કરો

હે ગુરૂદેવ મને ચંદનબાળાનો વેશ અર્પણ કરો ત્યારે ૪૨૩ દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરી મહારાજાએ ૪૨૪ અને ૪૨૫ મુ.રજોહરણ અર્પણ કર્યું ત્યારે મુમુક્ષુ મન મુકીને નાચ્યા, હજારો ભાવિકો ભાવવિભોર બન્યા મારા ભવોભવના ફેરા ટળ્યા ત્યારે સંયમ સફર વાટીકામાં હજારો ભાવનાથી ભીંજાયા.ત્યાર પછી જયાં બંને નૂતન દીક્ષીત ચંદનબાળાનો વેશ ધારણ કરીને આવ્યા ત્યાં હજારો માણસોએ ચોખાથી વધાવતા વધામણી કરી પછી સંયમની શુભ ક્રિયા શરૂ કરી. ત્યાર બાદ લોચની ક્રિયા થઈ પછી નામકરણ આવ્યું. મુમુક્ષુ દ્રષ્ટીકુમારી બન્યા સા.શ્રી જ્ઞાતનિ ધિરેખાશ્રીજી, મુમુક્ષુ પૂજાકુમારી બન્યા સા.શ્રી પુણ્યનિધિરેખાશ્રીજી.

આવતીકાલે તા.૧૪ માર્ચના રોજ માલવાડા પરિવારના ગૃહઆંગણે નૂતન દીક્ષીતનાં પગલાં થશે અને ૯ વાગે સાધ્વી પુષ્પલતાશ્રીજી મ.સા.ના પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે અનુષ્ઠાન થશે અને બપોરે ૨ વાગે શ્રાવિકા ઉપાશ્રયમાં ગુરૂગુણ સંવેદના થશે.

# મુમુક્ષુ આકાશ (સી.એ.) મુનિ શ્રી અજયશેખર વિજય બન્યા

મુંબઈ

મુલુન્ડ (વે.)ઝવેરરોડ જૈન સંઘ ઉપક્રમે કાલીદાસ ગ્રાઉન્ડમાં આચાર્ય રાજેન્દ્રસૂરીજી, આ.અભયશેખર સૂરીજી આદિ શતાધિક સાધુ સાધ્વીજીની પાવન નિશ્રામાં મુમુક્ષુ આકાશભાઈ (સીએ)એ પૂ.ગુરૂદેવશ્રીને વિનંતી કરી કે, ‘મારા મસ્તકનું મુંડન કરો, મને દીક્ષા આપો, મને સાધુવેશ આપો’ ત્યારે હજારોની મેદનીએ મુમુક્ષુ આકાશની હિંમતને લાખ લાખ ધન્યવાદ આપ્યા હતા. પૂજ્યશ્રીના હાથે રજોહરણ (ઓઘો) મળતાં આકાશે મન મુકીને નૃત્ય કર્યું હતું. ‘દીક્ષાર્થી અમર રહો’ ના જયઘોષથી મંડપ ગાજી ઉઠયો હતો.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, જૈન દીક્ષા એટલે નાના પરિવારને છોડીને વિશ્વને પરિવાર બનાવવાની પ્રક્રિયા. વિશ્વના તમામ જીવોને અભયદાન આપવાનો ભિષ્મ સંકલ્પ, આત્મામાંથી કામ ક્રોધાદિ, કષાયોને ખેંચવાના પ્રતિક રૂપે લોચ કરવામાં આવ્યો હતો. સકળ સંઘના સેંકડો ભાઈ બહેનોએ નૂતન મુનિને અક્ષતથી ખોબલે ખોબલે વધાવ્યા હતાં. મુમુક્ષુ આકાશભાઈના સંસારી નામને કેન્સલ કરીને નૂતન મુનિનું નામ મુનિશ્રી અજયશેખર વિજયજી જાહેર કરાતાં લોકોએ હર્ષની હેલીથી જય બોલાવી હતી. મુલુન્ડ સંઘના ટ્રસ્ટીવર્ય, સીમંધર મંડળના યુવાનોએ દીક્ષા કાર્યક્રમને સફળ પાર પાડયો હતો.

## શુભ લગ્ન

- ડીસા નિવાસી હસમુખલાલ ડાહ્યાલાલ કોરડીયાના સુપુત્ર ચિ. પક્ષાલના શુભ લગ્ન શૈલેષકુમાર જયંતિલાલ દેસાઇની સુપુત્રી ચિ. નેન્સી સાથે તા. ૦૮/૦૩/૨૦૧૯ને શુક્રવારના રોજ ધામધૂમથી યોજાયા હતા.
- ડીસા નિવાસી હસમુખલાલ મફતલાલ વેદલીયાના સુપુત્ર ચિ. અક્ષતના શુભ લગ્ન દિનેશભાઇ અમુલખભાઇ બલુની સુપુત્રી ચિ. જૈની સાથે તા. ૦૮/૦૩/૨૦૧૯ ના રોજ ધામધૂમથી યોજાયા હતા.
- ડીસા નિવાસી (વતન દાંત કરોડી) મહેશભાઇ લલ્લુશંકર જોષીના સુપુત્ર ચિ. ડૉ. મયુરના શુભ લગ્ન યોગેશભાઇ ચંદુલાલ રાવલની સુપુત્રી ચિ. માધવી સાથે તા. ૨૪/૦૨/૨૦૧૯ ના રોજ ધામધૂમથી યોજાયા હતા.
- લાખણી નિવાસી (હાલ-અમદાવાદ) શૈલેષકુમાર બાબુલાલ મોરખીયાના સુપુત્ર ચિ. સંયમના શુભ લગ્ન મોટીપાવડ નિવાસી (હાલ-સુરત) અમરતલાલ શાંતિલાલ શેઠની સુપુત્રી ચિ. જીનલ સાથે તા. ૦૮/૦૩/૨૦૧૯ ના રોજ ધામધૂમથી યોજાયા હતા.
- પાલનપુર નિવાસી પ્રકાશભાઇ સોમાભાઇ પ્રજાપતિના સુપુત્ર ચિ. શનિના શુભ લગ્ન અમદાવાદ નિવાસી પ્રભુભાઇ મંછાભાઇ પ્રજાપતિની સુપુત્રી ચિ. અલકા સાથે તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ ધામધૂમથી યોજાયા હતા.
- સુરત નિવાસી શેઠ સુરેશકુમાર ખુબચંદભાઇની સુપુત્રી ચિ. દીક્ષાના શુભ લગ્ન રસીકલાલ ઈશ્વરલાલ વોહેરાના સુપુત્ર ચિ. કેયુરકુમાર સાથે તા. ૦૩/૦૩/૨૦૧૯ ના રોજ ધામધૂમથી યોજાયા હતા.

# ખરડોસણ ખાતે જમીન મામલે બે પરિવાર વચ્ચે મારામારી

ડીસા

ડીસા તાલુકાના ખડોસણ ગામના એક સમાજના બે પરિવાર વચ્ચે મામલો બિચકતા મારામારી સર્જાઈ હતી ઘટના બાદ બંને પક્ષે સામસામે સાત શખ્સો વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથક ફરિયાદ નોંધાવા પામી હતી.

ડીસા તાલુકાના ખરડોસણ ગામે એક સમાજના બે કુટુંબ વચ્ચે મામલો વણસતા મારામારી સર્જાઈ હતી જોકે સમગ્ર મામલો ડીસા તાલુકા પોલીસ મથકે પહોંચ્યો હતો ફરિયાદી મુકેશભાઈ મોહનભાઈ રબારી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની માલિકીનું ખેતર ડાયાભાઈ જોશીને વેચેલ હતું. તે ખેતરમાં ઈલેક્ટ્રીક બોર્ડ ફિટ કરવા જતા તેમના જ ગામના મોતીભાઈ બાબુભાઈ દેસાઇ ,ડાયાભાઈ બાબુભાઈ દેસાઈ તથા જીગરભાઈ બાબુભાઇ દેસાઇ તેમની પાસે આવી કહ્યું હતું કે આ હરિ બાપા નું ખેતર તમે વેચેલ છે તેમાં અમને ભાગ આપો તેમને સંતાનમાં કોઈ ન હતું જેથી તારા પિતાને ખોળે લીધેલ છે જેમાં અમારા પિતાનો પણ ભાગ છે જેથી આ જમીનમાં અમને ભાગ આપવો પડશે જોકે મુકેશભાઈ મોહનભાઈ રબારી દ્વારા આ જમીનમાં તમારું કોઈ નામ નથી તો તમને શું કામ ભાગ આપૂ તેઓ જવાબ અપાતા ત્રણેય શખ્સોએ ધાર્યું તલવાર અને ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી બાદમાં ઘાયલોને સારવાર અર્થે ડીસા સિવિલ ખસેડાયા હતા. જ્યારે સામે પક્ષે જીતેશભાઈ બાબુભાઈ નાગોસ ( રબારી) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ તથા તેમના ભાઈ મોતીભાઈ જુનાડીસા પાસે આવેલ ખેતરમાં કામ કરતા હતા આ દરમિયાન ખડોસણ ગામ ના જ મુકેશભાઈ મોહનભાઈ રબારી ભુરાભાઈ મોહનભાઈ રબારી પાંચાભાઇ હરિભાઈ રબારી તથા કિર્તીભાઈ જોશી તેમની પાસે આવી અપશબ્દો બોલ્યા હતા. અપશબ્દો બોલવાની ના પાડતાં તમામ ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો માર માર્યો હતો ઉપરાંત મુકેશ મોહનભાઈ રબારીએ તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી ઉપરાંત પાંચાભાઇ રબારીએ વાસી વડે માર મારતા તેઓને ઈજા પહોંચી હતી બાદમાં તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી પલાયન થઈ ગયા હતા.

# ભાભરમાં પીએસઆઈનો વિદાય અને સત્કાર સમારંભ યોજાયો



વિક્રમસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

ભાભર પોલીસ સ્ટેશનમાં ગઈકાલે રાત્રે બદલી થયેલ પીએસઆઈને વિદાય અને નવા આવેલ પીએસઆઈને આવકાર આપતો સમારંભ યોજાયો હતો. ભાભર પોલીસ સ્ટેશનમાં છેલ્લા અગિયાર માસથી ફરજ બજાવતા પી.એસ.આઇ એસ.એસ. રાણાની બદલી ડીસા ખાતે થતા તેમનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. તેમજ ભાભર પોલીસ સ્ટેશનમાં નવા આવેલ પીએસઆઇ અલ્પેશ રબારીને આકારવાનો સમારંભ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ દિયોદર ડી.વાય.એસ.પી ચૌધરીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો. જેમાં શિહોરી સી.પી.આઈ. મિશ્રા, શિહોરી પી.એસ.આઇ રાઠવા, દિયોદર પી.એસ.આઇ સોલંકી અને ભાભર સેકન્ડ પીએસઆઇ સી.ટી. દેસાઈ અને સ્ટાફ હાજર રહ્યો હતો. તેમજ ભાભર તાલુકાના વિવિધ સંગઠનોના અગ્રણીઓએ હાજર રહી બદલી પામેલ પીએસઆઇને વિદાય આપી હતી અને નવા આવેલ પીએસઆઇ રબારીને આવકાર્યા હતા.

બંનેનું સામાજિક આગેવાનોએ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે બલોધણ ગોગા મહારાજના ધામનાં ભુવાજી દિનેશભાઈ દેસાઈ, ખારા ગામના અમરાભાઇ દેસાઈ, કટાવના ગણેશભાઈ પટેલ, ભાભરના કલ્પેશભાઈ ઠક્કર, ઉજજનવાડા સંરપંચ, મેરા સંરપંચ, જાસનવાડા સંરપંચ સરતાનભાઈ દેસાઈ, સહિત મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાઘજીભાઈ દેસાઈ ચીચોદરા એ કર્યું હતું.

# વાવની ધરાધરા પ્રા.શાળામાં બિસ્કીટનું વિતરણ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

મુળ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગઢોડા ગામના વતની રોહીતભાઈ પટેલ, ગાયત્રીબેન પટેલ, વાવ તાલુકાની ધરાધરા પે.કેન્દ્ર શાળાની ગંગાસર ધનકપુરા પે.કેન્દ્ર શાળામાં પોતાની પ્રથમ ફરજ દરમ્યાન હાજર થયા હતા.શિક્ષકે પોતાની પિતાની પુણ્યતિથિ નિમિત્તે ધરાધરા પ્રા.શાળાના બાળકોને ૪૫૦ પારલે બિસ્કીટનું વિતરણ કરી બે મીનીટ મૌન પાળી સદ્ગતને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

# મુલુન્ડ ઝવેર રોડ જૈન સંઘમાં યહી હૈ રાઈટ ચોઈસ રવિવારે વન-ડે યુવા શિબિર

મુંબઈ

મુલુન્ડ (વે.) ઝવેર રોડ જૈન સંઘમાં શ્રમણી ગણ નાયક આચાર્ય અભયશેખર સૂરીજીની પાવન નિશ્રામાં તા.૧૭ માર્ચ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ ૧૫ થી ૩૫ વરસના યુવા યુવતીઓ માટે ‘યહી હૈ રાઈટ ચોઈસ’ વિષય ઉપર વન-ડે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. એન્ટ્રીપાસ શ્રીસંઘની ઓફિસ ઉપરથી પ્રાપ્ત થશે.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, માનવ જીવન સફળ કરવા માટે રાઈટ ચોઈસ ખુબ જ મહત્વનું ફેકટર છે. આજના યુવાનો બહારના રેપર જોઈને વસ્તુની ચોઈસ કરતાં હોય છે. જયારે ખબર પડે કે રેપર સારૂં હતું પરંતુ માલ બોગસ નીકળ્યો ત્યારે હતાશ ડીપ્રેશન થઈ જાય છે. વન-ડે શિબિરમાં આચાર્ય અભયશેખર સુરીજી, મુનિ જગતશેખર વિજયજી યુવા પ્રવચનકાર મુનિ શ્રી નયરક્ષિત વિજયજી સભાને સંબોધન કરશે.

તા.૧૪-૧૫-૧૬ માર્ચ રાત્રે ૯ કલાકે ભાઈઓ માટે મુનિશ્રી નયરક્ષિત વિજય મ.સા.ના ‘હેલો જીંદગી હેપી જીંદગી’ ઉપરના વિશિષ્ટ પ્રવચનો થશે. નૂતન મુનિશ્રી અજયશેખર વિજયજી સાધના-સ્વાધ્યાયમાં મગ્ન બની ગયા છે.

# પોલીસ મહાનિરીક્ષક થરાદ અને દિયોદર વિભાગીય કચેરીની મુલાકાતે


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના ઈન્સ્પેકશનના ભાગરૂપે થરાદ અને દિયોદર વિભાગીય કચેરીની મુલાકાત લીધી હતી.આ અંગે મિડીયા સાથેની વાતચિતમાં મહાનિરીક્ષક ડીબી વાઘેલાએ જણાવ્યું હતું કે થરાદએ ખુબ જ વિશાળ અને મહત્વપુર્ણ બોર્ડરવિસ્તાર છે.ભવિષ્યમાં થરાદએ જિલ્લો બને એમ છે.થરાદમાં એએસ.પી.કક્ષાનું પોસ્ટીંગ છે.થરાદએ બોર્ડર વિસ્તારનું અને રાજસ્થાનને અડીને આવેલ હોઇ ક્રાઇમ કંટ્રોલમાં રાખવાની સાથે સાથે બોર્ડરની પ્રોહીબેશનની પ્રવૃતીઓ પર નિયંત્રણ અને ધ્યાન પણ રાખવું પડતું હોય છે.એકંદરે કચેરીના પરફોર્મન્સને રેકર્ડ મેન્ટેન અને ક્રાઇમકંટ્રોલની દષ્ટીએ સારૂ ગણાવતાં મહાનિરીક્ષકે જણાવ્યું હતું કે હજુ એક બે ક્રાઇમનાં ડીટ-ેક્શન બાકી છે, જે કરવાની જરૂર છે અને તે ટ્રેક થઇ જવાનો એ.એસ.પી.અજીત રાજયાણને વિશ્વાસ પણ તેમ કહીને કચેરીની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. પોતાના ભુતકાળને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે બનાસકાંઠામાં એસ.પી.તરીકે પણ સેવાઓ આપેલી હોઇ જે તે વખતે પણ સારૂ હતું.જો કે તેના કરતાં પણ અત્યારે સારૂ દેખાયછે..આ અંગે તેમણે કર્મચારીઓને ઈનામો પણ આપવામાં આવેલ છે તેમ પણ જણાવ્યું હતું.ભુજ રેંજ મહાનિરીક્ષકના ઈન્સપેક્શન વખતે થરાદની વિભાગીય કચેરીમાં આવતા થરાદ, વાવ, સુઇગામ, માવસરી,

અનુસંધાન પાના નં.૬

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરે માહિતી ઓફિસ ખાતે એમ.સી.એમ.સી.ની કામગીરીનું નિરીક્ષણ કર્યુ



પાલનપુર

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સંદીપ સાગલેએ પાલનપુર માહિતી ઓફિસ ખાતે કાર્યરત એમ.સી. એમ.સી.ની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. લોકસભાની સામાન્ય ચૂંટણી જાહેર થતાં જ માહિતી કચેરી, પાલનપુર ખાતે મિડીયા કંન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરએ જિલ્લા માહિતી કચેરી, પાલનપુરની મુલાકાત લઇ મિડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરીંગ કમીટી દ્વારા કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કરી આ કામ કરતાં કર્મચારીઓને કલેકટરએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે એમ.સી.એમ.સી. સમિતિ દ્વારા ચૂંટણી દરમ્યાન વિવિધ મિડીયામાં પ્રસિધ્ધ થતી જાહેરખબરો, પેઇડ ન્યુઝ, રાજકીય જાહેરાતોના પ્રમાણીકરણ અંગેની કામગીરી કરવામાં આવે છે. તથા પ્રિન્ટ, ઇલેકટ્રોનિક અને સોશીયલ મિડીયા પર સતત વોચ રાખવામાં આવે છે.

આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર, નાયબ માહિતી નિયામક ડી.પી.રાજપૂત, મામલતદાર કુલદીપ દેસાઇ સહિત એમ.એમ.સી.ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સુંઢામાં મનદુઃખ રાખી માર મારતા ફરીયાદ

પાલનપુર

પાલનપુર તાલુકાના ગઢ પોલીસ મથકની હદમાં આવેલા સુંઢા ગામના આ બનાવની વિગત એવી છે કે પાલનપુર તાલુકાના સુંઢા ગામના શારદાબેન દેવીપૂજકે તેમના ગામના દલાભાઈ દેવીપૂજક, મોઘીબેન દેવીપૂજક, વિપુલભાઈ દેવીપૂજક સામે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે તેમાં જણાવ્યુ છે કે આ ઈસમોએ તેમના આંગણામાં બકરા જવા બાબતે મનદુખ રાખી વાંસીના હાથા વડે માર મારી ફેક્ચર કરી તથા લોખંડની ઈંગલ વડે મારી ઈજાઓ કરી તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની ફરીયાદ ગઢ પોલીસ મથકે નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# થરાદમાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતી માર્શલ જીપ ઝડપાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બુધવારની રાતના અગિયાર વાગ્યાના સુમારે થરાદના મહિલા પી.એસ.આઇ. કે.કે.રાઠોડ અને કર્મચારીઓ ભરતભાઇ કેશાભાઇ,સરદારસિંહ ગણેશાજી નગરમાં પેટ્રોલિંગમાં હતાં. આ વખતે નગરના હાર્દસમા બળીયા હનુમાન ગોળાઇમાં આવતાં બસસ્ટેશન તરફથી જીજે.૦૨.કે. ૫૧૪૫ નંબરની માર્શલ જીપ આવતાં તેના પર શંકા જતાં તેને અટકાવવા ઈશારો કરતાં ભાગેલો ચાલક શહેરના વિજય બિઝનેશ શોપીંગના આગળના ભાગે ગાડી મુકી અંધારાનો લાભ લઇને નાસી છુટ્યો હતો. પોલીસે ચેક કરતાં જીપમાંથી ૧૪ પેટીમાં રહેલો રૂપીયા ૭૦૨૦૦ની કિંમતનો ૬૮૨ બોટલ જથ્થો મળી આવતાં એક લાખની કાર સહિત કુલ રૂપીયા ૧૭૦૨૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો તેમજ પ્રોહીબેશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# જગાણામાં કૂતરા કાઢવા બાબતે માર માર્યાની ફરીયાદ

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા ગામે રહેતા વિરસંગજી ઠાકોરે તેમના જ ગામના કેશરભાઈ ઠાકોર, વિનોદજી ઠાકોર, ભરતભાઈ ઠાકોર સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ અનુસાર આ ઈસમોએ ફરીયાદીને કહેલ કે અમો કૂતરાઓ કાઢીએ છીએ તેમ કહી પીઠની પાછળના ભાગે ધોકો મારેલો તથા જમણા પગે ધોકો મારી અને ગડદાપાટુનો માર પણ માર્યો હોવાની અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની ફરીયાદ પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાવાતા પોલીસે ફરીયાદ આધારે તપાસ હાથ ધરી છે.

# ધાનેરા થરાદ હાઈવે પરના ડાયવર્ઝનથી લોકો ત્રાહિમામ



પ્રતિનિધિ થરાદ

થરાદથી ધાનેરા સુધીનું માર્ગ સમારકામ ચાલી રહ્યું છે. થરાદથી ધાનેરા હાઈવે પર તંત્રદ્વારા ૧૫ થી ૨૦ ડાયવર્ઝન આપી દેવાતા વાહન ચાલકો ત્રાહીમામ થઈ ગયા હતા. જેને પગલે વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા. હાઈવે પર કાચું ડાયવર્ઝન છે. અને દરરોજ પાણી છોડવાના કારણે ગારો થાય છે. જેના કારણે બાઈક મુસાફરોની ભારે મુશ્કેલી પડે છે.

# આજીવન કેદનો ફરાર આરોપી ઝડપાયો



ડીસા

જીલ્લા પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુળની સુચના આધારે પેરોલફર્લો સ્કોડ પાલનપુરના પી. એસ. આઈ. એમ.કે.ઝાલા તથા એ.એસ.આઈ. કીરણસિંહ તથા ઐયુબખાન તથા અ.હેડ.કો. મહેન્દ્રસિંહ તથા વિનોદભાઈ તથા શૈલેષકુમાર તથા પો.કો. રાજુભાઈ ડીસા રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં નાસતા ફરતા તથા પેરોલ / ફર્લો ફરાર આરોપીની તપાસમાં હતા દરમીયાન બાતમી હકીકત આધારે આજીવન કેદની સજા ભોગવતા ફર્લો ફરારી આરોપી પ્રભાતસિંહ કુવરસિંહ ઠાકોર (રહે.ભડથ, તા.ડીસા, જિ.બનાસકાંઠા) ને ગઈકાલ તા.૧૪/૩/૨૦૧૯ ના રોજ ભડથ મુકામેથી પકડી પાડી આગળની સજા ભોગવવા પાલનપુર જીલ્લા જેલ ખાતે સોંપવામાં આવેલ છે.

# પાલનપુરમાં નશામાં ધૂત વાહન ચાલક ઝડપાયો

પાલનપુર

પાલનપુર આર.ટી.ઓ સર્કલ પર વાહન ચેકીંગ દરમ્યાન અવાર-નવાર નશામાં ધૂત વાહન ચાલકો પોલીસની પકડમાં આવી જતા હોય છે તેમાં વધુ એક વાહન ચાલક સામે પણ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે તેમાં અમદાવાદના અસારવા વિસ્તારમાં રહેતા હિતેશકુમાર ઠાકોર નામના ઈસમને દારૂ પીધેલી હાલતમાં વાહન હંકારતા ઝડપી લઈ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લાખણી માર્કેટયાર્ડના ચેરમેનનો સન્માન સમારંભ યોજાયો


કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડીમાં આવેલ હોટલ શિલ શિલા ખાતે લાખણી માર્કેટયાર્ડના બીન હરીફ ચુંટાઈ આવેલ ચેરમેન બાબુભાઈ વી. પાનકુટાનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો.

ભીલડી વાલ્મીકી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત સન્માન સમારંભમાં લાખણી માર્કેટયાર્ડના ચેરમેન બાબુભાઈ પાનકુટાનું ફુલહાર અને શાલથી સન્માન ટ્રસ્ટના પ્રમુખ શામળભાઈ એમ.મકવાણા અને નરસુંગભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. ડીસા તાલુકા ખરીદ વેચાણ સંઘના ડીરેક્ટર બાબુભાઈ એમ.દેસાઈ (નાની ઘરનાળ) શાલ અને ફુલહારથી કરવામાં આવ્યું હતું તેમજ શ્રીલાખુ માતાજી ભુવાજી શાંન્તીભાઈ એન.ઠક્કરનું સન્માન પણ વાલ્મીકી સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભીલડીના કંચનજી ઠાકોર, સુરેશ ડી.સિલ્વા, વિનોદ ચાવડાનું પણ વાલ્મીકી સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાલ્મીકી સમાજના ટ્રસ્ટીઓનું સન્માન બાબુભાઈ વી.પાનકુટા અને શાંતીભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં આભાર વિધિ ટ્રસ્ટના પ્રમુખ શામળભાઈ મલાભાઈ વાલ્મીકી દ્વારા કરવામાં આવી હતી.

# પાલનપુરમાં મતદાર જાગૃતિ રથનું પ્રસ્થાન


સંજય જોષી

પાલનપુર

ચુંટણી પંચે લોકસભા ચૂંટણીની જાહેરાત કરી દીધા બાદ સરકારી તંત્ર એક્શનમાં આવી ગયું છે ત્યારે બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા પણ ચુંટણીની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે.બનાસકાંઠામાં લોકસભા ચૂંટણી સુખરૂપ પાર પડે એ માટે જિલ્લા કલેકટર કચેરીની ચુંટણી શાખા સક્રિય બની ગઈ છે. ચૂંટણી પૂર્વે મતદારોને જાગૃત કરવાના આશયથી આયોજિત મતદાર જાગૃતિ રથને પણ જિલ્લા કલેકટરે કલેકટર કચેરી આગળ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ મતદાર જાગૃતિ રથ પાલનપુર સહિત જીલ્લાના તમામ વિધાનસભા વિસ્તારોના ગામડાઓમાં ફરી મતદારોમાં મતદાન પ્રક્રિયાની સમજ આપશે. આ રથયાત્રા થકી ઈવીએમ અને વીવીપેટ મશીન અંગે પણ સમજણ આપી મતદારોને જાગૃત બનવાનો સંદેશો ફેલાવશે. આ પ્રસંગે જિલ્લા કલેકટર સંદીપ સાગલેએ મતદાર જાગૃતિ રથનો વધુમાં વધુ લાભ લેવા મતદારોને આહવાન કર્યું હતું. આ પ્રંસગે નિવાસી નાયબ કલેકટર એલ.બી. બાંભણીયા, નાયબ જિલ્લા ચુંટણી અધિકારી વાય.પી.ઠક્કર સહિત ચુંટણી શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લાખણી તા.પં.ના નાયબ હિસાબનીશને વિદાયમાન


નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. ગેળા

લાખણી તાલુકા પંચાયતના નાયબ હિસાબનીશ ત્રિવેદી મુળશંકર પોપટલાલ ગત તા.૨૮/૨/૨૦૧૯ ના રોજ ૫૮ વર્ષ પુરા થતા વય નિવૃતિએ નિવૃત થયેલ તેઓને તાલુકા પંચાયત કચેરી લાખણીમાં ટી.ડી.ઓ.ના ચેમ્બરમાં તા.વિ. અધિકારી, મ.તા.વિ.અ., વહીવટ તથા અ વિસ્તારણ એ.ટી.પી.ઓ. મનરેગા યોજના, સખીમંડળના સભ્યો તથા તલાટી કમ મંત્રીઓ ભાઈઓ તથા બહેનોએ શુભેચ્છા આપી વિદાય સમારંભ કાર્યક્રમ રાખેલ હતો. બહોળી સંખ્યામાં કર્મચારીગણ હાજર રહેલ હતા. ઉપસ્થિત મહેમાન કેશાજી ચૌહાણ લિંબાઉ તથા આર.કે.સોઢા તથા ભગાભાઈ પરમાર તથા અશોકભાઈ ચૌધરી તથા ગણપતભાઈ રાજપુત લવાણા તથા વિક્રમભાઈ રાજપુત ચાળવા તથા કાનજીભાઈ રાજપુત વાસણા તમામ ઉપસ્થિત રહેલ હતા. અને શુભેચ્છા આપેલ.

# મુંબઈમાં ગીતા રબારીનું વિશેષ એવોર્ડથી સન્માન



**ગુજરાતી સ્કીન એન્ડ સ્ટેજ એવોર્ડઝ કાર્યક્રમમાં હિતુ કનોડીયાથી લઈને અનેક ગુજરાતી કલાકારોનું પણ સન્માન**

સુરત

કોઈપણ ક્ષેત્રના મહાનુભાવો પોતાનામાં રહેલ આગવી પ્રતિભાથી વિશ્વસ્તરે નામના મેળવતાં હોય છે, આવીજ પ્રતિભા સંપન્ન અને કચ્છનું ગૌ-રવ એવા ગીતાબેન રબારીને મુંબઈ ગુજરાતી સ્કીન એન્ડ સ્ટેજ એવોર્ડઝમાં સ્પેશીયલ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે. કારણ કે તેમના “રોણા શેરમા” ગીતે માત્ર બે વર્ષમાં યુટ્યુબ પર ધુમ મચાવી ૨૨ કરોડથી વધુ લોકો જોતા વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન મેળવેલ.

ગીતાબેન રબારીની આ સિધ્ધીને ધ્યાને લઈને મુંબઈમાં યોજાયેલ ગુજરાતી સ્કીન એન્ડ સ્ટે એવોર્ડઝ ૨૦૧૯ અંતર્ગત તેમને વિશ્વસ્તરને સિધ્ધીને નજર સમક્ષ રાખી વિશેષ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તો આ તકે હિતુ કનોડીયા, મોના થીબા, ચંદન રાઠોડ, કોમલ ઠક્કર, ભક્તિ કુંબાવત, જાનકી વૈદ્ય તેમજ જીગરદાન ગઢવી સહીતના કલાકારોને પણ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

વિશેષ એવોર્ડ પ્રાપ્ત કર્યા બાદ ગીતાબેન રબારીએ પ્રતિભાવ આપતાં જણાવેલ કે, આ સન્માન મારૂ નહીં પરંતુ ગુજરાતની દિકરીનું સન્માન છે. આ માટે હું આયોજકોનો તો પણ આભારી છું.

અનુસંધાન પાના નં.૬

## ડીસાના રેસ્ટ હાઉસની ગરીમાને ઝાંખપ

# જાળવણીના અભાવે છોડવા સુકાઈ ગયા



ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાની આદર્શ હાઇસ્કૂલ પાસે આવેલ જિલ્લા પંચાયતનું રેસ્ટહાઉસ હાલમાં રેઢીયાળ બની ગયું છે. જ્યાં સફાઈ અને જાળવણીના અભાવે રેસ્ટ હાઉસની શોભા વધારતા છોડ સુકાઈ ગયા છે. એક બાજુ સરકાર સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ પાછળ લાખોનો ખર્ચ કરે છે. બીજી બાજુ રાજકીય આગેવાનોની જ્યાં સૌથી વધુ અવર જવર રહેતી હોય છે તે સરકાર હસ્તકના જ રેસ્ટ હાઉસમાં સફાઈ સાથે છોડવાઓને પાણી પાવાની પણ કોઈ તસ્દી લેવાતી નથી. તેથી છોડવા સુકાઈ જતાં રેસ્ટ હાઉસની ગરીમા ઝંખવાઈ રહી છે. જેથી સરકારનો વહીવટ પણ વગોવા લાગ્યો છે. જેને ગંભીરતાથી લઈ જવાબદાર તંત્ર સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

# બનાસકાંઠા રબારી સમાજનું ગૌરવ

પ્રતિનિધિ ખીમાણા

ડીસા ખાતે કર્મભૂમિ બનાવી રહેતા કોડા ગામના વતની મફતલાલ હરજીભાઈ દેસાઈએ બનાસકાંઠા પોલીસ ખાતામાં ત્રીસ વર્ષ સુધી નિષ્ઠાવાન ફરજ બજાવેલ તેના પુણ્ય પ્રતાપે તેમના સુપુત્ર કાનજીભાઈ મફતલાલ દેસાઈ વર્ષ ૨૦૧૨ માં નાયબ મામલતદાર તરીકે પસંદગીમાંથી ડીસા અને ધાનેરા મુકામે ફરજ બજાવેલ પરંતુ તેઓની સતત આગળ વધવાની મહેનતે તાજેતરમાં લેવાયેલ જી.પી.એસ.સી.ની પરીક્ષામાં આયુષ કચેરી ગાંધીનગર ખાતેની વહીવટી અધિકારી કલાસવનની એક માત્ર જગ્યા ઉપર નિયુક્ત થતા સમગ્ર બનાસકાંઠા રબારી સમાજ તેમજ તેઓના પરિવારમાં આનંદની લાગણી છવાઈ હતી. તેઓ ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા ચેરમેન ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ બનાસકાંઠાના નાના ભાઈ ભુરાભાઈ જેઠાભાઈના જમાઈ છે તે બદલ ખીમાણા ગ્રામ અને દટાણા પરિવારમાં આનંદની લાગણી અનુભવે છે.

# પૂર્વ ધારાસભ્ય હનુભા પણ ભાજપમાં જોડાયા

અમદાવાદ

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસમાં પક્ષ પલ્ટાની મોસમ ખીલી હોય તેમ એક પછી એક દિગ્ગજ નેતા પક્ષપલ્ટો કરી રહ્યા છે. અમરેલીના લાઠી વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હનુભા ધોરાજીયા આજે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે. હનુભાની ભાજપમાં એન્ટ્રી થતા ધાનાણીના ગઢમાં ગાબડુ પડ્યું છે. અગાઉ તેઓ ભાજપમાં હતા અને કોંગ્રેસમાં જોડાયા હતા. હવે ફરી કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણી, વરિષ્ઠ ધારાસભ્ય વલ્લભ કાકડિયા, પ્રવકતા ભરત પંડયા સહિતના આગેવાનોની હાજરીમાં લાઠી વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હનુભા ધોરાજીયાએ ભાજપમાં આજે વિધિવત્ પ્રવેશ મેળવ્યો હતો. ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ હનુભાને ભાજપનો કેસરિયો ખેસ પહેરાવી તેમને પક્ષમાં આવકાર આપ્યો હતો. ભાજપમાં જોડાયા બાદ હનુભા ધોરાજીયાએ જણાવ્યું હતું કે, હું કોઇપણ શરત અને લાલચ વિના ભાજપમાં જોડાયો છું. અગાઉ હું હાર્દિકનો સમર્થક હતો પરંતુ બાદમાં મને ખબર પડી કે, હાર્દિક કોંગ્રેસનું જ કામ કરી રહ્યું છે. તે પાટીદારોના બદલે કોંગ્રેસનું જ કામ કરી રહ્યો હોવાના ગંભીર આક્ષેપ પણ હનુભાએ લગાવ્યા હતા. બીજીબાજુ, જૂનાગઢ કોંગ્રેસમાં પણ ત્યાંનું નારાજ સ્થાનિક જૂથ આવતીકાલે ભાજપમાં જોડાય તેવી ચર્ચાએ આજે જોર પકડયું હતું. જેને લઇ રાજકારણ ગરમાયું હતું. ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી લાઠી-બાબરાના પૂર્વ ધારાસભ્ય

અનુસંધાન પાના નં.૬

# ચૂંટણી પ્રચાર દરમ્યાન સંરક્ષણ દળોના ફોટોગ્રાફ્સ ઉપયોગમાં નહી લઈ શકાય

પાલનપુર

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે બનાસકાંઠા ચીફ ડિસ્ટ્રી કટ નોડલ અધિકારીશ્રી (આચારસંહિતા) અને નિયામકશ્રી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી બનાસકાંઠા દ્વારા જણાવ્યા પ્રમાણે, મુખ્યચ નિર્વાચન અધિકારી, ગુજરાત સરકારના પત્ર અનુસાર ભારતના ચૂંટણી આયોગ તરફથી રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર દરમ્યાગન અને જાહેરાતોમાં કોઇપણ સંરક્ષણ દળોના અધિકારીઓ/જવાનોના ફોટોગ્રાફસનો ઉપયોગ નહી કરવા સુચના આપવામાં આવી છે.

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા**

**-: સફાઈ કોન્ટ્રાકટ માટે જાહેરાત :-**

આથી સફાઈ કરતી તમામ એન.જી.ઓ. સંસ્થાઓ તથા અન્ય અનુભવી સર્વે સફાઈ કામના કોન્ટ્રાકટરોને જાણ કરવામાં આવે છે કે, બજાર સમિતિ, ધાનેરાના મુખ્યયાર્ડ તથા સરદાર પટેલ સબયાર્ડમાં ઓફિસ બિલ્ડીંગ, ટોયલેટ તથા જાહેર રસ્તાઓ વિગેરેની સફાઈ માટે વાર્ષિક ધોરણે સફાઈ કોન્ટ્રાકટ આપવાનો છે. આ અંગે ટેન્ડર ઓફર બંધ કવરમાં રૂા.૧૦,૦૦૦/- ડીપોઝીટ બજાર સમિતિ, ધાનેરામાં ભર્યાની પહોંચ સાથે તા.૨૫/૦૩/૨૦૧૯ સુધીમાં બજાર સમિતિ, ધાનેરાના કાર્યાલયમાં રજી.પો.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. કોરા ટેન્ડર અરજી ફોર્મ અને શરતોની વિગતો ટેન્ડર ફોર્મ ફી રૂા.૧૦૦/- રોકડા ભરી બજાર સમિતિના કાર્યાલયમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન તા.૨૦/૦૩/૨૦૧૯ સુધીમાં મળી શકશે. વધુ માહિતી માટે બજાર સમિતિ, ધાનેરાનો સંપર્ક કરવો. કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા બજાર સમિતિ, ધાનેરાને અબાધિત રહેશે.

જા.નં.જાહે. ઓફ-૨૦૧૮/૧૯
તારીખ : ૧૪/૩/૨૦૧૯

મોહનભાઈ યુ.શ્રાવગ, સેક્રેટરી — દેવાભાઈ સી.મોર, વાઈસ ચેરમેન — ભુરાભાઈ એન.પટેલ, ચેરમેન

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા**
મુખ્ય માર્કેટયાર્ડ, ધાનેરા, તા.ધાનેરા, ફોન નં.૦૨૭૪૮-૨૨૨૦૩૮, ૨૨૨૪૩૩

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા**

**-: જાહેરાત :-**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, બજાર સમિતિ, ધાનેરા દ્વારા નીચે જણાવેલ કામો માટે તા.૦૧/૦૪/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીના સમય માટે કોન્ટ્રાકટ આપવાનો છે.

(૧) ભોજનાલય લીવ એન્ડ લાયસન્સની શરતોથી ચલાવવાનો કોન્ટ્રાકટ
(૨) મુખ્ય માર્કેટયાર્ડ તેમજ સરદાર પટેલ સબયાર્ડ, ધાનેરામાં ચા ની લારી મુકવા અંગેનો કોન્ટ્રાકટ

ઉપર મુજબના કામો અંગે રસ ધરાવતી વ્યકિતઓએ ટેન્ડર ઓફર બંધ કવરમાં રૂા.૧,૦૦૦/- ડીપોઝીટ બજાર સમિતિ, ધાનેરામાં ભર્યાની પહોંચ સાથે તા.૨૫/૦૩/૨૦૧૯ સુધીમાં બજાર સમિતિ, ધાનેરાના કાર્યાલયમાં રજી.પો.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. કોરા ટેન્ડર અરજી ફોર્મ અને શરતોની વિગતો ટેન્ડર ફોર્મ ફી રૂા.૧૦૦/- રોકડા ભરી બજાર સમિતિ, ધાનેરાના કાર્યાલયમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન તા.૨૦/૩/૨૦૧૯ સુધીમાં મળી શકશે. વધુ માહિતી માટે બજાર સમિતિ, ધાનેરાનો સંપર્ક કરવો. કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા બજાર સમિતિ, ધાનેરાને અબાધિત રહેશે.

જા.નં.જાહે. ઓફ-૨૦૧૮/૧૯
તારીખ : ૧૪/૩/૨૦૧૯

મોહનભાઈ યુ.શ્રાવગ, સેક્રેટરી — દેવાભાઈ સી.મોર, વાઈસ ચેરમેન — ભુરાભાઈ એન.પટેલ, ચેરમેન

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા**
મુખ્ય માર્કેટયાર્ડ, ધાનેરા, તા.ધાનેરા, ફોન નં.૦૨૭૪૮-૨૨૨૦૩૮, ૨૨૨૪૩૩

# તંત્રી સ્થાનેથી...

**પરનિંદા સમાન બીજું કોઈ પાપ નથી.**

## શહીદ થયેલા જવાનોના સંતાનોને તમામ સુવિધાઓ પુરી પાડવી જરૂરી

દેશ માટે લડીને શહીદ થતા જવાનોને તમામ પ્રકારની સહાય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. જો કે કેટલાક શહીદ થયેલા જવાનોને સરકારે ખેત જમીન આપવાની વાત દોહરાવી હતી તે બાબતે સરકારે વિચારવું જોઈએ.શહીદ થયેલા જવાનોના પરિવારજનો વર્તમાન સંજોગોમાં કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે તે બાબતની જાણકારી સંરક્ષણ વિભાગે મેળવવી જોઈએ. શહીદ જવાનોની કુરબાની કયારેય ભુલવી જોઈએ નહીં.

શહીદ જવાનોના પરિવારજનો અને તેમના સંતાનોના શિક્ષણની ચિંતા કરવાની જવાબદારી સરકાર અને સમાજની છે. શહીદ જવાનના સંતાનોને પ્રાથમિક શાળામાંથી જ મદદ કરવી જોઈએ. ગુ-જરાત રાજયમાં યુનિવર્સિટીની જેમ જી.ટી. યુ. (ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી)એ ઘણા દેશ માટે શહીદ થનારા જવાનોના સંતાનોને પી.જી.એટલે કે પોસ્ટ ગ્રેજયુએટથી લઈને એમ.ફીલ, પીએચડી સુધીનું શિક્ષણ નિઃશુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે.જમ્મુ કાશ્મીરના પુલવામાં શહીદ થયેલા સી.આર.પી. એફ.ના જવાનોને માટે ચારે તરફથી આર્થિક સહાયની જાહેરાતો થઈ રહી છે. આ એક માનવતાવાદી અભિગમ કહી શકાય. ત્યારે જીટીયુએ આર્થિક સહાયની સાથે સાથે શહીદ જવાનોના સંતાનોને એમ.ઈ.એમ.ફાર્મ, એમ.બી. એ.તેમજ એમ.ફીલ પી.એચ.ડી.નું શિક્ષણ પણ કોઈ પણ પ્રકારની ફી લીધા વિના આપવાની કરેલી જાહેરાત દિશા સુચક અભિગમ માની શકાય.જીટીયુ દ્વારા જવાનોના સંતાનો માટે જે જાહેરાત કરવામાં આવી છે તેનો અમલ હવે આગામી નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦૨૦ થી થઈ શકશે. એરફોર્સ, નેવી, સીઆરપી, બીએસએફ. સહિતની લશ્કરી ફોર્સ કોઈપણ સ્થળે ફરજ બજાવતા હોય અને શહીદ થયા હોય તેવા જવાનોના સંતાનોને ચાંદખેડા સહિત જીટીયુ કેમ્પસમાં સૌથી ઉચ્ચ શિક્ષણનો લાભ મળી રહે તે બાબતના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.ગત ફેબ્રુઆરીમાં જી.ટી.યુ.એ શહીદ થયેલા જવાનોને ૪૫૦ કોલેજોને રૂા.૫૦ લાખનું ભંડોળ આપવાની જાહેરાત કરી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. જેના અનુસંધાને અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં આવેલી ૩૦ કોલેજો તરફથી આશરે ૨૫ લાખનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે.

સરકારે આપેલા વાયદા અનુસાર હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર તેમજ આસામમાં તેમજ રાજધાની દિલ્હી નજીક શહીદ થયેલા જવાનોની વિધવાઓને ખેત જમીન તેમજ અન્ય ચીજવસ્તુઓ આપી સામાજીક જવાબદારી નિભાવવી જોઈએ.કેન્દ્ર સરકારના આદર્શ અભિગમ અનુસાર શહીદ જવાનોના સંતાનોને મળતી તમામ સવલતો અને આર્થિક લાભો આપવાના બાકી ન રહી જાય તે બાબતે યોગ્ય કરવું જોઈએ તેવું દેશના શિક્ષણવિદોનું માનવું છે.૧૯૭૦-૮૦ ના અરસામાં શહીદ થયેલા જવાનોને જે વધારાની સહાય આપવાની જાહેરાત જે તે સરકાર દ્વારા કરવામાં આવી હતી. તે મુજબ સહાયની રકમ તેમના પરીવારજનોને આપી દેવી જોઈએ.વચનબદ્ધતા નિભાવવી જોઈએ. વર્ષો અગાઉ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈ અને મનમોહનસિંગની સરકાર વખતે જમીનથી વંચિત જવાનોના પરિવારજનોનું લીસ્ટ બનાવવામાં આવ્યું હતું. તે લીસ્ટ (યાદી)ની તપાસ વર્તમાન સરકારે ચલાવવી જોઈએ. આ બાબતે કોઈપણ જાતની દલીલ ચાલી શકે નહીં.

## ૨૧મી સદીમાં હ્રદયના વાલ્વની સારવાર અંગે આમૂલ પરિવર્તન



અમદાવાદ

સિમ્સ હૉસ્પિટલેઆજ સુધીમાં નવી ક્રાંતિકારી 'તાવી'(ટ્રાન્સકેથેટર એઓર્ટીક વાલ્વ રિપ્લેસમેન્ટ અથવા ઈમ્પ્લાન્ટેશન) ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૧૦૦ ટકા સફળતા સાથે ૮સફળઓપરેશન કર્યા છે.' તાવી'(ટ્રાન્સકેથેટર એઓર્ટીકવાલ્વ રિપ્લેસમેન્ટ અથવા ઈમ્પ્લાન્ટેશન) ને ટ્રાન્સકેથેટર એઓર્ટીકવાલ્વ રિપ્લેસમેન્ટ (ટીએવીઆર) તરીકે ઓળખવામાં આવે છે,કારણકે આ પ્રક્રિયા મારફતે ખરાબએઓર્ટીકવાલ્વને બદલે માનવ સર્જીત વાલ્વ મૂકવામાં આવે છે.તા.૧૩ માર્ચના રોજ ગંભીર બિમારી ધરાવતા એઓર્ટીકસ્ટેનોસિસના બે દર્દીઓના રૂટીન ઓપન હાર્ટ સર્જરી વગર ઓપરેશન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આ બંને કેસ એવા છે કે જેમાં પર્ક્યુટેનિયસ માય વાલ્વ (ઈન્ડીયન બલૂન એક્સપાન્ડેબલ વાલ્વ) જાગૃત અવસ્થામાં બેસાડવામાં આવ્યો છે (આ એવો પ્રથમ કિસ્સો છે કે જેમાં દર્દી સંપૂર્ણ જાગૃત અવસ્થામાં હતો). આ ઓપરેશન દ્વારા સિમ્સ હોસ્પિટલે ગુજરાતમાં તબીબી ક્ષેત્રે ઈતિહાસ સર્જ્યો છે.ભારતમાં અંદાજે ૧૫ લાખ જેટલા ગંભીર પ્રકારનાએઓર્ટીકદર્દીઓ છે, જેમાંથી ૫ લાખ દર્દીઓનું ઓપરેશન થઈ શકે તેમ નથી.એઓર્ટીકસ્ટેનોસીસ એ હ્રદયનાએઓર્ટીકવાલ્વ તરીકે ઓળખાતામહત્વનાવાલ્વની સંકોચાઈ જવાની પ્રક્રિયા છે. ગંભીર એઓર્ટીક સ્ટેનોસીસ ધરાવતા દર્દીને સારવાર ના મળે તો બે વર્ષમાં મોતનું ૫૦ ટકા જોખમ રહે છે."તબીબી દુનિયાના ક્લિનિકલ ક્ષેત્રમાં એવા જૂજ ઉદાહરણ છે કે જેમાં ઝડપભેર અને કાળજીથી તાવીનો ઉપયોગ કરાયો હોય. ૪૦ વર્ષ અગાઉ એન્જીઓપ્લાસ્ટીકરવામાં આવતી હતી તેના બદલે, આ પ્રક્રિયા હાથ ધરાય છે.આ નવી ક્રાંતિકારી ટેકનોલોજીને આજ સુધીની સૌથી મહત્વપૂર્ણ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.."

પ્રથમ કિસ્સામાં ૭૨ વર્ષની વયના એક દર્દીને અતિ ગંભીર કેલ્સીફીક એએસનું ભારે જોખમ હતું અને તેમાં ૧૦૦ એમએમ ગ્રેડીયન્ટ એવીએ: ૦.૫ સેન્ટીમીટર-૨ સાથે અગાઉના સીએબીજી, રીનલઈનસફિસિયન્સી, સિવીયર સીઓપીડી, કે જેમાં માત્ર ૪૯ કી.ગ્રા. જેટલું ઓછુ વજન હતું- એસટીએસ સ્કોરઃ૬.૫ ટકામૃત્યુદર, ડો. કેયૂર પરીખની આગેવાની હેઠળની ટીમદ્વારાતાવી પ્રોસિજરથીઆ દર્દીનુંસિમ્સહૉસ્પિટલખાતેઆજે ૨૦ એમએમના માય વાલ્વ વડે ઓપરેશન કરવામાં આવ્યું હતુજેનોભારતીયવાલ્વમેરિલ પાસેથી મેળવાયો હતો.ટ્રાન્સકેથેટર એઓટી-ર્કવાલ્વ રિપ્લેસમેન્ટ (ટીએવીઆર) આશિર્વાદરૂપ બન્યું છે અને એઓર્ટીક સ્ટેનોસીસની ગંભીર બિમારી ધરાવતા દર્દીઓ માટે ઉત્તમ વિકલ્પ છે. સ્ટેનોસીસની સમસ્યા મોટી ઉંમરે થાય છે. બાયપાસ સર્જરી કરાવી હોય અથવા તો ફેફસાં અથવા કિડનીના રોગનો ઈતિહાસ ધરાવતા કિસ્સાઓમાં આવી ઓપન સર્જરી કરવી મુશ્કેલ બને છે. એઓર્ટીક સ્ટેનોસીસ માટે જે અત્યંત સામાન્ય સારવાર ઉપલબ્ધ છે તે ઓપન હાર્ટ સર્જરી છે. તાજેતરમાં ટ્રાન્સકેથેટરએઓર્ટીકવાલ્વ રિપ્લેસમેન્ટ (ટીએવીઆર) હાઈ રિસ્ક એઓર્ટીક સ્ટેનોસીસના દર્દીઓ માટે આશાસ્પદ વિકલ્પ બન્યો છે અને તેમાં ઓપન હાર્ટ સર્જરી કર્યા વગર નવો વાલ્વ બેસાડી શકાય છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન'નું વર્લ્ડ ટેલીવિઝન પ્રીમિયર નિહાળો સોની મેક્સ પર, ૧૭ માર્ચે




સમુદ્રમાં દિલ ધડકાવાવાળું યુદ્ધની સાહસિક કહાનીવાળી ફિલ્મ 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન', જે તમને પોતાની જગ્યાથી હલવા નહીં દે, હવે સોની મેક્સ હેઠળ તમારા ઘર સુધી પહોંચવાની છે. ૧૭ માર્ચની બપોર ૧૨ વાગ્યાથી તેનું વર્લ્ડ ટેલીવિઝન પ્રીમિયર સોની મેક્સ પર થશે જે સોની પિક્ચર્સ નેટવર્કનું એક અંગ છે. વિજય કૃષ્ણ આચાર્ય દ્વારા લખેલ અને તેમના દ્વારા ડાયરેક્ટ કરેલ તથા મોટા પાયા પર બનાવેલ આ ભવ્ય ફિલ્મને બોલીવુડના બે મહાન કલાકારો અમિતાભ બચ્ચન અને આમિર ખાનને પહેલી વાર એક સાથે મુખ્ય ભૂમિકાઓમાં પ્રસ્તુત કરવાનો શ્રેય પ્રાપ્ત છે. તેની વધારે શુટિંગ ખૂબસૂરત માલ્ટા, થાઈલેન્ડ અને જોધપુરમાં થયું છે. કેટરીના કૈફ અને ફાતિમા શેખે તેમાં મોટા રોલ કર્યા છે. 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન' બ્રિટિશ રાજના તે સમયની કહાની છે જયારે ઈસ્ટ ઈન્ડિયા કંપની વ્યાપારી બનીને હિન્દુસ્તાનમાં ઘુસી હતી અને પછી તેને અહીં પોતાનું રાજ સ્થાપિત કરવાનું ચાલું કરી દીધુ. ત્યારે આઝાદ (અમિતાભ બચ્ચન)ને મોતની સજાની ચિંતા કર્યા વગર વિદ્રોહનો ડંકો વગાડી દીધો કારણકે તેને ગુલામ બનીને જીવવું સ્વીકાર હતું નહિં અને ના તો તે ફિરંગી (આમિર ખાન) જેવાની રીતે ચંદ રુપિયાની લાલચમાં પોતાની માતૃભૂમિને વેચવાની વાત વિચારી શકતો હતો. જયારે જોન ક્લાઈવે ફિરંગીને આ કામ સોંપ્યુ કે તે આઝાદને મોતના મોં મા મોકલી દે તો તે સૌથી મોટા દુશ્મનને પોતાના જીવનની સૌથી મોટી ઠગીને પરિણામ આપવા રવાના થયો. મોટા સિતારોથી સજેલ ફિલ્મ 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન' નિહાળો રવિવાર, ૧૭ માર્ચ, બપોરે ૧૨:૦૦ કલાકે, માત્ર સોની મેક્સ પર

## કલર્સના ગઠબંધનમાં ગૌહર ખાન ગ્લેમરસ એપીઅરન્સ કરે છે



લગ્નસરાની ચર્ચા નગરમાં ઠેર–ઠેર થઈ રહેલ છે, ત્યારે આ ટ્રેન્ડ કલર્સના ગઠબંધનના સેટ્સ પર પહોંચી ગયેલ છે. ઘટનાઓના નાટકીય પરિવર્તન માંહે, રઘુ (અબરાર કાઝી) અને ધનક (શ્રુતિ શર્મા) પણ પરણી ગયાં છે. શોમાં હાલમાં ઘણી બધી લગ્ન વિધિઓમાં ચાલી રહેલ છે કેમ કે ધનક પોતાનો 'ગૃહ પ્રવેશ' કરે અને રઘુના ઘરમાં તેની પત્ની તરીકે દાખલ થાય છે. પોતાના પુત્રના લગ્ન બાબતે ખુશ થતી, સાવિત્રી માઈ (સોનાલી નાઈક) વિભિનન વિસ્તારના ડોન્સ માટે પોતાની પુત્રવધુ, ધનકની 'મુંહ દિખાઈ'ની ભવ્ય ઊજવણી રાખે છે.

આ પ્રસંગે ગ્લેમરનો ઉમેરો કરવા, જાજરમાન અને તરવરતી ગૌહર ખાનને શોમાં સ્પેશ્યલ પરફોર્મન્સ માટે ઉતારવામાં આવેલ છે. ગૌહર ખાન 'લૈલા મેં લૈલા', 'મુંગડા', હુઆ છોકરા જવાન' અને 'ઘણી બાવરી' જેવા કેટલાંક વિખ્યાત આઈટમ નંબર્સ પર કોઈ પ્રેક્ટિશ વગર ઝૂમે છે. પોતાની દર્શનીય નૃત્ય ભંગિમાઓની સાથો–સાથ, ગૌહર દર્શકોને પોતાના ઝગારા મારતા દેખાવથી વિસ્મિત કરી દે છે કેમ કે તેણે શો માટે લાલ રંગના ઝળહળતા ચણિયા ચોળી ધારણ કરેલ છે. પરફેક્શનિસ્ટ હોવાથી, પ્રતિભાશાળી અભિનેત્રીએ તમામ સ્ટેપ્સ કોઈ ખાસ સમય લીધા વગર કરી લીધાં અને પોતાના અદ્દભુત પરફોર્મન્સ વડે સ્ટેજ ધમધમાવી દીધું.કલર્સના ગઠબંધન પર આ તમામ એક્શન અને ઘણું બધુ નિહાળો રાત્રે ૯:૦૦ કલાકે ફક્ત કલર્સ પર!

## રોનિત રોય અને રૂપલ ત્યાગી કલર્સના શક્તિ... અસ્તિત્વ કે એહસાસ કીમાં એન્ટર થાય છે



કલર્સનું શક્તિ... અસ્તિત્વ કે એહસાસ કી ટ્રાન્સજેન્ડર્સના સંઘર્ષને મોખરે લઈ આવવા જેવા વિભિન્નીકૃત છતાં પણ સબંધિત વિષય વસ્તુની ઊજવણી કરે છે. સૌમ્યાની ભૂમિકા ભજવતી રુબિના દિલાઈકને દર્શકો દ્વારા વખાણવામાં આવેલ છે અને શો તેઓમાં લોકપ્રિય બનેલ છે. આપણે સૌમ્યાને સમાજમાં સમાન અધિકારો માટે ઘણાં સંઘર્ષોમાંથી પસાર થતાં જોયેલ છે, પણ આ વખતે તેણી માતૃત્વના અધિકાર માટે લડે છે કેમ કે તેણીએ પોતાની બહેનના બાળકને કાયદેસર દત્તક લેવાની ઈચ્છા રાખે છે. અધિકારો અને રૂઢિવાદની લડાઈ સામાજિક રીતે સબંધિત સંદેશ સાથે ડ્રામાને ગહન બનાવે છે. શક્તિ... અસ્તિત્વ કે એહસાસ કી દર સોમવારથી શુક્રવાર રાત્રે ૮:૦૦ કલાકે કલર્સ પર પ્રસારિત થાય છે.આ દળમાં જોડાવા અને આ લડાઈમાં સૌમ્યાને ટેકો કરવા શોમાં દાખલ થાય છે, બોલીવુડ અને ટેલિવિઝનના લોકપ્રિય રોનિત રોય જે રૂપલ ત્યાગી સાથે રજત સિંહ તરીકે દેખા દેશે. બે નવા પ્રવેશની સાથે, તેણીના સંઘર્ષની મુસાફરી વધુ ગહન જ બનવાની છે કેમ કે તેણી વિવિધ અવરોધોનો સામનો કરે તથા બહુગુણિત ધર્મસંકટો સાથે લડે છે. શોનો આવી રહેલ એપિસોડ, સૌમ્યા (રુબિકા દિલાઈક) અને તેણીના સંપૂર્ણ પરિવારને તેણીના માતૃત્વ માટેની ઈચ્છાના મજબૂત નિર્ણયના લીધે ગામવાસીઓ દ્વારા બહિસ્કાર કરતાં જોશે. એ વાતની ચોકસાઈ માટે કે તેણીના અધિકારો તેણીને આપવામાં આવે તેણીની લડાઈમાં, તેણીની સૌથી મોટી શક્તિ છે હરમનનો ટેકો છે જે તેણીને પોતાની લડાઈમાં ટકાવી રાખનાર બનશે. શું સૌમ્યા તેણીને ટેકો કરનારાઓની મદદથી કેસ જીતી જશે કે પછી સમાજ તેણીના નુકસાન પર હસશે? વધુ જાણવા માટે શક્તિ... અસ્તિત્વ કે એહસાસ કી જોતા રહો દર સોમવારથી શુક્રવાર રાત્રે ૮:૦૦ કલાકે, ફક્ત કલર્સ પર!

## વુમન્સ ફૂટબોલ ઈન ઈન્ડિયા માટે નેશનલ અલાયન્સ દિલ્હીમાં આયોજિત કરાઈ




મહિલા દિવસની આગેવાનીમાં, ઑસ્ટ્રેલિયન હાઈ કમિશન અને યુનેસ્કો સાથેની પાર્ટનરશીપમાં સીઈક્યૂયુઆઈએન (ઝઈઊૈંદ્ર) એ નવી દિલ્હીમાં વુમન્સ ફૂટબોલ ઈન ઈન્ડિયા માટે નેશનલ અલાયન્સનું આયોજન કર્યું હતું.ભારતમાં નવી ઉભરતી વુમન સ્પોર્ટિંગ આઈકન્સથી પ્રેરિત થઈને, ઈન્ડિયન વુમન્સ ફૂટબોલને વૈશ્વિક મંચ પર લઈ જવાની મહત્વકાંક્ષી યોજનાના સંયોજકના રૂપમાં સીઈક્યૂયુ આઈએન સાથેના અલાયન્સ સ્થાપિત કરવા માટે વિભિન્ન હિતધારકોને એક સાથે લાવે છે.આપણે જોયું છે કે હેલ્થ, એજ્યુકેશન, મોબિલિટી, ડિસિઝન મેકિંગ અને એક્સપાન્ડેડ સોશિઅલ નેટવર્ક્સના સંદર્ભમાં એડોલસન્ટ ગર્લ એમ્પાવરમેન્ટ માટે એક તૂલના રૂપમાં આ કેટલું શક્તિશાળી છે.

## અવીવા લાઈફ ઈન્યોરન્સના કાર્યસ્થળ પર મહિલાઓને સશકત બનાવવા માટે વિંગ્સ શરૂ કરાયું

અવીવા લાઈફ ઈન્શ્યોરન્સ એ મહિલા કર્મચારીઓને સશકત બનાવા માટે વિશેષરીતે ડિઝાઈન કરેલ મેન્ટરશીપ કાર્યક્રમ વિંગ્સ (ડબ્લ્યૂઆઈએનજીએસ) ને શરૂ કરવાની ઘોષણા કરી છે. વિંગ્સ કાર્યક્રમ અવીવામાં બધા મહિલા કર્મચારીઓના સંરક્ષણ માટે અવીવા લાઈફ ઈન્શ્યોરન્સની 'એસએચઈ' સાહસની એક પહેલ છે. અવીવા ઈન્ડીયાના વિમેન નેટવર્ક દ્વારા એસએચઈનો વિચાર સામાજીકરીતે સમર્થ એવી મહિલાઓના એક સક્રીય સમાજ તરીકે કરવામાં આવ્યો હતો જે મહિલા સશક્તિકરણના હિતમાં પડકારોનો સામનો કરવા માટે કાર્ય કરે છે. આ નવીન પહેલનો હેતું અવીવામાં મહિલાઓના વ્યાવસાયિક અને વ્યક્તિગત લક્ષ્યો સિદ્ધ કરવા માટ સશકત બનાવવાનો છે. સંરક્ષણ એક આવશ્યક પ્રથા છે કારણ કે તે એક વ્યક્તિના વિકાસ અને તેને ભવિષ્ય માટે તૈયાર કરવાનો સૌથી સારી રીત છે.પરંતુ વર્તમાન સમયમાં પણ જયારે મહિલા સશક્તિકરણને વૈશ્વિક મહત્વ મળવાનું શરૂ થયું છે ત્યારે પણ પાંચ માંથી એક મહિલા દાવો કરે છે કે તેમના કાર્યસ્થળ (ઓફિસ) પર કોઈ સંરક્ષક નથી. કાર્યસ્થળ પર સંરક્ષણની એક પ્રભાવી વ્યવસ્થા હોવાથી મહિલાઓને એ નિર્ધારિત કરવામાં મદદ મળે છે કે તેઓ શું બની શકે, તેમાં તેઓને તેમના ભવિષ્ય અને વિકાસની સંભાવનાની સ્પષ્ટ તસ્વીર મળે છે. આ પ્રકારે મહિલાઓને વધારે સશકત બનાવવા માટે એક સંરચિત મેન્ટરશીપ કાર્યક્રમ હોવો જરૂરી છે જયાં મહિલાઓ એક-બીજા પાસેથી શીખી શકે.સારા નેતા માટે સારી કોમ્યુનિકેશન સ્કીલ (સંચાર કે વાર્તાલાપનુ કૌશલ્ય) આવશ્યક છે પરંતુ આજના ઓફિસ (કામકાજ) ના વાતાવરણમાં બધા લોકો તેમના સ્ક્રીન સાથે ચોંટાયેલા હોય છે, એવામાં પ્રત્યક્ષ વાર્તાલાપના અભાવથી અંતર કે વૈયક્તિક ખાઈ ઉભી થાય છે.મહિલા સશક્તિકરણ અને સ્ત્રી-પુરૂષ સમાનતા માટે વૈશ્વિકરીતે આંદોલન ચાલુ છે પણ વિંગ્સની શરૂઆત અવીવા લાઈફ ઈન્શ્યોરન્સ દ્વારા ઉપરોકત હેતુંને સિદ્ધ કરવાની દિશામાં ઉઠાવવામાં આવેલ વધુ એક પગલું છે.

## એમ્બેસી ઓફિસ પાર્ક્સ REIT (ભારતનું પ્રથમ REIT)નો આઈપીઓ ૧૮ નાં રોજ ખુલશે અને ૨૦ માર્ચનાં રોજ બંધ થશે




ભારતમાં રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા સૌપ્રથમ એમ્બેસી ઓફિસ પાર્ક્સ REIT ("એમ્બેસી REIT")નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) ૧૮ માર્ચ, ૨૦૧૯નાં રોજ ખુલશે. એની પ્રાઈઝ બેન્ડ રૂ. ૨૯૯થી રૂ. ૩૦૦ છે. એમ્બેસી REIT કુલ રૂ. ૪૭,૫૦૦ મિલિયન ("ઈશ્યૂ")નાં યુનિટ ઈશ્યૂ કર્યા છે. આ ઈશ્યૂ REIT નિયમનોનાં નિયમન ૧૪(૨૭)ને અનુરૂપ પોસ્ટ-ઈશ્યૂ આધારે ઈશ્યૂ થયેલા અને પેઈડ-અપ યુનિટનો ઓછામાં ઓછો ૧૦ ટકા હિસ્સો ધરાવશે. ઈશ્યૂ ૨૦ માર્ચ, ૨૦૧૯નાં રોજ બંધ થશે.

ઈશ્યૂની ચોખ્ખી આવકનો ઉપયોગ (૧) ચોક્કસ એસેટ સ્પેશ્યલ પર્પઝ વ્હિકલ્સ ("SPVS")નાં બેંક/નાણાકીય સંસ્થાઓનાં અને ઈન્વેસ્ટમેન્ટ કંપનીનાં ઋણની આંશિક કે સંપૂર્ણ ચુકવણી કે આગોતરી ચુકવણી માટે, (૨) અત્યારે એમ્બેસી વન ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ ("EODPL") દ્વારા જાળવવામાં આવેલા એમ્બેસી વન એસેટ્સનાં એક્વિઝિશન માટે ચુકવણી અને (૩) સાધારણ કાર્યો માટે થશે. સેબીની માર્ગદર્શિકા મુજબ ઈશ્યૂમાં વ્યૂહાત્મક રોકાણકારો દ્વારા ભાગીદારી સામેલ હશે.ઈશ્યૂ REIT નિયમનો અને સેબીની માર્ગદર્શિકાને અનુરૂપ તથા બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે રજૂ કરવામાં આવ્યો છે, જેમાં ઈશ્યૂનો મહત્તમ ૭૫ ટકા હિસ્સો (વ્યૂહાત્મક રોકાણકારનાં હિસ્સાને બાદ કરતાં) સપ્રમાણ ધોરણે સંસ્થાગત રોકાણકારોને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે મેનેજર લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને સંસ્થાગત રોકાણકારનાં ૬૦ ટકા સુધીનાં હિસ્સાને વિવેકનાં આધારે એન્કર રોકાણકારોને ફાળવી શકે છે. ઉપરાંત REIT નિયમનો અને સેબીની માર્ગદર્શિકાને અનુરૂપ ઈશ્યૂનો લઘુતમ ૨૫ ટકા હિસ્સો (વ્યૂહાત્મક રોકાણકારનાં હિસ્સાને બાદ કરતાં) સપ્રમાણ આધારે નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે ઈશ્યૂ પ્રાઈસ પર કે એનાથી વધારે પ્રાઈસ પર માન્ય બિડ્સ મળવાને આધિન છે.એન્કર રોકાણકારો અને વ્યૂહાત્મક રોકાણકારો માટે સબસ્ક્રાઈબ કરેલા યુનિટ સિવાય બિડર્સ દ્વારા લઘુતમ ૮૦૦ યુનિટનાં લોટ માટે અને પછી ૪૦૦ યુનિટનાં ગુણાંકમાં બિડ કરી શકાશે.

## ફક્ત મહિલાઓ માટે મોબાઈલ આધારિત સુરક્ષા સેવા, "આઈડિયા સખી" લોન્ચ થઈ

બહાર નીકડીને પોતાના સપનાને પુરા કરવાની ઈચ્છા રાખવાવાળી મહિલાઓ ની વધતી ચિંતા ને દૂર કરવા માંટે બ્રાન્ડ આઈડિયા એ એક અનન્ય મોબાઈલ આધારિત સમાધાન, આઈડિયા સખી રજુ કર્યું છે આ સેવા નિશુક્લ સેવા દેશની બધી મહિલા ગ્રાહકો ને આઈડિયા પ્રીપેડ અને પોસ્ટપેઈડ સેવા પર ઉપલબ્ધ છે આનો ઉપયોગ સ્માર્ટફોન અને બેઝિક ફીચર ફોન પર પણ ઉપલબ્ધ છે. આઈડિયા સખી પાસે ત્રણ અત્યંત ઉપયોગી લાક્ષણિકતાઓ છે - ઈમર્જન્સી એલર્ટ્સ, ઈમરજન્સી બેલેન્સ અને પ્રાઈવેટ નંબર રિચાર્જ "ટેકનોલોજી અવરોધોને દુર કરી ગ્રાહકોની જિંદગીની સમસ્યાઓનું સમાધાન કરવામાં મદદ કરી શકે છે. અમારી લગભગ અડધી જનસંખ્યા મહિલાઓની છે અને તેમાંથી ૫૯ ટકા મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. એટલે અમે તેમની રક્ષા તથા સુરક્ષા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છે. આઈડિયા સખીની સાથે અમે સામાજિક ઉદ્દેશ્ય માટે ટેકનોલોજીના ઉપયોગ અને સમાવિષ્ટ લાવવાની પોતાની લોંગ ટર્મ કમિટમેન્ટને પૂરી કરી રહ્યા છે." આન્તરરાષ્ટ્રીય વિમેન્સ વીકમાં લોન્ચ કરાયેલ આ સેવા તેલંગાણા, આસામ અને ઉત્તર પૂર્વ ઉપરાંત આંધ્રપ્રદેશ અને તેલંગાણા માં આઈડિયાના મહિલા ગ્રાહકોને ઉપલબ્ધ કરાઈ છે તમિલનાડુ, કેરળ ગુજરાત, જમ્મુ, કાશ્મીર, મહારાષ્ટ્ર અને ગોવા, એમપી અને છત્તીસગઢ અને દિલ્હી, બિહાર તથા ઝારખંડ, કોલકાતા તથા રેસ્ટ ઓફ વેસ્ટ બંગાલ, પંજાબ અને ઓડિશાની આ મહિને આ તમામ ૨૨ વર્તુળોમાં શરૂ થશેઆઈડિયા સખી બધા સ્માર્ટફોન અને ફીચર ફોન પર કામ કરશે અને તથા ગ્રાહકની પાસે વોઈસ અને ડેટાનું બેલેન્સ નહીં હોય તો પણ આ કામ કરશે. આ પ્રકાર આ સેવા મહિલાઓને જરુરત પડવા પર સદૈવ સરળતાથી ઉપલબ્ધ રહશે.

## હેર બ્રશ ગાઈડ ૧૦૧- તમારા વાળ માટે હેરબ્રશ કઈ રીતે ચૂંટશો



ફાઉન્ડેશન, ડ્રેસ કે લિપસ્ટિક ચૂંટતી વખતે આપણે બહુ ધ્યાન રાખીએ છીએ, પરંતુ હેરબ્રશ ચૂંટવાનો વારો આવે ત્યારે તેટલી બારીકાઈથી ધ્યાન અપાતું નથી. દરેક વાળના પ્રકાર માટે હેરબ્રશ છે, જે તમારી આવશ્યકતા અનુસાર અચૂક ઢાળવામાં આવેલા હોય છે. એમેઝોન બ્યુટી એન્ડ લક્ઝરી બ્યુટીનાં કન્ટેન્ટ હેડ સોબિયા મોગલે સૌથી સામાન્ય હેરબ્રશીઝ ઓળખી કાઢીને તમારે માટે લેગવર્ક કર્યું છે અને તમારા વાળના પ્રકાર માટે ઉત્તમ હેર બ્રશ કયું રહેશે અને શા માટે તે સમજાવે છે. આમાંથી અમુક મુદ્દા તમને આશ્ચર્યમાં મૂકી શકે છે!

પેડલ બ્રશ:આ બ્રશીઝ સામાન્ય રીતે ઉપલબ્ધ હોય છે, જે નરમ કુશનયુક્ત તળિયું અને બોલ-ટિપ બ્રિસલ્સ ધરાવે છે, સજે ધીમેથી તમારી કાલ્પને માલિશ કરે છે અને મુલાયમ રીતે ગૂચ દૂર કરે છે. જો વાળ નૈસર્ગિક રીતે મુલાયમ હોય તો તેનું મુલાયમપણું અને ચમકને બહેતર બનાવે છે. જો તમારા વાળને તમે સ્ટ્રેટન કરવા માગતા હોય તો આ બ્રશ ઈસ્ત્રી તેનો ચમત્કાર સર્જે તે પૂર્વે ગૂંચને દૂર પણ કરે છે.

વેન્ટેડ બ્રશ : નામ અનુસાર બ્રશીઝના આ પ્રકારમાં વેન્ટ્સ હોય છે, જે હવાને દરેક ખૂણાથી તમારા વાળ અને સ્કાલ્પમાં પહોંચાડે છે. તમારા વાળના ટેક્સચરને બહેતર બનાવવા સાથે તે તમારા વાળનું વોલ્યુમ વધારે છે. ઝડપી બ્રશ તમારા વાળને ભરાવદાર દેખાવ આપી શકે અને ભીના વાળ સૂકવવાનો સમય પણ અડધોઅડધ ઓછો કરે છે. (તમારા વાળમાં હેરબ્રશ ફેરવો તે પૂર્વે તે ૮૦ ટકા સુકાયેલા હોય તેની ખાતરી રાખો).

## એકઝોનોબેલ ઈન્ડિયા તેના પેઈન્ટ પોર્ટફોલિયોને ડુલક્સ પ્રોફેશનલ સાથે મજબૂત બનાવી રહેલ છે

ભારતમાં અગ્રણી વૈશ્વિક પેઈન્ટ અને કોટિંગ્સ કંપની અને ડુલક્સ પેઈન્ટ્સના નિર્માતાઓ અકઝોનબેલ, ડુલક્સ પ્રોફેશનલ કેટલોગમાં બે ક્રાંતિકારી ઉત્પાદનો રજૂ કરે છે. ડુલક્સ પ્રોફેશનલ વેધરશિલ્ડ ટીઆર ઈ -૨૦૦૦ અને ડુલક્સ પ્રોફેશનલ વેધરશિલ્ડ ક્રિએશનને સ્ટોનેટેક્સના ટકાઉપણાની ખાતરી કરવા માટે વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવ્યા છે અને રહેણાંકીય, વ્યાવસાયિક, શિક્ષણ, આરોગ્યસંભાળ અથવા હોસ્પિટાલિટી સેક્ટરની જરૂરિયાતો અને વ્યવસાયિક આવશ્યકતાઓને પહોંચી વળવા માટે બનાવેલ છે.

ડુલક્સ પ્રોફેશનલ વેધરશીલ્ડ ટીએઆર ઈ -૨૦૦૦, સુપર ડ્યૂરેબલ (ખૂબ મજબૂત) બાહ્ય પેઈન્ટને 'ટાઈમરેસ્ટિસ્ટ ટીએમ' ટેક્નોલોજીનું પીઠબળ છે જે દ્વારા -વિલીન, શેવાળ પ્રતિકાર અને ધૂળ સામે જાળવણી કરે છે. આ વિસ્તૃત ઉત્પાદન કાર્બન ફૂટપ્રિન્ટને પ્રમાણભૂત બાહ્ય ઈમ્યુલેન્સની તુલનામાં ૫૦% થી વધારે ઓછું કરે છે અને તેનું આયુષ્ય તેને ૧૫ વર્ષથી વધુ લાંબા સમય સુધી જાળવણી સાથે ટકાઉ બનાવે છે. આ ઉત્પાદનને, બીજા વેધરશિલ્ડ રેન્જ ઉત્પાદનોની જેમ જ 'સનરિફ્લેક્ટ ટીએમ' ટેક્નોલોજી સાથે વિકસાવવામાં આવેલ છે જે બિલ્ડિંગને ઠંડુ કરવા માટે ઉપયોગમાં લેવાતી ઉર્જાની વપરાશમાં વાર્ષિક ધોરણે ૫ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટાડો કરે છે અને વાર્ષિક ૧૫% જેટલી બચત કરે છે ડુલક્સ પ્રોફેશનલ ગ્રાહકોને વ્યાપક સોલ્યુશન્સ પૂરા પાડે છે જેમાં પ્રોજેક્ટ અને મેડિકલ પ્રોજેક્ટ્સ માટે રંગ જેવા પ્રોજેક્ટ સેગમેન્ટ્સ માટે શ્રેષ્ઠ ઉત્પાદન યોજના અને કલર પેલેટનો સમાવેશ થાય છે. ગ્રાહકોને દરેક પ્રોજેક્ટ માટે યોગ્ય ઉત્પાદનોના ઉકેલો અને રંગો વિશે વિગતવાર માહિતી અને સહાયક સલાહકાર સેવાઓ સાથે પણ સપોર્ટ કરવામાં આવે છે.

## મેટાબોલિક સિન્ડ્રોમને સુધારવામાં અખરોટનું દરરોજ સેવન સકારાત્મક ભૂમિકા ભજવે છે



નવી દિલ્હી

એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, અખરોટ ખાવાથી મેટાબોલિક સિન્ડ્રોમને સામાન્ય સ્તરે ફરી સ્થાપિત કરવામાં મદદ મળે છે અથવા મેટાબોલિક સિન્ડ્રોમ જોખમી પરિબળોમાં સુધારો લેવા છે. કોરિયન ન્યુટ્રિશન સોસાયટીના જર્નલ, ન્યુટ્રિશન રિસર્ચ એન્ડ પ્રેક્ટિસમાં પ્રકાશિત થયેલા એક સંશોધન પેપર મુજબ અખરોટનું નિયમિત સેવન એચડીએલ કોલેસ્ટ્રોલને વધારીને અને ચયાપચય ગ્લુકોઝનું સ્તર ઘટાડીને મેટાબોલિક સિન્ડ્રોમ સ્થિતિમાં હકારાત્મક ફેરફાર લાવી શકે છે. ખાસ કરીને, દૈનિક અખરોટનો વપરાશ એચબીએ-૧સીને સાનુકુળ રીતે બદલીને અને એડિપોનેક્ટિન લેવલને સર્ક્યુલર કરીને ડાયાબિટીસના સંભવિત સંક્રમણ દરને ઘટાડવા માટે યોગદાન આપી શકે છે.કોરિયાના પુખ્ય વયના ૧૧૯ પુરુષો અને મહિલા (૩૦ થી ૫૫ વર્ષ વચ્ચેની ઉંમરના)ને મેટાબોલિક સિન્ડ્રોમ સાથે બે જૂથોમાં રેન્ડમ રૂપે વિભાજિત કર્યા પછી આ અભ્યાસ નિયંત્રિત ક્રોસઓવર ટ્રાયલના સ્વરૂપમાં કરવામાં આવ્યો હતો. પ્રથમ જૂથના લોકો ૪૫ ગ્રામ અખરોટ (૩૦૫.૪ ગ્રામ કેલેરી, ૬.૪ ગ્રામ ૬.૪ ગ્રામ, ૨૮.૯ ગ્રામ ચરબી અને અને ૬.૪ ગ્રામ પ્રોટિન) નો વપરાશ કરવાની સૂચના આપવામાં આવી હતી, અને બીજા જૂથને આઈસો-કેલૉરિક વ્હાઈટ બ્રેડ (૩૧૩.૩ ગ્રામ કેલેરી, ૬૦.૫ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૩.૪ ગ્રામ ચરબી અને ૧૦.૨ પ્રોટિન) આપવામાં આવી હતી. આ બંને જૂથોને ૧૬ અઠવાડિયા સુધી દરરોજ નાસ્તામાં નક્કી કરેલી ઉપરોક્ત વસ્તુ આપવામાં આવી હતી. ૧૮ સપ્તાહના ક્લિનિકલ ટ્રાયલ બાદ બંને જૂથોને છ સપ્તાહ સુધી આરામના સમયગાળામાં સાદું ભોજન આપવામાં આવ્યું હતું. આરામના સમયગાળા બાદ સફેદ બ્રેડ અને અખરોટનું ૧૬ સપ્તાહ સુધી સેવન કરવા માટે અનુક્રમે પ્રથમ અને બીજા જૂથમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. "મેટાબોલિક સિન્ડ્રોમ એ વિશ્વભરમાં એક મુખ્ય સ્વાસ્થ્ય અંગેની સમસ્યા છે, પરંતુ કોરિયન ફૂડ કલ્ચર ચોખાના કેક, બ્રેડ અને ઈન્સ્ટન્ટ નૂડલ્સનો ઉપયોગ કરે છે કારણ કે તેમનો મુખ્ય ખોરાક ચોખા હોય છે. મેટાબોલિક સિંડ્રોમનું નિદાન દર સામાન્ય પ્રકારના શરીર કરતા વધારે છે." પરંતુ, "આ ક્લિનિકલ ટ્રાયલ દર્શાવે છે કે તેમ, અખરોટનો વપરાશ મેટાબોલિક સિન્ડ્રોમને સુધારવા ઉપર સકારાત્મક અસર કરે છે. તેથી, હાઈ કાર્બોહાઈડ્રેટ વાળા નાસ્તોને બદલે અખરોટને નાસ્તા તરીકે લેવાથી, મેટાબોલિક સિન્ડ્રોમને અટકાવવા અને સુધારવા માટે સારી પસંદગી હોઈ શકે છે.""મેટાબોલિક સિન્ડ્રોમને જોખમ પરિબળોના જૂથ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છેઃ જેમાં હાઈ બ્લડ પ્રેશર, હાઈ બ્લડ ખાંડ, અસ્થિર કોલેસ્ટેરોલ સ્તર અને પેટના ચરબી છે. ભોજન અને જીવનશૈલીમાં સુધારો અને ફેરફાર દ્વારા આવા લક્ષણો દૂર કરી શકાય છે અને અટકાવી શકાય છે. જો તેમાં સુધારો ન થાય, તો લાંબા ગાળે ગંભીર રોગો, જેમ કે ડાયાબિટીસ અથવા કાર્ડિયોવેસ્ક્યુલર બિમારી થવાની સંભાવના મેટાબોલિક સિન્ડ્રોમની ગેરહાજરીથી નોંધપાત્ર રીતે વધી જાય છે. તેથી, એક તંદુરસ્ત શરીર બનાવવા માટે, દરરોજ અખરોટનું સેવન કરવાનું સૂચવવામાં આવે છે. કારણ કે આ ક્લિનિકલ ટ્રાયલના પરિણામોમાં દર્શાવ્યા મુજબ અખરોટનું દરરોજ સેવન મેટાબોલિક સિન્ડ્રોમના જોખમી પરિબળોને સુધારવામાં સકારાત્મક ભૂમિકા ભજવે છે"

# આઝાદીના ૭૨ વર્ષ પછી પણ બાયડના સાઠંબાકંપામાં અંધારુ ઉલેચતાં ૨૦ જેટલા ઠાકોર પરિવારો





પ્રતિનિધિ અરવલ્લી

ગતિશીલ ગુજરાત વિકાસશીલ ગુજરાતની મસમોટી વાતો રાજ્ય સરકાર ગઈ વગાડી કરી રહી છે અરવલ્લી જીલ્લામાં આઝાદી ૭૨ વર્ષ પછી પણ અનેક પાયાગત સુવિધાઓથી વંચિત છે બાયડ તાલુકાના સાઠંબાકંપામાં રહેતા ૨૦ થી વધુ ઠાકોર પરિવારો આઝાદીના ૭ દાયકો પછી પણ વીજળીના અભાવે અંધારમાં જીવનનિર્વાહ ચાલવી રહ્યા છે નવાઈની વાત તો એ છે કે ૧૦૦ મીટર દૂર આવેલા પટેલ સમાજના ઘરોમાં લાઈટની સુવિધા ઉપલબ્દ્ધ છે પાંચ વર્ષ અગાઉ વીજતંત્ર દ્વારા વીજપોલ નાખી દીધા પછી વીજ કનેક્શન આપવમાં નપાણુ સાબિત થઈ રહ્યું છે.

સાઠંબાકંપામાં રહેતા ૨૦ થી વધુ ઠાકોર પરિવારોના બાળકો લાઈટના અભાવે અભ્યાસમાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અભ્યાસ કરતા બાળકોએ સૂર્યના અજવાળે અને દીવાના સહારે અભ્યાસ કરવા મજબુર બન્યા છે. સૂર્યોદય થાય એટલે લોકોની જિંદગી પાટા પર ચાલતી થાય છે, અને સૂર્યાસ્ત થતાંની સાથે જ રોજગાર ધંધા બંધ થતા હોય છે પરંતુ અહીંના લોકોની જિંદગી કાયમ માટે સૂર્યાસ્ત થઈ હોય તેવું લાગી રહ્યું છે. વીજળી સાથે સાથે પીવાના પાણી માટે પણ દર દર ભટકવું પડી રહ્યું છે.

સાઠંબાકંપા નજીક રહેતા વીસ જેટલા મકાનો ધરાવતા ક્ષત્રિય સમાજના લોકો અહીં કેટલાય વર્ષોથી વસવાટ કરે છે, પણ તેમની સાથે આરમાયું વર્તન કેમ કરવામાં આવે છે તે યક્ષ પ્રશ્ન આજે પણ યથાવત છે. વીજતંત્ર રાજકીય નેતાઓ સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં રાજકીય નેતાઓ કે પછી તંત્રના પેટનું પાણીએ નથી હાલતું વીજતંત્રમાં વારંવાર રજુઆત કરતા ૫ વર્ષ આગાઉ વીજપોલ ઉભા કરી દીધા પછી વીજ કનેક્શન અગમ્ય કારણોસર આપવામાં ન આવતા લોકો અંધેરુ ઉલેચી રહ્યા છે.

ઠાકોર સમાજના લોકોએ ઉગ્ર રોષ સાથે જણાવ્યું હતું કે સાઠંબાકંપાની એક બાજુ પટેલ સમાજ વસવાટ કરી રહ્યો છે ત્યાં લાઈટની સુવિધા ઘરે-ઘરે પહોંચી છે. પરંતુ પટેલ સમાજના વસવાટથી ફક્ત ૧૦૦ મીટર દૂર રહેતા ૨૦ થી વધુ ઠાકોર સમાજના પરિવારો વીજળીના અભાવે દીવાના સહારે રહેવા મજબુર બન્યા છીએ ખેતી માટે મળતા વીજપ્રવાહથી થોડો સમય લાઈટના અજવાળાના ટમટમિયાં જોવા મળે છે. નહી તો અંધારપટમાં જીવનનિર્વાહ ચલાવવો પડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉજ્જવલા યોજના થકી મહિલાઓને ધુમાડાથી મુક્તિ અપાવવાની વાત કરી રહ્યા છે. બીજીબાજુ સાઠંબાકંપાની મહિલાઓ ઘરમાં અજવાળું પાથરવા ધુમાડાના સહારે જીવવા મજબુર બની છે.

# સાબરકાંઠામાં વાતાવરણ પલટાતા ખેડૂતોમાં ચિંતા



હિંમતનગર

પ્રાંતિજ , હિંમતનગર સહિત અન્ય ઠેકાણે છાંટા પડતા ખેડૂતોની મનોસ્થિતી બદલાઈ જો માવઠું થાયતો ઘઉ સહિતના અન્ય પાકોનો સોથ વળી જશે

આ વર્ષ સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો પર કુદરત રૂઠી હોય તેમ અવારનવાર વાતાવરણમાં આવી રહેલા પલટા ને કારણે ખેડૂતો ચેનથી જીવી શકતા નથી અને મહામુલા પાકને વાતાવરણના પલટાથી થનારૂ નુકશાન અટકે તે માટે પ્રભુ પ્રાર્થના કરી રહ્યા છે . દરમિયાન બુધવારે વાતાવરણમાં આવેલા પલટાને કારણે આખો દિવસ વાદળોથી ઘેરાયેલો રહ્યો હતો અને બપોરના સુમારે તો ચોમાસુ હોય તેમ દિવસે પણ અંધારા જેવુ થઈ ગયુ હતુઅને બપોરના સુમારે હિંમતનગર સહિત પ્રાંતિજ અને અન્ય સ્થળે વરસાદના છાંટા પડતા ખેડતોના જીવ અધ્ધર થઈ ગયા હતા . આ અંગેની વિગત એવી છેકે સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષે પડેલા ઓછા વરસાદને કારણે ખેડૂતોને પાકમાં સિંચાઈ આપવા માટે જોઈતુ પાણી પુરતુ ન હોવાને કારણે ખેડૂતોએ ગમે તેમ કરીને વાવેતર કર્યુ હતુ ત્યારબાદ શીયાળામાં ઘઉનું વાવેતર કરાયા બાદ બોરકુવાઓમાં પાણી નીચા જતા રહેતા મહામુસીબતે ખેડૂતોએ ઘી તૈયાર કર્યા છે અત્યારે જિલ્લામાં ઘઉંનું વાવેતર ૧૫ હેક્ટરથી વધુ જમીનમાં થયેલું હોવાથી મોટાભાગના ઘઉ પાકી જવાની અણી પર છે . બરાબર આજ સમયે વાતાવરણમાં અવારનવાર આવી રહેલા પલટાથી ઘઉના પાકને આંશિક નુકશાન થયુ છે દરમિયાન

બુધવારે ફરીથી વાતાવરણમાં આવેલા પલટાને લીધે સાબરકાંઠામાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો અને બપોરના સુમારે આકાશ વાદળોથી ઘેરાઈ ગયા બાદ અચાનક વરસાદના છાંટા પડવાનું શરૂ થઈ ગયુ હતું જેથી ખેડૂતવર્ગ ચિંતામાં મુકાઈ ગયો હતો જો આગામી દિવસોમાં માવઠુ થાય તો તેના કારણે ઘઉં , દિવેલા , વરીયાળી અને જીરૂના પાકને વ્યાપક નુકશાન થશે.

# કાંકણોલ પાસેથી રૂા. ૧૭ લાખનો વિદેશી દારૂ પકડાયો

## એ ડીવીઝન પોલીસે રૂા . ૨૯ , ૯ લાખનો મુદ્દામાલ કબ્બે લઈ બે જણાની અટકાયત કરી

હિંમતનગર

લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે કેટલાક બુટલેગરો દારૂની હેરાફેરી કરવા માટે સક્રિય બની ગયા છે ત્યારે મંગળવારે બાતમીને આધારે હિંમતન - ડીવીઝન પોલીસે કાંકરોલ નજીકથી પાસપરમીટ વિના ટ્રકમાં ભરીને લઈ જવાતા . ૧૦ . ૦૦ લાખની વિદેશી દારૂની ૪૫૫ પેટી કજે લઈ રાજસ્થાનના નમોની અટકાયત કરી લીધી હતી જોકે પોલીસને જોઈને ભાગી ગયેલા અન્ય બૈ ઈસમોની શોધખોળ કરાઈ રહી છે . - અંગે એડીવીઝનના પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે તેમને એવી બાતમી મળી હતી કે શામળાજી તરફર્થી એક ટ્રકમાં પાસપરમીટ વિ રૂનો મોટો જથ્થો હિંમતનગર થઈ અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે જે આધારે એડીવીઝન પોલીસે કાંકણોલ નજીક વોચ ગોઠવી વાહનોનું ચેકીંગ હાથ દરમિયાન અગાઉ મળેલી બાતમીને આધારે અહીંથી પસાર થઈ રહેલ ટ્રક નં . યુપ . ૨૪ , ટી . ૧૦૫૪ ને શંકાને આધારે ઉભી ખાવી હતી ત્યારબાદ તેમાં તપાસ કર માંથી પાસ પરમિટ વિનાની રૂા . ૧૦ , ૬૦ લાખની વિવિધ માકવાળી દારૂની ૪૫૫ પેટી મળી આવી હતી જેથી પોલીસે ટ્રકના ચાલક લયાકત ઉર્ફે આર માનખાન મુસલમાન ( રહે . હરીયાણા ) તથા શહેજાદ જમાલુ ( રહે . હરીયાણા ) ને ટ્રકમાંથી નીચે ઉતારી પાસ પરમિટ અંગે પૂછપરછ કરી હતી અને જો પાસપરનિ ચતો તે રજુ કરવા માટે જણાવ્યુ હતુ . તુ પકડાયેલા આ બંને જણાએ દારૂની હેરાફેરી માટેની કોઈ પરમીટ રજુન કરતા એડીવીઝન પોલીસે તરત જ દારૂ ભરેલી ટ્રક તથા બંને જણા પાસેથી મોબાક ને ટ્રક મળી રૂા . ૨૯ . ૯૯ લાખથી વધુનો મુદ્દામાલ કર્ભ લીધો હતો તથા પકડાયેલા બંને જણા વિરૂધ્ધ અને ટ્રકના પાયલોટીગ કરતા ભાગી ગયેલા દેવલ પીલાલ ડાંગી ( રહે . રાજસ્થાન ) તથા જગદીશ કુકારામ ડાંગી વિરૂધ્ધ એડીવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી .

# વિજયનગર તાલુકાના દટવાવ ત્રણ રસ્તા નજીક બાઈક ચાલકે ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર

વિજયનગર તાલુકાના દટવાવ ત્રણ રસ્તા પરથી મંગળવારે પસાર થઈ રહેલા એક બાઈક ચાલકે ગફલતભરી રીતે બાઈક હંકારી રોડ પર જઈ રહેલા એક યુવાન પાછળથી ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી ઘાયલ થયેલા આ ઈજાગ્રસ્તનું મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ચિઠડા પોલીસ સ્ટેશનમાં નોધાવી હતી.

આ અંગે દઢવાવના નરેશકુમાર રત્નાજી ડામોરએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે ત્રણ રસ્તા પરથી પસાર થઈ રહેલા નંબર વગરની બાઈકને ગફલતભરી રીતે હંકારી અહીથી રોડ પર ચાલીને જઈ રહેલા દિનેશભાઈ વનાજી ડામોર ( ઉ . વ . ૩૮ ) ને પાછળથી ટક્કર મારતા તેઓ ગંભીર ઘવાયા હતા. જેથી દિનેશભાઈ ડામોરનું મોત નિપજ્યુ હતુ તથા અકસ્માત કરીને બાઈક ચાલક ભાગી ગયો હર્તા જે અંગે નરેશકુમાર ડામોરે અજાચા બાદ - લક વિરૂધ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી .

# અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રાજસ્થાનને જોડતી ઉન્ડવા સરહદ સુની સુની




પ્રતિનિધિ અરવલ્લી

સમગ્ર દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ત્યારે ગુજરાતમાં પણ લોકસભાની ૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી આગામી ૨૩ એપ્રિલના રોજ યોજાવાની છે ત્યારે એ સાથે જ ચૂંટણી વિભાગ દ્વારા આદર્શ આચારસંહિતાનો અમલ કરવા માટે પણ તંત્રને આદેશ કર્યો છે ત્યારે આચારસંહિતાના અમલ માટે દરેક સરહદો પર સલામતી સુરક્ષા ચુસ્ત બનાવવાની હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રાજસ્થાનને જોડતી ઉન્ડવા ગામે આવેલ સરહદ પર આચારસંહિતાના અમલ માટે કોઈ જ કર્મચારી કે સુરક્ષા કર્મી જોવા મળ્યા હતા. આચારસંહિતા અમલમાં આવે ૩૬ કલાકથી વધુ

સમય થયો છતાં એસએસટીથી લઈ જુદી જુદી ટીમોના કોઈ જ કર્મચારીઓ ઉન્ડવા ચેકપોસ્ટ પર જોવા મળ્યા ન હતા. ઉન્ડવા ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી ગુજરાત તરફ રોજના હજારો નાના મોટા વાહનો પસાર થતા હોય છે અને આમેય આ સરહદેથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ તેમજ નશીલા પદાર્થો ઝડપાયેલા છે ત્યારે ચૂંટણી ટાણે કોઈ વિસ્ફોટક પદાર્થ કે નશીલી ચીજવસ્તુઓ ગુજરાતમાં ઘૂસે અને ચૂંટણી સમયે અરાજકતા ફેલાય તો જવાબદાર કોણ એથી પણ વધુ હાલ આ ચેકપોસ્ટ પર કાયમી ફરજ બજાવતા માત્ર ૨ કોન્સ્ટેબલો છે

તેઓ પણ પોતાનું મોટરસાયકલ લઈને ચેકપોસ્ટ પર ફરજ માટે આવે છે કોઈ કેફી પદાર્થ કે વિસ્ફોટક લઈ ગુજરાત તરફ કોઈ ઈસમ ભાગવાની કોશિશ કરે એવા સમયે તેમનો પીછો કરવા માટે જીપ કે અન્ય મોટું વાહન પણ સરહદ પર તૈનાત નથી. ત્યારે ચૂંટણી સમયે આવી સરહદો પર સધન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે એ ખાસ જરૂરી છે.

# ડેમાઈ ગામે હુમલાના પગલે રાજ્યના દલિત અગ્રણીઓએ પ્રાંત કલેકટરને આવેદનપત્ર આપ્યું



પ્રતિનિધિ અરવલ્લી

બાયડ તાલુકાના ડેમાઈ ગામમાં આર.ઓ પ્લાન્ટ માંથી પાણી ભરતા દલિત યુવકને અટકાવતા સામાન્ય બોલાચાલી બાદ ઝગડાની અદાવત રાખી ૮ જેટલા પટેલ યુવકો અને આધેડ એકઠા થઈ ગેરકાયદેસર મંડળી રચી મારક હથિયારો થી હલ્લાબોલ કરતા ૪ દલિતોના શરીરે ગંભીર ઈજાઓ થતા ભારે ચકચાર મચી હતી એસીએસટી સેલના ડીવાયએસપી પણ દોડી આવ્યા હતા અને સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો ૮ પટેલ સમાજના લોકો સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાતા અને સામે પક્ષે દલિત યુવકે અને અજાણ્યા શખ્શે પટેલ મહિલાની છેડતીની ફરિયાદ નોંધાવતા દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા રાજ્યના દલિત સમાજના વિવિધ સંગઠનોના અગ્રણીઓ બાયડ પોલીસ સ્ટેશને પહોંચી ત્યારબાદ બાયડ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી દલિત સમાજ પર અત્યાચાર આચરનાર શખ્શો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ન્યાયની માંગ કરી હતી.

રાષ્ટ્રીય હીત રક્ષક દળના હસમુખ સક્સેના,સંવિધાન અધિકાર જ્ઞાન સભાના પ્રમુખ અશોક સમ્રાટ, ગુજરાત ભીમ સેનાના પ્રમુખ ડી.ડી.સોલંકી, પિયુષ ચમાર,આનંદ પરમાર, રાજુ ભાઈ,રાહુલ ચાવડા, હસમુખ ચૌહાણ,સમીર ચૌહાણ સહિતના દલિત અગ્રણીઓ ગુરુવારે બાયડ ખાતે દોડી આવ્યા હતા અત્યાચારનો ભોગ બનેલ પીડિત દલિત પરિવાર રમેશ મહેશ્વરીની મુલાકાત લઈ પોલીસ સાથે ચર્ચા કરી બાયડ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી દલિત પરિવારને અન્યાય થશે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું.

# હિંમતનગર આંગણે આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાયો



હિંમતનગર

એલર્ટનગર મધ્યે હિતેશભાઈ ગાંધીનો કુળદીપક હેમકુમાર દીક્ષા અંગીકાર કરી સંયમના પંથે પ્રયાણ કરેલ પંચાન્હીકા મહોત્સવ સાથે અત્યંત હર્ષ ઉલ્લાસ પૂર્વક દીક્ષા મહોત્સવની પૂર્ણાહુતિ થયેલ ચી.હેમકુમાર યુવાહદય સમ્રાટ હેમરત્નસુરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પરમ પૂજ્ય હદયરત્ન મ.સા.ના શિષ્ય તરીકે સંયમના પંથે પ્રયાણ કર્યો. હવેથી હેમકુમાર પરમપૂજ્ય હેમાર્ષીરત્ન મુનિરાજ તરીકે નામકરણ સફળ શ્રીસંઘની હાજરીમાં ધારણ કરેલ દિક્ષા પરમ પૂજ્ય આચાર્ય ભગવંત દર્શનવલ્લભ મ.સા ઉગ્ર વિહાર કરી દીક્ષાર્થીને આશીર્વાદ આપેલ અને પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજની નાદુરસ્ત તબિયત હોવા છતાં હિંમતનગર મુકામે પધારેલ નૂતન દીક્ષિતને આશીર્વાદ આપેલ સફળ હિંમતનગર શહેરના સફળ જૈન સંઘો તથા સાધુ સંત સાધ્વીજી ભગવંતો શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં દિક્ષા અંગીકાર કરી હતી. શ્રીસંઘના ટ્રસ્ટીઓ એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયાના યુવાનો મંડળ ભ્હ્રાંમી સુંદરી ગ્રુપના સાથ સહયોગથી સમસ્ત મહોત્સવ ઉત્સાહપૂર્વક પરિપૂર્ણ થયેલ હિતેશભાઈ ગાંધી પરિવાર સર્વેનો આભાર માને છે.

# અરવલ્લી જીલ્લા પોલીસે ત્રણ વાહનો માંથી ૨ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો :લાખ્ખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત



પ્રતિનિધિ અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂની રેલમછેલ જોવા મળે છે દેશી દારૂની સાથે વિદેશી દારૂના બંધારણીયો અને ખાસ કરીને યુવાનો વિદેશી દારૂના રવાડે ચઢતા અને હોળી-ધુળેટીના તહેવારમાં વિદેશી દારૂની ખપત વધતા બુટલેગરો પણ દારૂબંધીનો ફાયદો ઉઠાવી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રૂપિયા રળી રહ્યા છે માલપુર પોલીસે ટીસ્કી ગામના જાણીતા બુટલેગર હેમંત ઉર્ફે રામો ઉર્ફે અનિલ સુનિલભાઈ જયસ્વાલે ટીસ્કી પ્રાથમિક શાળા નજીક અલ્ટો કારમાં સંતાડી રાખેલો રૂ.૩૮૨૦૦/- નો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો અપેક્ષા અનુસાર પોલીસ રેડ જોઈ બુટલેગર નાસી છૂટવામાં આબાદ સફળ રહ્યો હતો જીલ્લા એલસીબી પોલીસે પાણીબાર ગામ નજીક પીક અપ ડાલામાંથી ૧.૦૫ લાખ અને ફૂટા પાટિયા નજીક ફોર્ડ કાર માંથી રૂ.૫૭૬૦૦/- નો વિદેશી દારૂ ઝડપ્યો હતો. અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ જીલ્લામાં દેશી-વિદેશી દારૂનું વેચાણ અને પરિવહન અટકાવવા સતત પ્રયત્નશીલ છે પરંતુ સ્થાનિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત થી દેશી દારૂની ભઠ્ઠીઓ ગ્રામ્ય વિસ્તારમાં ધમધમી રહી છે અને વિદેશી દારૂની ગમેતે બ્રાન્ડ માંગો ત્યારે હાજર કરનાર બુટલેગરોનો ટોટો નથી મોડાસામાં ૨ થી ૩ બુટલેગર એક્ટિવામાં હોમ ડિલિવરી અપાતા હોવાની વાત જગજાહેર છે માલપુર પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે બાતમીના આધારે ટીસ્કી પ્રાથમિક શાળા નજીક ટીસ્કી ગામના પ્રોહી.લિસ્ટેડ બુટલેગર હેમંત ઉર્ફે રામો ઉર્ફે અનિલ સુનિલભાઈ જયસ્વાલે મારુતિ અલ્ટો કાર (ગાડી.નં-જ્ન ૦૯ મ્ન ૦૪૫૪ ) માં વેચાણ અર્થે સંતાડી રાખેલો વિદેશી દારૂની બોટલ,ક્વાંટરીયા અને બિયર નંગ-૩૫૦ કી.રૂ.૩૮૨૦૦/- નો જથ્થો જપ્ત કરી કારની કી.રૂ.૧૫૦૦૦૦/- મળી કુલ.રૂ.૧૮૮૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર હેમંત ઉર્ફે રામો ઉર્ફે અનિલ સુનિલ જયસ્વાલ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે પાણીબાર ગામ નજીક થી પીકઅપ ડાલા (ગાડી.નં-જ્ન ૯૭ફ ૩૭૩૩ ) માંથી વિદેશીદારૂ ની બોટલ નંગ-૨૬૪ કી.રૂ.૧૦૫૬૦૦/- નો જપ્ત કરી પીકઅપ ડાલા કી.રૂ. ૩૦૦૦૦૦/- મળી કુલ રૂ.૪૦૫૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી તદઉપરાંત ટીંટોઈ ફૂટા નજીકથી ફોર્ડ ફ્યુઝન કાર (ગાડી.નં-જ્ન ૨૦૭ ૨૬૧૩ ) માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૪૪ કી.રૂ.૫૭૬૦૦/- નો જપ્ત કરી ફોર્ડ ફ્યુઝન કારની કી.રૂ.૨૦૦૦૦૦/- મળી કુલ રૂ.૨૫૭૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બંને વાહનોના ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# અરવલ્લી જીલ્લામાં આચાર સંહિતાના અમલમાં તંત્રે બાંકડા અને બસ સ્ટેન્ડ પર કુચડો ફેરવતા કોંગ્રેસી ધારાસભ્યમાં રોષ



પ્રતિનિધિ અરવલ્લી

લોકસભાની ચૂંટણી જાહેર થતા જ સાબરકાંઠા બેઠક ઉપર આચાર સંહિતાના અમલીકરણ માટે ચૂંટણી તંત્ર સજ્જ બની અમલીકરણ માટે વિવિધ ફ્લાઈંગ સ્કોર્ડ બનાવી ચુસ્ત અમલીકરણ માટે સરકારી મિલ્કતો ઉપર અને જાહેર સ્થળોએ,વિકાસના કામો અને લોકઉપયોગી થયેલ કામો પર લાગેલા રાજનેતાઓના બેનરો અને ફોટાઓ ઉતારી દેવામાં આવ્યા છે અને તકતીઓ ઢાંકી દેવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં ત્રણે વિધાનસભા બેઠકો કોંગ્રેસના કબ્જામાં છે ત્યારે ચૂંટણી તંત્ર દ્વારા ધારાસભ્યની ગ્રાન્ટ માંથી બેસવા માટે તેમના વિસ્તારમાં મુકેલા બોકડા પર ધારાસભ્યના નામ પર કુચો ફેરવી દેવાતા અને પીકઅપ બસ સ્ટેન્ડમાંથી ધારાસભ્યના બોર્ડ અને ફોટાઓ હટાવતા ચૂંટણી તંત્ર બેવડા ધોરણ અપનાવતું હોવાનો બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ આક્ષેપ કરી ભાજપના નેતાઓના જાહેરસ્થળો પર લગાવેલા કેટલાય બોર્ડ યથાવત હોવાનો આક્ષેપ મુક્યો હતો બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આચાર સંહિતા ના નામે તેમની ગ્રાન્ટ માંથી તેમના વિસ્તારમાં બેસવા માટે મુકેલ બાંકડા પર કડૂચો મારી ભૂંસી નાખતા અને પીકઅપ સ્ટેન્ડ પરથી ફોટા અને બોર્ડ હટાવતા વિરોધ નોંધાવી આચાર સંહિતાનો ભંગ થતો ન હોવાનો દાવો કરી તેમનું નામ ભૂંસી નાખયું હોવાનો અને ભારતીય જનતા પાર્ટીના બોકડા એમનાએમ હોવાનું અને કેટલીક જગ્યાએ કાળા કલર ના પટ્ટા મારી બેવડા ધોરણ અપનાવવામાં આવતો હોવાનો આક્ષેપ કરી રાજ્યસભાના સાંસદ અમિત શાહની ગ્રાન્ટમાંથી વર્ષ-૨૦૧૭-૧૮ જીલ્લા આયોજન મંડળ, અરવલ્લીના માલપુર સરકારી દવાખાનામાં આપેલ એમ્બ્યુલન્સ પર નામ હટાવવામાં આવ્યું ના હોવાનું આક્રોશ પૂર્વક જણાવી આચાર સંહિતા દરેક રાજકીય પક્ષ માટે એકસરખી લાગુ પાડવામાં આવેની માંગ કરી હતી.

# વિજયનગર તાલુકામાં મતદાન જાગૃતિ માટે બાઈક રેલી યોજાઈ



હિંમતનગર

લોકસભાની ચૂંટણીમાં જાહેર થઈ છે.ત્યારે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિજયનગર તાલુકાની પ્રા. શાળા ના શિક્ષકો દ્વારા વિવિધ કાર્યક્મો કરવામાં આવ્યા છે.અને મામલતદાર તાલુકા વિકાસ અધિકારી શ્તાલુકા પ્રા.શિક્ષણ અધિકારી અને શિક્ષ-કો દ્વારા જહેમત ઉઢાવી કાર્યક્રમ ઉઠાવીને ક્રાયકર્મ સફળ બનાવ્યો હતો.

# હિંમતનગરમાંથી બાઈક ચોરાયુ

હિંમતનગર

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં મંગળવારે પાર્ક કરાચેલ રૂા . ૪૫ હજારની કિંમતના બાઈક નં . જીજે . ૦૯ . સીઆર , ૯૮૨૪ની અજાણ્યો શખ ચોરી કરી - ગયો હતો જે અંગે રાજેશભાઈ મણીભાઈ પટેલે અજાણયા સવિરૂધ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી .

**દિયોદર...**

**પાના નં.૧ ચાલુ**

રોજ દિયોદર પોલીસ મથક ખાતે આરોપી ચંદુભાઈ કાવજીભાઈ ભગોરા સામે દુષ્કર્મની ફરીયાદ નોંધાવતા પોલીસે વિદ્યાર્થીનીને ફરીયાદ લઈ આરોપીને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. જે કેસ ગઈકાલે દિયોદર એડીશનલ સેસન્સ જજ પી.ટી.પટેલ સમક્ષ ચાલ્યો હતો. જેમાં સરકારી વકીલ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી.જેમાં પુરાવા આરોપી વિરૂધ્ધ હોવાથી કોર્ટે સરકારી વકીલ ડી.વી.ઠાકોરની દલીલો ધ્યાને રાખી આરોપીને ઈ.પી.કો. કલમ ૩૬૩ માં ૭ વર્ષની સજા અને ૨૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. ત્યારે બીજી ઈ.પી.કો. કલમ ૩૭૬ ના ગુન્હોમાં ૧૦ વર્ષની સખત કેદ અને રૂપિયા ૨૦૦૦ નો દંડ તેમજ પોસ્કો હેઠળની કલમમાં ૧૦ વર્ષની સજા એન ૨૦૦૦ નો દંડ ફટકારયો હતો અને શિક્ષકને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

**પૂર્વ ધારાસભ્ય...**

**પાના નં.૩ ચાલુ**

અને પાટીદાર સમાજના વરિષ્ઠ આગેવાન નુભાઈ ધોરાજીયાને વિધિવતરીતે ખેસ પહેરાવી ભાજપમાં સ્વાગત કરતા જણાવ્યું હતું કે, હનુભાઈ ધોરાજીયા પાટીદાર સમાજના વરિષ્ઠ અગ્રણી અને સામાજિક આગેવાન છે. વર્ષોથી તેઓ અનેક પ્રકારની સામાજિક સેવાક્રિય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા છે. સમગ્ર અણરેલી જિલ્લામાં તેઓ ખુબ મોટી લોકચાહના ધરાવે છે. પાટીદાર સમાજના ભામાશા તરીકે ઓળખાતા હનુભા ધોરાજીયો સુરતના હિરાઉદ્યોગમાં પણ ખુબ મોટી નામના ધરાવે છે.

તેઓના ભાજપમાં જોડાવાથી ભાજપની શક્તિમાં ઉમેરો થયો છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, સમાજ પ્રત્યેની લાગણીથી તેઓ એક સમયે પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયા હતા અને તેઓએ તન-મન-ધનથી કહેવાતા આંદોલનકારીઓને મદદ કરી હતી, પરંતુ રાજકીય રોટલા શેકવા માટે સમાજના નામે આંદોલન કરનારાઓના અસલી ચહેરા ખુલ્લા પડતા સમાજને છેતરનારાઓનો સાથ છોડી તેઓ આજે ભાજપ સાથે જોડાયા છે. સમગ્ર ગુજરાત ભાજપ સંગઠન વતી હનુભાઈનું ભાજપમાં હૃદયપૂર્વક સ્વાગત કરુ છું.

**મુંબઈમાં ગીતા...**

**પાના નં.૩ ચાલુ**

સાથોસાથ મારા તમામ પ્રસંશકો કે જે દેશ વિદેશમાં રહી મારા લોક ગીતો સાંભળે છે. અને મારૂ નામ વિશ્વસ્તર સુધી ઉજાગર કરે છે.

આ ટ્રન્સ મીડીયા સ્પેશીયલ એવોર્ડઝ ગુજરાતી સ્કીન એન્ડ સ્ટેજ એવોર્ડઝ ૨૦૧૯ મુંબઈના જાસ્મીનભાઈ શાહ, અભિલાષ ઘોડા, પિયુષ સોલંકી, કરણ ઘોડા, દિપક અંતાણી, પરેશ દેસાઈ તથા તેમીન ટીમે આ એવોર્ડ સમારોહનું આયોજન કરેલ. આ પ્રસંગે પેન ઈન્ડસ્ટ્રીઝ ફિલ્મ કંપનીના ઓનર જયંતીલાલ ગડા તેમજ મુંબઈના જુદા જુદા વ્યવસાયો સાથે સંકળાયેલા મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ એવોર્ડ વિજેતાઓને એનાયત કરવામાં આવ્યા હતા.

**પોલીસ મહાનિરીક્ષક...**

**પાના નં.૩ ચાલુ**

ધાનેરા અને પાંથાવાડા પોલીસમથકનો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.તમામ દ્વારા ડીબી વાઘેલાનું સ્વાગત કર્યા બાદ તેમની સાથે બેઠક યોજાઇ હતી.જેમાં ક્રાઈમ,આગામી લોકસભાની ચુંટણી અનુસંધાને વિદેશી દારૂની હેરાફેરીની પ્રવૃતિ રોકવા કડક સુચના સહિતના મુદ્દાઓની ચર્ચા પણ કરવામાં આવી હતી.મહાનિરીક્ષકના ઈન્સ્પેક્શનના બે દિવસ જીલ્લા પોલીસઅધિક્ષક પ્રદિપ શેજુળે પણ ડીવિઝનની મુલાકાત લીધી હતી.

**દેશના પ્રથમ...**

**પાના નં.૮ ચાલુ**

પરંતુ સાંજ પડતાની સાથે જ મોટાભાગે બંધ થઇ જતું હોઇ ગ્રામજનોએ આ બાબતે બેન્કના સત્તાધીશોને રજૂઆતો કરવા છતા કોઇ જ નિરાકરણ આવ્યું ન હતું. રજૂઆતો બાદ થોડાક સમય રેગ્યુલર એ.ટી.એમ ચાલુ રહ્યા બાદ હાલમાં ફરીથી સાંજ ઢળતાની સાથે જ એટીએમને ખંભાતી તાળા લાગી જાય છે. જાણવા મળતી માહિતી અનુસાર બેન્કમાં કામ કરતા એક કર્મચારી સાંજે એટીએમ બંધ કરી ચાવી પોતાના ઘરે લઈ જતા રહેતા હોવાથી રાત્રીના સુમારે ઈમરજન્સી સમયે નાણાં લેવા માટે ગ્રામજનોને હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે આ બાબતે અનેક સવાલ ઉઠતા હવે આ બાબતની ગંભીર નોંધ લઈ દેના બેન્કના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પગલાં ભરે તેવી માંગ ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છે કે ડિજિટલ વિલેજ નો પ્રારંભ થયા બાદ હજુ સુધી ગામમાં ડિજિટલ ને લગતી કોઇ સેવા કાર્યરત થઈ નથી ત્યારે ડિજિટલ ઇન્ડિયાની વાતો પણ અહી પોકળ સાબિત થઇ જવા પામી છે.

**બનાસકાંઠા જિલ્લામાં...**

**પાના નં.૮ ચાલુ**

કાર સહિતનો રૂ.૯.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ થરાદ પોલીસે માનાભાઈ રાવળ, રામારામ નાઈ, પ્રેમારામ નાઈ અને પોપટભાઈ ઠાકોર નામના ઈસમોને ઝડપી લીધા હતા. જ્યારે ધાનેરાના ભાંજણા ગામેથી પોલીસે મોટર સાયકલ પર લઈ જવાતો રૂ.૨૮ હજારનો દારૂ ઝડપી લઈ રાજસ્થાનના જાલોર જિલ્લાના રહેવાસી નરસિંગારામ પટેલ સામે ધાનેરા પોલીસ મથકે ગુનો નોંધી મોટર સાયકલ તથા દારૂ સહિત રૂ.૫૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. તે ઉપરાંત પાંથાવાડા પોલીસ મથક વિસ્તારના ધાનેરાના વિરોલ ગામે પણ પોલીસે બાતમી આધારે શેવરોલેટ ગાડીમાંથી રૂ.૨૬ હજારનો દારૂનો જથ્થો તથા ગાડી સહિત રૂ.૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જા કે આ બનાવમાં ગાડીનો ચાલક ભાગી છુટ્યો હતો. જ્યારે દાંતાના દલપુરા ગામ નજીક ચોકડી પાસે ચેકીગ દરમ્યાન વેગનઆર કારમાં લઈ જવાતો વિદેશી દારૂ તથા નાની મોટી કુલ ૨૧૬ બોટલો રૂ.૩૮ હજારનો દારૂ ઝડપાયો હતો તેમાં પોલીસે મહેશજી ઠાકોર અને વિક્રમજી ઠાકોર નામના મહેસાણાના વડનગરના ઈસમોને ઝડપી લઈ તથા દારૂ અને ગાડી મળી રૂ.૧.૩૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ઉપરોક્ત તમામ કેસોમાં પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ભુરીયા-લોઢનોર...**

**પાના નં.૮ ચાલુ**

અધુરી હોવાથી વાહનો ફસાઈ જવાની ભીતિ સતાવતી રહે છે અને જો અધુરી પડેલી કામગીરી પૂર્ણ કરવામાં નહિ આવે તો ચોમાસામાં વરસાદના કારણે બંને છેડે કિચ્ચડ સર્જાવાની પરિસ્થિતિ ઉભી થઇ શકે છે તથા ચોમાસામાં પાકો રસ્તો ફક્ત શોભાનો ગાંઠીયો બની જશે તેવું દેખાઈ રહ્યું છે તથા આ ભુરીયા-લોઢનોર વચ્ચે પાકા રસ્તાની થયેલી કામગીરીમાં અત્યંત ગેરરિતી થઈ હોવાથી આ બાબતે તંત્ર ધ્યાન દોરી રિ-સર્વે કરી યોગ્ય કાર્યવાહી કરી અધુરી પડેલી કામગીરી હાથ ધરવામાં આવે તેવી ગ્રામજનોમાં તથા વાહન ચાલકોમાં બૂમરાડ ઉઠવા પામી છે અને હવે અધુરી મુકેલી રસ્તાની કામગીરી કયારે હાથ ધરાય છે તે અંગે ગામલોકો રાહ જોઈ રહ્યા છે.

**ગુજરાતના સ્થાપના...**

**પાના નં.૮ ચાલુ**

આ ચૂંટણીઓમાં ૨ કરોડ ૮૫ લાખ ૨૯ હજાર ૦૯૪ મતદારો પૈકીના ૧ કરોડ ૨ લાખ ૪૮ હજાર ૬૫૦ એ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને સૌથી ઓછું એટલે કે ૩૫.૯૨ ટકા મતદાન નોંધાયું હતું. ચૂંટણી આયોગની આ વેબસાઈટમાં દર્શાવેલી રાજ્યમાં લોકસભા ચૂંટણીઓના ઉમેદવારોની વિગતો જોઇયે તો ૧૯૬૨માં ૬૮, ૧૯૬૭માં ૮૦, ૧૯૭૧માં ૧૧૮, ૧૯૭૭માં ૧૧૨, ૧૯૮૦માં ૧૬૯, ૧૯૮૪માં ૨૨૯, ૧૯૮૯માં ૨૬૧, ૧૯૯૧માં ૪૨૦, ૧૯૯૬માં ૫૭૭, ૧૯૯૮માં ૧૩૯, ૧૯૯૯માં ૧૫૯, ૨૦૦૪માં ૧૬૨, ૨૦૦૯માં ૩૫૯ અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓમાં ૩૩૪ ઉમેદવારો પોતાનું ભાવિ અજમાવી ચૂકયા છે. મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાનની પવિત્ર ફરજ અદા કરી શકે તે માટે ચૂંટણીઓના આ પર્વમાં મતદાન મથકો પોલીગ સ્ટેશન્સ ચૂંટણી આયોગ અને પ્રશાસન દ્વારા ઊભા કરવામાં આવતા હોય છે. આવાં મતદાન મથકોની વિગતો પણ આ અધિકૃત વેબસાઈટમાં આવી છે. તદ્અનુસાર, ૧૯૬૨માં ૨૨ બેઠકોની ચૂંટણી માટે ૯૫ લાખ ૩૪ હજાર ૯૭૪ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ૧૦૯૬૦ મતદાન મથકો હતાં. મતદારોમાં થતા વધારા સાથોસાથ મતદાન મથકોની સંખ્યામાં પણ વૃધ્ધિ થતી જાય છે અને ૨૦૧૯ની આગામી ચૂંટણીઓના તા. ૨૩ એપ્રિલના થનારા મતદાન માટે રાજ્યમાં ૫૧,૭૦૯ જેટલા મતદાન મથકો ઊભા કરવામાં આવશે.

**વાવ માર્કેટયાર્ડમાં ...**

**પાના નં.૮ ચાલુ**

પર્વ બાદ ખેતરોમાંથી સંપૂર્ણ રીતે રવિ પાક લેવાઈ જશે. ત્યાર બાદ માર્કેટયાર્ડ રાયડા અને જીરાની બોરીઓથી ઉભરાઈ જશે. આમ દિન-પ્રતિદિન માર્કેટયાર્ડ ખેડૂત મિત્રો વેપારી મિત્રોના સહયોગથી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે.

**છાપી પોલીસે ...**

**પાના નં.૮ ચાલુ**

પરમાર રહે. મૂળ પિદરડા તાલુકો જિલ્લો ગાંધીનગર હાલ રહે. બાપુનગર અમદાવાદ સામે ગેરકાયદેસર એમ્બ્યુલન્સમાં દારૂની હેરફેર તેમજ પ્રોહીબિશન એકટ મુજબ ગુનો દાખલ કરી અટકાયત કરી હતી.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૫૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૫૦૦
સોનુ તોલો ૩૨૫૦૦-૩૩૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૬૦**
પામોલીન ૧૦૬૦
સોયા રીફાઈન ૧૪૦૦
રાયડાતેલ ૧૫કી.૧૩૬૦
**સીંગતેલ૧૫ કી. ૧૬૮૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૦૦
**સીગતેલ ૫ લી. ૫૧૫**
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૩૫
વનસ્પતિ ઘી ૧૦૮૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૫૦
૫ કે. કોપરેલ ૯૮૦
૫લી. અંકુર સીંગતેલ ૫૪૧
**૧૫ લીટર સનફલાય ૧૩૨૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૫૦
૫ લી. ૪૨૫
૨ લી. ૧૭૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૬૦૦૦
કીચન ચેમ્પીયન મોગર ૫૫૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૬૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત સ્પેસીયલ ૮૦૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૮૦૦૦
દાવત દિલખુશ ૮૦૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૧૦૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૪૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૭૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૭૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૧૧૦૦૦
દુન તીબાર ૨૫ કી.૯૦૦૦
દુન તીબાર ૧૦ કી.૮૦૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૫૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૮૨૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૪૦૦
હેરીટેજ તીબાર ૮૫૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૨૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૭૪૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૫૦૦
પરી નં. ૭ તીબાર ૯૨૦૦
પરી સુપર દુબાર ૭૫૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૮૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૭૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦**
**ખાંડ એમ. ૩૪૦૦-૩૫૦૦**
ખાંડએલ. ૩૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૧૦૫૦-૧૧૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૧૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૨૦૦
જીરાળુ ૧૮૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૭૮૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૭૨૦
**પરચુરણ**
સોજી ૯૨૫
મેંદો ૯૦૦
શ્રીફળ એમ. ૧૩૫૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૦૦
એલચી ૧૫૦૦-૧૮૦૦
મોરૈયો ૬૫-૯૦
તલ ૧૨૦-૧૪૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
**દુધી ૪૦૦**
સુકી ડુંગળી ૧૨૦
લસણ ૮૦૦
ધાણા ૩૦૦
**મરચાં ૮૦૦-૧૦૦૦**
લીંબુ ૯૦૦
અડવી પત્તા ૫૦૦
આદુ ૭૫-૯૦
**રીંગણ ૩૦૦-૪૦૦**
ટામેટા ૨૪૦-૪૦૦
**ભીંડા ૮૦૦-૧૦૦૦**
કોબી ૩૨૦
વટાણા ૪૦૦
ટીંડસા ૮૦૦-૧૪૦૦
ગવાર ૧૪૦૦
બાદશાહ બટાકા ૨૦૦
**સાંગા બટાકા ૧૪૦- ૨૦૦**




# મહાન અભિનેતા પૃથ્વીરાજકપુર

**ફિલ્મી સિતારા-કમલેશ કંસારા**

પૃથ્વીરાજકપુરનું નામ એક એવા અભિનેતાના રૂપમાં યાદ કરવામાં આવે છે. જેમણે પોતાના કડક અવાજ, રોબદાર ભાવ અને દમદાર અભિનયના બળ પર લગભગ ચાર દશક સુધી સીનેદર્શકોના દિલો પર રાજ કર્યુ હતું. પૃથ્વીરાજકપુર ૧૯૨૮ માં મુંબઈમાં 'ઈમ્પીરીયલ ફિલ્મ કંપની' સાથે જોડાયા હતા. ૧૯૩૦ માં બી.પી.મિશ્રાની ફિલ્મ 'સિનેમા ગર્લ' માં અભિનય કર્યો હતો. થોડા સમય પછી એંડરસનની થિયેટર કંપનીનું નાટક 'સેકસપીયર' માં પણ અભિનય કર્યો હતો. લગભગ બે વર્ષના સંઘર્ષ બાદ પૃથ્વીરાજકપુરને ૧૯૩૧ માં પ્રદર્શિત ફિલ્મ 'આલમઆરા' માં સહાયક અભિનેતાના રૂપમાં કાર્ય કરવાની તક મળી હતી. પૃથ્વીરાજના પિતા દિવાન બશેસ્વરનાથ કપુર પોલીસ વિભાગમાં સબ ઈન્સ્પે.ના રૂપમાં કાર્યરત હતા. પૃથ્વીરાજે પોતાની પ્રારંભિક શિક્ષા લયલાપુર અને લાહોરમાં પુરી કરી હતી. થોડા દિવસો બાદ એમના પિતાની બદલી થતાં તેઓ પેશાવર આવી ગયા. પૃથ્વીરાજે પોતાની આગળની શિક્ષા પેશાવરની એડવર્ડ કોલેજમાં પુરી કરી.પૃથ્વીરાજનું મન ભણતરની સાથે થિયેટરની તરફ ઢળતું હતું. માત્ર ૧૮ વર્ષની વયે એમના વિવાહ થઈ ગયા અને ૨૮ વર્ષે તેઓ ત્રણે બાળકોના પિતા બની ગયા.પૃથ્વીરાજે પોતાના ત્રણેય પુત્રોને પોતાની પત્ની પાસે છોડીને તેઓ પોતાની કાકી માટે આર્થિક મદદ મેળવવાને માટે પેશાવરથી મુંબઈ આવ્યા.૧૯૩૧ માં ભારતની સૌ પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા' બની. જેમાં પૃથ્વીરાજે એક રોલ નિભાવ્યો હતો.

૧૯૩૩ માં પ્રદર્શિત ફિલ્મ 'રાજારામ' અને ૧૯૩૪ માં દેવકીબોઝની ફિલ્મ 'સીતા' ની સફળતા બાદ પૃથ્વીરાજે પોતાની એક અલગ ઓળખ બનાી લીધી. ત્યારબાદ પૃથ્વીરાજે 'ન્યુ થિયેટર' નિર્મિત અનેક ફિલ્મોમાં કામ કર્યું. 'રંજીત મુવી' ના બેનર હેઠળ ૧૯૪૦ માં પ્રદર્શિત ફિલ્મ 'પાગલ' માં પૃથ્વીરાજ કપુરે પોતાની ફિલ્મી કેરીયરમાં પ્રથમ વાર એન્ટી હીરોની ભૂમિકા નિભાવી ૧૯૪૧ ના વર્ષમાં સોહરાબ મોદીની ફિલ્મ 'સિકંદર' ની સફળતા બાદ પૃથ્વીરાજ કામયાબીના શિખર પર જઈ પહોંચ્યા ૧૯૪૪ ના વર્ષમાં પૃથ્વીરાજે પોતાની બધી જ મુડી લગાવીને ખુદની થિયેટર કંપની 'પૃથ્વી થિયેટર' શરૂ કરી. સોળ વર્ષમાં 'પૃથ્વી થિયેટર' ૨૬૬૨ શો થયા. જેમાં પૃથ્વીરાજે લગભગ બધા જ શોમાં અભિનય કર્યો હતો.એકવાર તત્કાલીન પ્રધાન મંત્રી જવાહરલાલ નહેરૂએ પૃથ્વીરાજ કપુરને વિદેશ જઈ રહેલ સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરવાની રજુઆત કરી પરંતુ પૃથ્વીરાજ કપુરે થિયેટરનું કાર્ય છોડીને વિદેશ જવાની ના પાડી.પૃથ્વીરાજ કપુરે પોતાના થિયેટર દ્વારા અનેક છુપાયેલ પ્રતિભાઓને આગળ વધવાની તક આપી હતી. જેમાં રામાનંદ સાગર, શંકર- જયકિશન જેવા મોટા નામોનો પણ સમાવેશ થાય છે. પૃથ્વીરાજ કપુરે અનેક યાદગાર ફિલ્મોમાં અભિનય કર્યો છે. પચાસના દશકમાં પૃથ્વીરાજ કપુરની જે ફિલ્મો પ્રદર્શિત થઈ હતી. એમાં શાંતારામની 'દહેજ' અને એમના પુત્ર રાજકપુર નિર્મિત આવારા મુખ્ય હતી. ફિલ્મ આવારામાં પૃથ્વીરાજે પોતાના પુત્ર રાજકપુર સાથે અભિનય કર્યો હતો. પૃથ્વીરાજ કપુરે સાઈઠના દશકમાં ફિલ્મોમાં અભિનય કરવાનું ઓછું કરી નાખ્યું. આ દરમ્યાન એમની 'મોગલે આઝમ, હરિચંદ્ર તારામતી, સિકંદરે આઝમ, આસમાન મહેલ જેવી કેટલીક સફળ ફિલ્મો પ્રદર્શિત થઈ હતી. ૧૯૬૦ ના વર્ષમાં પ્રદર્શિત ફિલ્મ 'મોગલે આઝમ' માં એમની સામે અભિનયમાં અભિનય સમ્રાટ દિલીપકુમાર હતા. તેમ છતાં પૃથ્વીરાજે પોતાના દમદાર અભિનય દ્વારા પ્રેક્ષકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરવામાં સફળતા મેળવી હતી. આ ફિલ્મમાં પૃથ્વીરાજે જલાલુદીન શહનશાહે અકબરનો રોલ ભજવ્યો હતો. પૃથ્વીરાજ કપુરનો અભિનય દિનોદિન નિખરતો ગયો અને હિંદી સિનેમા શૈશવકાળથી યુવાવસ્થામાં પ્રવેશ કર્યો હતો. પૃથ્વીરાજ કપુરે પોતાનો પુત્રો દ્વારા નિર્મિત કેટલીક ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં એમના મહત્વપૂર્ણ યોગદાનને ધ્યાનમાં રાખીને ભારત સરકારે વર્ષ ૧૯૬૯ માં પૃથ્વીરાજ કપુરને 'પદ્મભુષણ' થી સન્માનીત કર્યા હતા. તદ્ઉપરાંત ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનો સર્વોચ્ચ એવોર્ડ 'દાદા સાહેબ ફાળકે' પુરસ્કારથી પણ તેમને સન્માનવામાં આવ્યા હતા. પૃથ્વીરાજ કપુરે જે વૃક્ષ ફિલ્મી જગતમાં પરિવારનું વાવ્યું હતું તે સાથે એક ઘટાદાર અને છાયાદાર વૃક્ષ બની ગયું છે. એમના ત્રણ પુત્રો રાજકપુર, શમ્મીકપુર અને શશીકપુરે એમનો વારસો આગળ વધાર્યો. આજના યુગમાં રાજકપુરના પુત્રો રણધીર કપુર, ઋષિકપુર અને રાજીવકપુરે પણ ફિલ્મોમાં પોતાનું નામ ઉજાળ્યું છે અને પરિવારની પરંપરા જાળવી રાખી છે. આજે તો રણધીર કપુરની પુત્રીઓ કરીશ્મા અને કરીના તથા ઋષિકપુરનો પુત્ર રણવીર પૃથ્વીરાજનો વારસો આગળ વધારી રહ્યા છે. ૩ નવે.૧૯૦૬ ના રોજ પંજાબના લાયલપુર શહેરમાં જન્મેલ મહાન અભિનેતા પૃથ્વીરાજ કપુરે કેન્સરના કારણે ૨૯ મે,૧૯૭૨ ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી હતી.

**-કમલેશ કંસારા**

## વાણી કપુરને રિતિક- ટાઈગર સાથે એક્શન ફિલ્મ મળી

અભિનેત્રી વાણી કપુરને સારી ફિલ્મોની ઓફર કરવામાં આવી રહી હોવા છતાં તે ફિલ્મો સાઈન કરી રહી નથી. જો કે તે રિતિક રોશન અને ટાઈગર શ્રોફની સાથે એક ફિલ્મમાં નજરે પડનાર છે. જેનુ નામ હજુ જાહેર કરવામાં આવ્યુ નથી. વાણી માત્ર કોઈ એક ભાષા સુધી મર્યાદિત રહેવા માંગતી નથી. તે મિળ અને તેલુગ ફિલ્મો પણ વધારે પ્રમાણમાં કરવા માટે ઈચ્છુક છે. તે ચર્ચામાં રહેવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. નિર્માતા નિર્દેશકોનુ ધ્યાન દોરવાના તેના પ્રયાસો સફળ થઇ શકે છે. તે વધારે બોલ્ડ અને સેક્સી ફોટો પણ રજૂ કરી રહી છે. તે મોટા સ્ટાર સાથે કામ કરવાનુ સપનુ ધરાવે છે. બોલિવુડની ફિલ્મોમાં ટકી રહેવા માટે તે વધારે સ્લીમ દેખાવવા માટે પ્રયાસ કરી રહી છે. આગામી દિવસોમાં મોટા અભિનેતાઓ સાથે કામ કરવાની તક મળી જશે તેવો આશાવાદ તે ધરાવે છે. બેફિકેમાં નજરે પડેલી અભિનેત્રીએ કહ્યું છે કે, તે ઈચ્છે છે કે અફવા સાચી પડે અને તે આગામી સમયમાં બોલીવુડના સુપરસ્ટાર શાહરુખ ખાન સાથે કામ કરી શકે. પોતાની આગામી ફિલ્મો અંગે પૂછવામાં આવતા ૨૮ વર્ષીય અભિનેત્રી વાણી કપૂરે કહ્યું હતું કે, કોઈપણ યોજના હજુ તૈયાર થઈ નથી. પટકથામાં હાલ તે અભ્યાસ કરી રહી છે. તેની પાસે કેટલીક ફિલ્મોની ઓફર આવી છે. વાણી કપુર એક્શન ફિલ્મ માટે વધારે ફિટ અભિનેત્રી હોવાનો દાવો બોલિવુડમાં લોકો કરે છે. ચોપડા બેનર સાથે તેના સારા સંબંધ રહેલા છે. વાણી કપુર ટાઈગર શ્રોફ અને રિતિક રોશન જેવા એક્શન સ્ટાર સાથે ફિલ્મ મળ્યા બાદ ભારે ખુશ દેખાઈ રહી છે.

## રાજકુમારની સાથે જાન્હવી કપુર નજરે પડશે :અહેવાલ

બોલિવુડના લોકપ્રિય સ્ટાર રાજકુમાર રાવે હવે જાન્હવી કપુર સાથે ફિલ્મ કરવા માટેની તૈયારી કરી લીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તે વધુ એક હોરર ફિલ્મમાં કામ કરવા જઇ રહ્યો છે. ફિલ્મ માટે જાન્હવી કપુરને લેવામાં આવી ચુકી છે. રાજકુમાર રાવની ફિલ્મ સ્ત્રીને બોક્સ ઓફિસ પર શાનદાર પ્રતિસાદ મળ્યા બાદ હવે નિર્માતા દિનેશ વિજાને અભિનેતા રાજકુમાર રાવ સાથે વધુ એક ફિલ્મ કરવા માટેની તૈયારી કરી છે. ફિલ્મમાં અભિનેત્રીને લઈને શોધખોળ ચાલી રહી હતી. જો કે હવે શોધખોળ પુરી કરી લેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ ફિલ્મમાં જાન્હવી કપુરને લેવામાં આવી છે. સુત્રોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો ધડક ફિલ્મમાં તમામ નિર્માતા નિર્દેશકો જાન્હવી કપુરના દેખાવ અને એક્ટિંગથી પ્રભાવિત થયા હતા. જેથી તેને લીડ રોલમાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજકુમાર રાવ અને જાન્હવીની જોડી ફિલ્મ સ્ક્રીન પર નવી જોડી છે. બંને પહેલા ક્યારેય સાથે દેખાયા નથી. તમામ લોકો સારી રીતે જાણે છે કે જાન્હવી કપુર પોતે રાજકુમાર રાવની મોટી ચાહક તરીકે છે. તેના અંગે તમામ પ્રકારની માહિતી ધરાવે છે. ધડક ફિલ્મને જોઈને રાજકુમાર રાવ પણ પ્રભાવિત થયો હતો. હવે તેની સાથે ફિલ્મમાં કામ કરવા જઇ રહ્યો છે. હવે બંને સાથે કામ કરવા જઇ રહ્યા છે. જાન્હવી કપુર શ્રીદેવીની પુત્રી છે. જે વિતેલા વર્ષોમાં સુપર સ્ટાર અભિનેત્રી હતી. જો કે તેમનુ અવસાન આકસ્મિક રીતે થયા બાદ બોલિવુડમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ.

## લવ આજ કલ-૨માં કાર્તિકની સાથે કિયારા અડવાણી દેખાશે

બોલિવુડમાં કોઇ પણ અભિનેત્રી અથવા તો અભિનેતા માટે પાકી માહિતી વહેલી તકે બહાર આવતી નથી. હવે એવી માહિતી આવી છે કે કાર્તિક આર્યનની સાથે નવી ફિલ્મ લવ આજ કલ-૨માં સારા અલી ખાન નજરે પડનાર નથી. તેની સાથે હવે ફિલ્મ માટે કિયારા અડવાણીની પસંદગી કરવામાં આવી છે. પહેલા એવી ચર્ચા હતી કે ફિલ્મ માટે સારા અલી ખાનની પસંદગી કરી લેવામાં આવી છે. સારા હાલમાં સિમ્બાની સફળતા બાદ ભારે ખુશ દેખાઇ રહી છે. તે ફિલ્મ લવ આઈજ કલને લઇને આશાવાદી હતી. હવે તે બીજા ભાગમાં નહીં હોવાના હેવાલ મળ્યા છે. વર્ષ ૨૦૦૯માં આવેલી લવ આજ કલના નિર્દેશક ઈમ્તિયાજ અલી જ ફિલ્મના નિર્દેશક તરીકે કામ કરી રહ્યા છે. ઈમ્તિયાજ અલી ઈચ્છે છે કે ફિલ્મના બીજા ભાગને પહેલા કરતા બિલકુલ અલગ રીતે તૈયાર કરવામાં આવે. એમ કહેવામાં આવે છે કે કાર્તિક આર્યન ઈમ્તયાજ અલીની પ્રથમ પસંદગી તરીકે હતો. ત્યારબાદ તરત જ કિયારાને લઇ લેવામાં આવી છે. હાલમાં આ ફિલ્મની પટકથા પર કામ ચાલી રહ્યુ છે. આ ફિલ્મમાં હાલના દોરની રોમેન્ટિક કોમેડીને ઉમેરી દેવામાં આવનાર છે. વર્ષ ૨૦૦૯માં રજૂ કરવામાં આવેલી ફિલ્મમાં સેફ અલી ખાન, દિપિકા અને ગિજેલ મોટેરાની મુખ્ય ભૂમિકા હતી. ફિલ્મમાં રિશિ કપુરે પણ યાદગાર ભૂમિકા અદા કરી હતી. કિયારા પણ આ ફિલ્મને લઇને ભારે આશાવાદી છે. તેને સારી એક્ટિંગ કુશળતા દર્શાવવા માટેની તક મળી ગઇ છે. આ હિન્દી ફિલ્મની પટકથા રોમાંચક રહે તેમ માનવામાં આવે છે. લવ સ્ટોરી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે. ફિલ્મને લઇને પ્રાથમિક તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. કિયારાને પણ સુચના આપી દેવામાં આવી છે. કિયારા હવે આર્યન સાથે ફિલ્મને લઇને ભારે ખુશ છે.

## કાર્તિક આર્યન સાથે ફિલ્મ મળતા અનન્યા પાન્ડે ખુશ

છેલ્લા કેટલાક દિવસોમાં બોલિવુડ અભિનેતા કાર્તિક આર્યન કોઈને કોઇ કારણસર ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ પોતાની ફિલ્મ લુકાછિપીના કારણે કાર્તિક ભારે ચર્ચામાં જોવા મળી રહ્યો છે. હવે એવા હેવાલ આવ્યા છે કે વિતેલા વર્ષોની સુપરહિટ ફિલ્મ અને સંજીવ કુમાર અભિનિત ફિલ્મ પતિ પત્નિ ઔર વોમાં કાર્તિક નજરે પડનાર છે. આ ફિલ્મની રીમેક ફિલ્મ બનાવવા માટેની તૈયારી કરવામાં આવી છે. પહેલા હેવાલ આવ્યા હતા કે તાપ્સીને ફિલ્મમાં લેવામાં આવનાર છે. જો કે છેલ્લી ઘડીએ કોઇને વાત કર્યા વગર તાપ્સીને પડતી મુકી દેવામાં આવી હતી. હવે આ ફિલ્મના કલાકારો નક્કી કરી લેવામાં આવ્યા છે. હવે કાર્તિકની સાથે ફિલ્મમાં ભૂમિ અને અનન્યા પાન્ડેને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે ભૂમિ કાર્તિકની પત્નિ તરીકે ફિલ્મમાં કામ કરી રહી છે. જ્યારે અનન્યા પાન્ડે પ્રેમિકા તરીકે ફિલ્મમાં નજરે પડનાર છે. આ ફિલ્મનુ શુટિંગ ટુંક સમયમાં જ શરૂ કરવામાં આવનાર છે. ફિલ્મનુ નિર્દેશનનુ કામ મુદ્દાસીર હાથ ધરનાર છે. ફિલ્મની પટકથા સંપૂર્ણપણે તૈયાર કરી લેવામાં આવી છે. ભૂમિ અને અનન્યા પાન્ડે ફિલ્મને લઇને ભારે આશાવાદી છે.

કાર્તિક હાલના સમયમાં બોલિવુડમાં સૌથી લોકપ્રિય યુવા સ્ટાર તરીકે ઉભરી ચુક્યો છે. યુવા પેઢીની દરેક અભિનેત્રી તેની સાથે કામ કરવા માટે ઈચ્છુક છે. જેમાં સારા અલી ખાન પણ સામેલ છે. સારાએ હાલમાં એક કાર્યક્રમમાં પોતાની આ ઈચ્છા વ્યક્ત કરી હતી. હવે અનન્યા પાન્ડેને સારા કરતા પહેલા કાર્તિક સાથે ફિલ્મ મળી જતા તે ખુશ છે.

## શંખલપુર બિલેશ્વર મહાદેવના મહંત દેવલોક પામતા પાલખી નીકળી



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે બિરાજમાન ૨૦૦૦ વર્ષ પ્રાચીન શ્રી બિલેશ્વર મહાદેવની પવિત્ર જગ્યા મહંત ૧૦૮ શ્રી રામગીરીજી મહારાજ (નિરંજની અખાડા પંચાયતી - હરિદ્વાર) મંગળવારે સવારે ૧૦ વાગે દેવશરણ પામ્યા હતા. જેમની પાલખીયાત્રા બિલેશ્વર મહાદેવના મંદિરથી નીકળી ગામના રાજમાર્ગો પરથી પસાર થઈ પરત નીજમંદિરે પહોંચી હતી. જ્યાં તેમને સમાધિ આપવામાં આવી હતી. રામગીરી બાપુના અંતીમ દર્શન ચુંવાળ પંથકના સંતો-મંહતો, ગ્રામજનો તેમજ ભક્ત સમુદાય મોટી સંખ્યામાં ઉમટી પડ્યો હતો. બાપુના દેવશરણ ગમનથી ભક્ત સમુદાયમાં શોક છવાઈ ગયો હતો. ગામની નિર્જન જગ્યાને શૂન્યમાંથી સર્જન કરતી જાગતી કરવામાં રામગીરી બાપુનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. તેમના સાનિધ્યમાં અહીં શિવરાત્રી તેમજ શ્રાવણી અમાસનો મોટો મેળો ભરાતો હતો.

## મીઠીધારીયાલ પ્રાથમિક શાળામાં આનંદ મેળાની ઉજવણી

ચાણસ્મા

ગત તા. ૧૧/૦૩/૨૦૧૯ ના શાળાના ધો. ૬ થી ૮ ના ૧૦૦ બાળકો દ્વારા આનંદ મેળાની ઉજવણી અંતર્ગત શાળામાં વાનગી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. શાળાના આચાર્ય હીતેશભાઇ રાવલ અને સ્ટાફગણ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું તેમજ વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

## પાટણ,ચાણસ્મા અને કોરડાથી ૧૩ જુગારી ઝડપાયા : એક ફરાર

પાટણ

ચાણસ્મા અને વારાહીના કોરડામાંથી સોમવારે પોલીસે જુગાર રમતા ૧૩ શખ્સોને ઝડપ્યા હતા એક ફરાર હતો. રોકડ રૂ.૧૧૧૫૦ સહિત વાહન મોબાઈલ મળીને રૂ.૬૭૬૫૦ મુદ્દામાલ જપ્ત કયો હતો. પાટણ શહેરના દામાજીરાવ બગીચામાં આવેલ કુવાની બાજુમાં સોમવારે બપોરે જુગાર રમતાં ભીલ કનુભાઇ મનુજી, ભીલ મનોજકુમાર વિહાજી, નટબજાણીયા વિકાસભાઇ વિનોદભાઇ, ભીલ જગદીશભાઇ પુનાજી, લિમ્બાચીયા રાકેશકુમાર કાન્તિલાલ, ભીલ વિનોદભાઇ ડુંગરજી, સાધુ ઘનશ્યામ ચીમનલાલ, ભીલ પપ્પુભાઇ ચતુરજી રહે.તમામ પાટણને રોકડ રૂ.૪૬૫૦, ૨ વાહનો મળી કુલ રૂ.૫૯,૬૫૦ના મુદ્દામાલ સાથે પાટણ એ ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. ચાણસ્મા નાગેશ્વર સોસાયટી આગળ વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમતાં રોકડ રકમ રૂ. ૩૯૭૦ સાથે જયંતીભાઇ લાખાભાઇ સોલંકી રહે. ચાણસ્મા ઝડપી પાડ્યો હતો.

## પાટણમાંથી બાઈક અને સંખારી ગામેથી ટ્રેક્ટરની ટ્રોલીની ચોરી

પાટણ

પાટણ શહેરમાં સુભાષચોક વિસ્તારમાંથી પાર્ક કરેલા બાઈક અને સંખારી ગામે ટ્રેક્ટરની ટોલી કોઇ તસ્કર ચોરી થયાની પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પાટણ શહેરમાં દેવકૃપા સોસાયટીમાં રહેતા સતિષભાઇ રસીકભાઇ પ્રજાપતિ બાઈક (જીજે ૨૪ ડી ૭૯૫૯)શહેરના સુભાષચોક નજીક સોમવારે સાંજે પાર્ક કર્યુ હતુ બાદમાં ૨૦ મિનિટમાં પરત આવીને જોતા બાઈક ન મળ્યુ હતું. ચોરી થાયાનું માલુમ પડતાં પાટણ એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | વાવ | ગવાર | ૭૭૪-૮૦૪ |
| જીરૂ | ૨૧૫૦-૨૮૭૬ | ઘઉં | ૩૭૫-૪૪૭ |
| રાયડો | ૬૨૫-૭૧૫ | બાજરી | ૪૨૩-૪૩૫ |
| એરંડા | ૧૦૧૫-૧૦૨૦ | જુવાર | ૯૫૬ |
| | ભીલડી | જવ | ૩૮૧ |
| એરંડા | ૧૦૧૮-૧૦૨૫ | કપાસ | ૧૦૨૫-૧૧૪૫ |
| રાયડો | ૬૧૫-૬૯૦ | | પાટણ |
| રાજગરો | ૮૩૪-૯૪૨ | જીરૂ | ૨૩૮૫-૨૮૮૬ |
| ઘઉં | ૩૭૩ | વરી. | ૧૨૦૦-૨૦૬૧ |
| બાજરી | ૪૧૮-૪૨૨ | સુવા | ૮૨૮ |
| જીરૂ | ૨૬૦૦-૨૮૧૬ | રાયડો | ૫૭૦-૭૩૦ |
| | થરા | એરંડા | ૧૦૦૦-૧૦૨૪ |
| જીરૂ | ૨૨૦૦-૩૦૦૦ | ઘઉં | ૩૬૪-૩૯૮ |
| એરંડા | ૧૦૧૧-૧૦૩૩ | બાજરી | ૩૬૨-૪૦૪ |
| રાયડો | ૬૪૫-૬૯૦ | જુવાર | ૬૧૫-૬૫૫ |
| રાઈ | ૬૮૦-૮૪૫ | ર.બાજરી | ૪૨૫-૪૫૧ |
| ઘઉં | ૩૭૩-૪૪૩ | મગ | ૫૮૦ |
| બાજરી | ૪૨૧-૪૪૫ | તુવેર | ૫૦૧ |
| જુવાર | ૬૩૦-૭૧૫ | અડદ | ૬૨૧-૬૫૧ |
| | સિધ્ધપુર | રાજગરો | ૭૨૫ |
| જીરૂ | ૨૩૫૨-૨૮૩૮ | ગવાર | ૭૭૪-૭૮૨ |
| એરંડા | ૧૦૦૦-૧૦૩૨ | કપાસ | ૧૦૨૦-૧૧૫૪ |
| રાયડો | ૬૦૦-૭૩૭ | | |

## હારિજમાં વરલી મટકાના સાત ઈસમોને પકડી પાડતી પાટણ એલ.સી.બી. ટીમ

હારીજ

મે.પોલીસ અધિક્ષક શોભા ભુતડા ના એ જીલ્લામાં જુગાર ની બદી નેસ્તનાબુદ કરવા સારૂ કરેલ સુચના આધારે ઇન્ચાર્જ પો.ઈન્સ. કે.એમ.પ્રિયદર્શી તથા પો.સબ. ઇન્સ.વાય. કે.ઝાલા એલ.સી.બી. પાટણ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પોલીસ ટીમ ના અ.હેડ.કોન્સ અમીતસિહ માનસિહ તથા અ.પો.કો. કુલદીપકુમાર લક્ષ્મીદાસ તથા અ.પો.કોન્સ. નવાઝશરીફ ગુલામરસુલભાઈ તથા અ.પો.કો. ધવલકુમાર ભગવાનભાઈ તથા આ.પો.કો. સંજયકુમાર પ્રભુદાસ વિગેરે પોલીસ સ્ટાફના માણસો હારિજ ટાઉન મા પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે નીચે મુજબ ના ત્રણ જુગાર ના કેશો શોધી કાઢી સાત ઈસમો ને પકડી પાડેલ છે પાડી સદરી પકડાયેલ ઈસમો તેમજ હાજર નહી મળી આવેલ ઈસમો વિરુધ્ધ હારિજ પો.સ્ટે.માં ગુન્હા રજી. કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

(૧) હારિજ ટાઉનમાં કાતરીયાવાસમાં ઠાકોર કનુજી ઉર્ફે ભોપાજી મેઠાજી રહે.હારિજવાળા વરલી મટકા નો જુગાર રમાડે છે તેવી બાતમી આધારે પંચો સાથે રેઈડ કરતાં ઠાકોર કનુજી હાજર મળી આવેલ ના હોઈ તેમજ (૧) પરમાર સુરેશભાઈ માવજીભાઈ રહે.હારિજ તથા (૨) ઠાકોર ગોવિંદજી ખેંગારજી રહે.રાવિન્દ્રાવાળાઓને વરલી મટકા નું સાહિત્ય તથા રોકડ રૂ.૧૪૨૦/- સાથે પકડી પાડેલ છે. (૨) હારિજ ટાઉનમાં નાના ગણપતિ મંદીર પાછળ ગલીમાં ઠાકોર મોબુજી સોનાજી રહે.હારિજવાળા વરલી મટકા નો જુગાર રમાડે છે તેવી બાતમી આધારે પંચો સાથે રેઈડ કરતાં ઠાકોર મોબુજી હાજર મળી આવેલ ના હોઈ તેમજ (૧) ઠાકોર ભરતજી મેલાજી રહે.હારિજવાળાઓને વરલી મટકાનું સાહિત્ય તથા રોકડ રૂ.૨૫૧૦/- સાથે પકડી પાડેલ છે.

(૩) હારિજ ટાઉનમાં નાના ગણપતિ મંદીર થી દરબારવાસ તરફ જતાં રોડ ઉપર રાવલ હિતેશભાઇ ઉર્ફે એચ.કે. કાનતીલાલ રહે.હારિજવાળા વરલી મટકા નો જુગાર રમાડે છે તેવી બાતમી આધારે પંચો સાથે રેઈડ કરતાં રાવલ હિતેશભાઇ હાજર મળી આવેલ ના હોઈ તેમજ (૧) ઠાકોર નટુજી શંકરજી રહે.એકલવા (૨) ઠાકોર દલપતજી પુનાજી રહે.હારિજ (૩) ઠાકોર રમેશભાઇ દિલીપભાઇ રહે. હારિજ તથા (૪) ઠાકોર દિનેશજી છોટાજી રહે.હારિજવાળાઓને વરલી મટકા નું સાહિત્ય તથા રોકડ રૂ.૩૪૯૦/- સાથે પકડી પાડેલ છે.

### દુષ્કાળની પરિસ્થિતિ વચ્ચે

## ચાણસ્મા-બહુચરાજી પંથકના ખેડૂતોને પાક ધિરાણની રકમ પરત કરવા તાકીદ કરાતાં રોષ

ચાણસ્મા

ખેડૂતો માટે પાકધિરાણ માટેની યોજના કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે અને જમીનની મર્યાદાને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીયકૃત બેંકો અને સહકારી મંડળીઓ દ્વારા દર વર્ષે ખેડૂતોને પાકધિરાણની લોન આપવામાં આવે છે. ચાલુ સાલે વરસાદની ઘટને કારણે ચાણસ્મા અને બહુચરાજી વિસતારમાં દુકાળની પરિસ્થિતિ છે. એક બાજુ સરકાર ખેત ઉત્પાદન બમણું કરવાની પોકળ જાહેરાતો કરે છે. બીજી બાજુ પાક ધિરાણ મેળવનાર આ વિસ્તારના તમામ ખેડૂતો પાસેથી ૩૧ મી માર્ચ ૨૦૧૯ સુધીમાં ધિરાણની રકમ સાથે ૭ ટકાના દરે વ્યાજ સહિત આ રકમ વસૂલ કરવા માટેની કાર્યવાહી હાથ ધરતાં કેન્દ્ર સરકારની પોકળ જાહેરાત સામે ખેડૂત આલમમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

પાક ધિરાણ મેળવનાર તમામ ખેડૂતો પાસે ગત વર્ષે પાકધિરાણ સામે વ્યાજની ૭ ટકા રકમ પૈકી ૪ ટકા રકમ મૂડીમાં ઉમેરી તેની વસુલાત કરવામાં આવી હતી અને બાકીના ૩ ટકા વ્યાજની રકમ કેન્દ્ર સરકાર દ્વારા પાકધિરાણ કરનાર રાષ્ટ્રીયકૃત બેંકો અને સેવા સહકારી મંડળીઓના ખાતામાં ચુકવવામાં આવી હતી. જેના કારણે ખેડૂતોમાં રાહત થઈ હતી. જ્યારે ચાલુ વર્ષે એક પરિપત્ર કરી તમામ સહકારી મંડળીઓ દ્વારા પાકધિરાણ મેળવનાર ખેડૂતો પાસેથી ૩૧ માર્ચ પહેલાં ૭ ટકા વ્યાજ સહિત રકમ જમા કરવા તાકીદ કરવામાં આવી છે. અને પાછળથી ૩ ટકા વ્યાજની રકમ સરકાર દ્વારા મજરે મળ્યા બાદ ખેડૂતોને પરત આપવાનો નિર્ણય કરાયો છે. અને આ જ પગલે આ બંને તાલુકામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા પણ ૭ ટકા વ્યાજદાર સાથે રિકવરી કરવા માટેનું વિચારાઈ રહ્યું હોવાનું બેંક સૂત્રો તરફથી જાણવા મળે છે. ત્યારે દુષ્કાળની પરિસ્થિતિમાં ખેડૂતો આ રકમ સમય મર્યાદામાં ભરી શકે તેવી કોઈ પરિસ્થિતિમાં નથી તેવા સંજોગોમાં લોન વસુલાત બાદ ૩ ટકા સહાય આપવાનો નિર્ણય બદલીને લોન ભરતાં પહેલાં ૩ ટકા મજરે આપી બાકીની ભરવાપાત્ર પાકધિરાણની રકમ ૪ ટકાના વ્યાજ સાથે વસુલ કરવામાં આવે તેવું ખેડૂતોનું માનવું છે. સરકાર ખેડૂતોના પાકના પોષણક્ષમ ભાવે આપતી નથી. દુષ્કાળની પરિસ્થિતી છે અને કમોસમી વરસાદે ખેડૂતોનું ગણિત ખોટું પાડયું છે. ત્યારે ખેડૂતોના દેવા નાબુદીની વાત તો એક બાજુ રહી પણ પાકધિરાણનાં વ્યાજમાં ખેડૂતોની માગણી પ્રમાણે માપદંડ અજમાવવામાં આવે તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે. જો આમ નહીં થાય તો આ કારમી પરિસ્થિતિમાં આ પંથકના ખેડૂતો માટે આત્મહત્યા સિવાય બીજો કોઈ રસ્તો નજરે પડતો નથી.

## ૨૦ વર્ષ પૂર્વે થયેલા હુમલાના કેસમાં આરોપીને ત્રણ વર્ષની સજા

ઉઝા

ઉઝા નજીકના ભાંખર ગામે ૨૦ વર્ષ પુર્વે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવાના કેસમાં નામદાર ઉઝા અદાલતે એક આરોપીને તકસીરવાર ઠરાવી ત્રણ વર્ષથી સખત કેદની સજા ફટકારી છે.

વિગત એવી છે કે, ઉઝા નજીકના ભાંખર ગામે ગત તા. ૨૯/૫/૯૯ ના રોજ સૈયદ બાબરમીયાં અનવરમીયાં પર ગામના જ કેટલાક મુસ્લિમ ઈસમોએ હથિયાર વડે હુકલો કર્યો હતો. સદર કેસ ઉઝા કોર્ટના જયુ મેજી.ફ.ક એસ.એમ શુકલની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિજય બી.બારોટની ધારદાર દલિલો અને ઈ.પી.કો. કલમ ૩૨૬ના ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને આરોપીઓ પૈકી સૈયદ મુસ્તાકમીયાં નાજીમ મીયાને ત્રણ વર્ષની સખત કેદની સજા અને એક હજાર રૂપિયા દંડની સજાનો હુકમ કરાયેલ છે. જયારે અન્ય મહિલા આરોપીઓને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવામાં આવ્યા છે.

## રાધનપુર કોલેજમાં ૨૫ મો દિક્ષાંત સમારોહ યોજાયો



રાધનપુર

હિમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ રાધનપુરનો બી.એ./બી.કોમ. સેમ - ૬ તેમજ એમ.એ. / એમ.કોમ. સેમ - ૪ નો ૨૫ મો દિક્ષાંત સમારોહ ટ્રસ્ટના પ્રમુખ ડો. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષસ્થાને યોજાયો. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટક તરીકે ટ્રસ્ટના ઓનેરરી સેક્રેટરી ડો. નવિનભાઈ ઠક્કર જયારે મુખ્ય મહેમાન તરીકે રાયચંદભાઈ ઠક્કર ઉપસ્થિત રહી પ્રાસંગીક ઉદબોધન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ. ડો.સી. એમ. ઠક્કરે મહેમાનોને આવકારી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમજ જીવનમાં પ્રગતિ કરવા જરૂરી સમર્પિતતા, સંઘર્ષ, શિસ્ત, સમાજ, રાષ્ટ્ર અને પરિવાર પ્રત્યેની જવાબદારી સમજાવી હતી. વર્ષ દરમ્યાન પ્રવૃતિઓનું અહેવાલ વાંચન ડો. વી.બી.ખમાર જયારે દિક્ષાંત પ્રવચન ડો. કે.ડી. અખાણીએ આપ્યું. આ કાર્યક્રમમાં બી.એ./બી.કોમ સેમ - ૬ તેમજ એમ.એ./એમ.કોમ. સેમ-૪ ના વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો રજુ કર્યા હતા. વાર્ષિકોત્સવમાં ભાગ લેનાર તમામ વિદાર્થીઓને ટ્રસ્ટી વિનોદભાઈ ઠક્કર અમદાવાદ, અજયભાઈ ઠક્કર અમદાવાદ તેમજ અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ અને કોલેજ દ્વારા ઈનામ આપવામાં આવેલ સાથે ભુતપુર્વ વિદ્યાર્થી મંડળ અને વાલી મંડળની મીટીંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગાન ડો. એસ.એન.ઓઝા જયારે આભાર વિધી ડો. ભરતભાઈ કાનાબારે કરેલ હતી. કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થીની વિધી ઠક્કર અને ક્રિયા મુલાણીએ કરેલ. જયારે સમાપન રાષ્ટ્ર ગાન દ્વારા કરવામાં આવી હતી.

## આઝાદીના વર્ષો બાદ રામનગર ગામને પીવાના પાણીની સુવિધા મળી

### ધારાસભ્યનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના રામનગર ગામમાં રૂા. ૨૬ લાખના ખર્ચે તૈયાર થયેલ ટ્યૂબવેલનું લોકાર્પણ અને રાંતેજ ગામે રૂા. ૧૪ લાખના ખર્ચે તૈયાર નવીન ગ્રામ પંચાયતનું બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોરના હસ્તે શુક્રવારના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ૧૦૦ ટકા બક્ષીપંચની વસ્તી ધરાવતા રામનગર ગામમાં આઝાદીના વર્ષો બાદ પાણીના બોરની સુવિધા ઉભી થવા પામી છે. રાજ્યના નકશામાંથી રામનગર ગામનું નીકળી ગયું હોય આજે પણ ગ્રામજનો એક એક સુવિધા માટે સંઘર્ષ કરી રહ્યા છે. પ્રાથમિક સુવિધાઓથી માટે સંઘર્ષ કરતાં ગ્રામજનો દ્વારા બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોર સમક્ષ પીવાના પાણીનો બોર મંજૂર કરાવવા માટેની રજૂઆત કરવામાં આવતાં તેઓની મદદથી ગ્રામજનોનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થવા પામ્યું હતું. પાણીના એક એક બુંદ માટે રઝળપાટ કરતાં રામનગર ગામમાં પાણીની કાયમી સમસ્યા હલ થવા પામી છે. ગ્રામજનોનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થતાં લોકાર્પણ વિધી માટે રામનગર ગામમાં આવેલા ધારાસભ્યનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી આર.ડી. પરમાર, સાઇડ સુપરવાઇઝર દિનેશભાઇ પટેલ, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ ગોવુભા ઝાલા અને રાંતેજ ગ્રામ પંચાયતના સરપંચ ગેમરભાઇ દેસાઇ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ પ્રસંગે પ્રાંત અધિકારી આવ્યા પણ વિધી પહેલા રવાના થઇ ગયા. રામનગર અને રાંતેજ ગામના ઉદ્ઘાટન પ્રસંગે કડી પ્રાંત અધિકારી કેતકીબેન વ્યાસ હાજરી આપવા માટે આવ્યા હતા. પણ કોઇ અગમ્ય કારણોસર લોકાર્પણ વિધી પહેલાં નીકળી જતાં ગ્રામજનોમાં કારણ જાણવાની જીજ્ઞાસા ઉભી થવા પામી હતી.

## પાટણમાં સિવિલ હોસ્પિટલ અને ચર્તુભૂજ બાગની પાછળ પાર્ક થતાં વાહનોથી અકસ્માતનો ભય

પાટણ

પાટણમાં બગવાડા દરવાજા નજીક આવેલી જૂની સિવિલ હોસ્પિટલમાં તેમજ ચર્તુભૂજ બગીચાની પાછળની સાઈડમાં લારી-ગલ્લાવાળા અને અન્ય વાહન ચાલકો પોતાના વાહનો પાર્ક કરતાં હોવાથી બગીચા પાછળ ટ્રાફીકની સમસ્યા ગંભીર બની રહી છે. સિવિલ હોસ્પિટલની અંદરના મેદાનમાં વાહનો તો ઠીક પરંતુ ક્યારેક ઉંટલારીના માલિકો પોતાની ઉંટલારી છોડીને બજારમાં ખરીદી અર્થે નીકળ્યા બાદ બે-ચાર કલાક બાદ આવે છે. હાલ સિવિલમાં સામાન્ય દર્દથી પીડાતાં લોકોની સારવાર થાય છે. તેથી ગ્રામ્ય જનતાની અવર-જવર વિશેષ રહેતી હોય છે. આ બાબતે સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓએ વાહનો અને ઉંટલારીના માલિકોને હોસ્પિટલની અંદર પ્રવેશ ન કરવા પ્રતિબંધ કર્યો હોવા છતાં પરિસ્થિતિમાં કોઇ સુધારો થયો નથી. દરમિયાન ગત શનિવારે એક ઉંટલારીએ હોસ્પિટલના નાકે એક બાળકને અડફેટે લેતાં હાથ-પગે ઈજાઓ થઇ હતી. આ બાબતે વેપારીઓએ ઉંટલારીવાળાને ફટકાર્યો હોવાનું જાણવા મળે છે. જ્યારે ચર્તુભૂજ બાગ પાછળ લારી-ગલ્લા અને અન્ય વાહનો પાર્ક કરવામાં આવતાં હોવાથી આ વિસ્તારમાં રહેતાં લોકોને પોતાના વાહન સાથે નીકળવું મુશ્કેલ બને છે. આજ વિસ્તારમાં ભીલ સમાજનું મંદિર આવેલું હોવાથી દર્શનાર્થીઓને પોતાના વાહન સાથે નીકળવું મુશ્કેલ બને છે.

## પાટણમાં બાળક ૫ સે.મી. લાંબો સ્ક્રૂ ગળી જતાં સફળ રીતે બહાર કઢાયો

પાટણ

સમગ્ર ઉત્તર ગુજરાતમાં શિક્ષણની સાથે સાથે પાટણ મેડીકલ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. શહેરમાં વિવિધ રોગના નિષ્ણાંત ડૉક્ટરોને કારણે સામાન્ય રોગથી માંડીને કેન્સર જેવી મહામારી બીમારીમાંથી દર્દીઓ મુક્ત થઇ રહ્યા છે ત્યારે પાટણ શહેરના લીલીવાડી વિસ્તારમાં આવેલ આરાસુરી સોસાયટીમાં રહેતાં સૂર્યકાન્તભાઇ શ્રીમાળીનો ૮ વર્ષનો દીકરો યોગ ગતરોજ ઘર આંગણે રમતો હતો તે સમયે તેના હાથમાં બુલેટની ગોળી જેવો પાંચ સેન્ટીમીટર લાંબો અને એક સેન્ટીમીટર પહોળો સ્ક્રૂ આવતાં તેણે ભૂલથી મોઢામાં નાખી ફેરવતો હતો તે દરમિયાન અચાનક આ સ્ક્રૂ ગળી જતાં તેના પેટમાં એકા એક દુ:ખાવો ઉપડ્યો હતો ત્યારે પરીવારજનોએ તાત્કાલીક પેટનો એક્ષ-રે કઢાવતાં બાળકની હોજરીમાં આ બુલેટ જેવો સ્ક્રૂ હોવાનું માલૂમ પડ્યું હતું.

જેથી આ પરીવારે પાટણની ખાનગી કે.એસ. પટેલ હોસ્પિટલના પેટ રોગના નિષ્ણાંત ડૉક્ટરે હીતેશભાઇનો સંપર્ક કર્યો હતો ત્યારે આ ડૉક્ટરે એક્ષ-રે સહિતના તમામ રીપોર્ટોની તપાસ કર્યા બાદ આ કિશોરના પેટમાં એન્ડોસ્કોપી દૂરબીનની મદદ વડે બુલેટની ગોળી જેવો સ્ક્રૂ માત્ર ૧૦ જ મીનીટમાં કોઇપણ જાતની વાઢકાપ વગર બહાર કાઢી બાળકને તાત્કાલીક રાહત અપાવી હતી ત્યારે મેડીકલ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીનો વિકાસ થવાના કારણે આજે કોઇ પણ ટ્રીપીકલ દર્દીના પેટમાં થતી બીમારીઓનું ઝડપી નિરાકરણ થઇ રહ્યું છે.

જેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. નોંધનીય છે કે, પાટણના પેટ રોગના નિષ્ણાંત ડૉ. હીતેશભાઇએ આવા અનેક ટ્રીપીકલ દર્દીઓની સારવાર કરી તેમને રોગ મુક્ત કર્યા છે. અગાઉ પણ તેઓએ સીક્કા ગળી જવા, વાળના ગુંચડા પેટમાં ભરાઇ રહેવા જેવા દર્દીઓને પણ એન્ડોસ્કોપીની મદદ વડે સફળ ઓપરેશન કરી મેડીકલ ક્ષેત્રે પાટણનું નામ ગૂં-જતું કર્યું છે.

### હવામાન પલ્ટાથી ખેતી પાકોને નુકશાનની ભીતિ

## ચાણસ્મા-બહુચરાજી પંથકમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી



ચાણસ્મા

ચાણસ્મા અને બહુચરાજી પંથકમાં છેલ્લા બે દિવસથી પલટાયેલા હવામાનના કારણે આકાશમાં વાદળો ઘેરાતા ગઈકાલે કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતવર્ગમાં પાકને બચાવવા ભારે દોડધામ કરવી પડી હતી. છેલલા એકાદ સપ્તાહમાં બીજી વખતે હવામાન બદલાતાં હાલના રવિપાક જીરૂ, ઘઉં, વરિયાળી, દિવેલા અને ઉનાળુ બાજરીના પાકને વિપુલ પ્રમાણમાં નુકશાન થયાની ભિતિ સેવાઈ રહી છે.

ચાલુ રવિ સિઝનમાં ઠંડીનું પ્રમાણ લાબા સમાય સુધી જળવાઈ રહેતાં રવિપાકમાં ખેતીનું ઉત્પાદન સારૂ થશે તેવી ખેડૂતોમાં આશા બંધાઈ હતી. પરંતુ પાકના વાવેતર સાથે જ રોજબરોજ આકાશમાં વાદળ છાયું હવામાન રહેતાં મોટાભાગના રવિપાકમાં મેલીમશી જેવા રોગના ઉપદ્રવે ભરડો લેતાં ખેડૂતોની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. એકાદ સપ્તાહ પહેલાં પડેલા કમોસમી વરસાદના કારણે આ બંને તાલુકાઓમાં કમોસમી વરસાદ અને પવનના ભારે સુસવાટાને કારણે રવિ પાકનો સોથ વળી ગયો હતો અને ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ચોમાસુ ખેતીની નિષ્ફળતા બાદ રવિ સિઝનમાં પલટાયેલા હવામાનના કારણે ખેડૂતોમાં ફરી એકવાર ચિંતાના વાદળો ઘેરાયાં છે. છેલ્લા બે દિવસથી વાદળછાયા હવામાનને સાથે કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદના છાંટા પડ્યાના અહેવાલો મળ્યા છે. પરિણામે રવિપાકમાં રોગચાળો સહિત તેના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયાની ગણતરીઓ મુકાઈ રહી છે. ખેતરોમાં અને ખરવાડમાં તૈયાર પાકને બચાવવા ખેડૂતોએ ભારે દોડધામ મચાવી હતી. એકંદરે આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોનો રવિપાક નિષ્ફળ જશે તેમ જણાય છે.

## ગુજરાતના સ્થાપના કાળથી ૨૦૧૪ સુધીની લોકસભા ચૂંટણીઓમાં સૌથી વધુ મતદાન ૧૯૬૭માં ૬૩.૭૭ ટકા નોંધાયું હતું

પાલનપુર

આગામી તા.૨૩ એપ્રિલ-૨૦૧૯ના ગુજરાતમાં ૧૬ મી લોકસભાના ચયન માટેની ૨૬ બેઠકોનું મતદાન થવાનું છે. લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવાર પસંદ કરતા હોય છે. ગુજરાતની ૧૯૬૦માં અલગ રાજ્ય તરીકે સ્થાપના થઇ ત્યારથી ૨૦૧૪ સુધીની લોકસભા ચૂંટણીઓમાં મતદારોએ પોતાના આ મતાધિકારનો ઉપયોગ કર્યો છે અને સંસદમાં પ્રતિનિધિત્વ કરવા પોતાના મતક્ષેત્રના ઉમેદવારને ચૂંટીને મોકલ્યા છે. ચૂંટણી આયોગની વેબસાઈટ પર ગુજરાત રાજ્યના અગાઉની ચૂંટણીઓની મતદાનની તવારિખ જોઇયે તો કેટલીક રસપ્રદ હકિકતો સામે આવી છે. ૧૯૬૦માં ગુજરાત દ્વિભાષી મુંબઇ રાજ્યમાંથી અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું તે પછી ૧૯૬૨માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૨ બેઠકો હતી જે ૧૯૬૭માં વધીને ૨૪ થઇ અને ૧૯૭૭થી ૨૬ બેઠકો થઇ છે. ૧૯૬૭માં યોજાયેલી લોકસભા ચૂંટણીઓમાં રાજ્યની ૨૪ બેઠકો માટે ૮૦ ઉમેદવારોએ પોતાનું ભાવિ અજમાવેલું તે વેળાએ રાજ્યના કુલ ૧ કરોડ ૬ લાખ ૯૨ હજાર ૯૪૮ મતદારો પૈકી ૬૮ લાખ, ૧૮ હજાર ૬૮૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને સૌથી વધુ ૬૩.૭૭ ટકા મતદાન તે વેળાએ રાજ્યમાં નોંધાયું હતું.

**લોકસભા ચૂંટણી-૨૦૧૯**

ત્યારબાદ સૌથી વધુ મતદાન ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં એટલે કે ૬૩.૬૬ ટકા રહ્યું હતું એ વેળાએ રાજ્યના ૪ કરોડ ૬ લાખ ૩ હજાર ૧૦૪ મતદારોમાંથી ૨ કરોડ ૫૭ લાખ ૩ હજાર ૧૭૭ મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરનારા ઉમેદવારોની સંખ્યાની વેબસાઇટમાં જણાવેલી વિગતો પર દ્રષ્ટિપાત કરીયે તો જણાય છે કે, રાજ્યમાં ૨૬ બેઠકો માટે સૌથી વધુ ૫૭૭ ઉમેદવારોએ ૧૯૯૬ની લોકસભા ચૂંટણીઓમાં ઉમેદવારી કરી હતી. અનુસંધાન પાના નં.૬

**૧૯૯૬ની ચૂંટણીમાં સૌથી વધુ ૫૭૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા : મતદાન સૌથી ઓછું ૩૫.૯૨ ટકા હતું**

**રાજ્યની લોકસભા બેઠકોની સંખ્યા ૧૯૭૭ થી ૨૬ થઇ : ૧૯૬૨માં ૨૨ બેઠકો માટે ૬૮ - ૧૯૬૭માં ૨૪ બેઠકો માટે ૮૦ ઉમેદવારોએ ભાવિ અજમાવ્યું હતું**

## છાપીના ધારેવાડા પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટક્યા : ૬૩ હજારનો મુદ્દામાલ ઉઠાવી ગયા

**કોમ્પ્યુટર અને વીજ ઉપકરણો સહિત મધ્યાહન ભોજનનું અનાજ ઉઠાવી જતાં ચકચાર**

પ્રતિનિધિ છાપી

છાપી પાસે આવેલ ધારેવાડા પ્રાથમિક શાળામાં બુધવારની રાત્રે શાળાના ઓરડાના તાળા તોડી ઓરડામાં પડેલ કોમ્પ્યુટરો સહિત મધ્યાન ભોજનનું અનાજની ચોરી થતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. વડગામ તાલુકામાં તસ્કરો તરખાટ મચાવતા પોલીસ માટે પડકાર રૂપ બન્યા છે ગત સપ્તાહે ડાલવાણા ગામે એકજ રાત્રિમાં પાંચ મકાનોને નિશાન બનાવી ૧૮૩૦૦૦ હજ્જાર નો મુદ્દામાલ ઉઠાવી ગયાના સમાચારની શાહી શુકાઈ નથી ત્યારે ધારેવાડા પ્રાથમિક શાળાના ઓરડાના તાળા તોડી તસ્કરોએ ઓરડાની અંદર પડેલ કોમ્પ્યુટરો સહીત મધ્યાન ભોજનનું અનાજ મળી કુલ રૂા. ૬૩૭૫૦ નો મુદ્દામાલ ઉઠાવી જતા પથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે શાળાના આચાર્ય ફરજાનાબેન શેખે છાપી પોલીસ મથકે ગુરૂવાર સાંજે ફરિયાદ નોંધાવી હતી. ચોરીની જાણ થતાં છાપી પીએસઆઈ પરિમલ દેસાઈ સહિત સ્ટાફ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

**શુ ચોરાયું**

કોમ્પ્યુટર સેટ ૧ કિંમત ૧૩૦૦૦ રૂપિયા
પીન્ટર નંગ ૧ કિંમત ૭૫૦૦ રૂપિયા
કોમ્યુટર નંગ ૨ કિંમત ૨૬૦૦૦ રૂપિયા
સિપિયુ નંગ ૧ કિંમત ૬૦૦૦ રૂપિયા
સાબુ નંગ ૧૦૦ કિંમત ૭૫૦૦ રૂપિયા
કમ્પાશ બોકસ ૧૫ કિંમત ૭૫૦ રૂપિયા
ગેસ સિલિન્ડર નંગ ૨ કિંમત ૩૦૦૦ રૂપિયા
કુકકર નંગ ૧ કિંમત ૨૦૦૦ રૂપિયા
ઘઉં કિલો ૮૫ ચોખા કિલો ૧૧૦ દાળ કિલો ૩૫ તેલ કિલો ૧૭ મળી અન્ય વસ્તુ સહિત કુલ ૬૩૭૫૦ નો મુદ્દામાલ ઉઠાવી ગયા

## દેશના પ્રથમ ડિજિટલ ગામ માલણમાં સંધ્યા ઢળતા જ એ.ટી.એમ.ને લાગી જાય છે ખંભાતી તાળાં...!!

**દેના બેન્કના સત્તાધીશોને રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય**



(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર તાલુકાના માલણ ગામે આવેલી દેના બેંકનું એટીએમ છેલ્લા ઘણા સમયથી સંધ્યા ઢળતાની સાથે જ બંધ થઈ જાય છે. બેન્કમાં કામ કરતા એક કર્મચારી એટીએમને ખંભાતી તાળા લગાવી ચાવી લઈ નીકળી જાય છે. જેને પગલે ઈમરજન્સી સમયે નાણાં ઉપાડવામાં ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દેશભરમાં ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ડિજિટલ ગામ બનાવવા માટેનું અભિયાન હાથ ધરાયુ હતુ. તેમાં પાલનપુર તાલુકાના માલણ ગામે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીના હસ્તે ડિજિટલ વિલેજનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને તે જ દિવસે ગામમાં ૨૪ કલાક કાર્યરત એટીએમનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જોકે થોડાક સમય બાદ જ આ એ.ટી.એમ ૨૪ કલાક નહી અનુસંધાન પાના નં.૬

## ભુરીયા-લોઢનોર વચ્ચે નદીના રસ્તાની કામગીરીમાં ગેરરિતીનો આક્ષેપ




(વિષ્ણુ દવે)

**રસ્તાનું કામ સંતોષકારક ન થતાં ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ**

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ભુરીયા ગામમાં ગત ચોમાસામાં સર્જાયેલ પુર હોનારતમાં ભુરીયા-લોઢનોર વચ્ચેનો રસ્તો ધોવાઈ ગયો હતો પરંતુ ગામના જાગૃત યુવકોએ રસ્તો પહોળો તથા પાકો બને તે હેતુથી અરજી કરી હતી,અને અરજીને ધ્યાનમાં લઈને પાકો રસ્તો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ કોન્ટ્રાકટરે રસ્તાની બંને બાજુની કામગીરી અધુરી મુકી રસ્તો ચાલુ કરી દેવામાં આવ્યો છે.તથા આ કામગીરીમાં કોન્ટ્રાકટર દ્વારા રસ્તાનું કામ અધુરું કરી વધેલા (મેટલ)પથ્થરાઓ વહેંચી મારી કામગીરીમાં ગેરરિતી આચરી હોવાનો ગ્રામજનો આક્ષેપો કરી રહ્યા છે. આ કામગીરીમાં શાહ-કારના નામે ચોર કમાઈ જવો જેવી કહેવત સાર્થક થતી જણાઈ આવે છે તથા રસ્તો વચ્ચે પહોળો બનાવ્યો છે પરંતુ બંને રોડના છેડે સાંકડો બનાવી દેતાં ભારે હાલાકી સર્જાશે તેવું હાલ જણાઈ આવે છે, અને રસ્તાની બંને બાજુએ સિમેન્ટ વડે પાકો કરવાની કામગીરી અનુસંધાન પાના નં.૬

## વાવ રેફરલ દરવાજા પાસેથી મૃત ભૃણ મળી આવતા ચકચાર

**પંથકમાં અવનવા તર્કવિતર્કો પોલીસ તપાસ શરૂ**

તા.પ્રતિનિધિ વાવ

ગત તા.૧૩-૩-૧૯ ની રાત્રે ૧૧ કલાકે વાવ પંથકના એક ગ્રામીણ વિસ્તારની ગર્ભવતી મહીલાને પેટનો દુઃખાવો ઉપડતા વાવ રેફરલના ફરજના પરના તબીબે કેસની નામજોગ નોંધણી કરી સારવાર આપ્યા બાદ આ પીડાગ્રસ્ત મહીલાને થરાદ ખાતે રીફર કરવામાં આવી હતી.

જોકે બીજે દીવસે વ્હેલી સવારે વાવ રેફરલ હોસ્પીટલના દરવાજાની બાજુમાંથી મૃત ભૃણ મળી આવતાં લોકોનાં ટોળે ટોળા ઉમટી પડયા હતા ત્યારે ફરજ પરના તબીબે મૃત ભૃણનો કબ્જો મેળવી પોલીસને જાણ કરતાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી આગળની વધુ તપાસ હાથ ધરતાં અનેક જાતના તર્ક-વિતર્કો સર્જાઈ રહ્યો છે. જોકે રાત્રીના સમયે સારવાર અર્થે આવેલી મહીલા પરણીત કે અપરણીત ? તે મુદ્દો ચર્ચાના એરણે ચડયો છે.જો પરણીત હોય તો બાળક કેમ ત્યજવું પડયું ? અપરિણીત હોય તો પાપનો ઘડો છુપાવવા આ હીન કૃત્ય થયું હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. વધુ વિગતો પોલીસ તપાસમાં બહાર આવશે.

## બનાસકાંઠા જિલ્લામાં પોલીસે એક જ દિવસમાં રૂા.૬.૧૨ લાખનો દારૂ ઝડપ્યો

**થરાદ, ધાનેરા, પાંથાવાડા અને દાંતામાં દારૂ ઝડપાયો**

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ લોકસભાની ચૂંટણીને પગલે તંત્ર સતર્ક બન્યું છે. ઉમેદવારો મતદારોને રીઝવવા દારૂની રેલમછેલ ન કરી શકે તે માટે પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાયુ છે તેમાં જિલ્લાના થરાદ, ધાનેરા, પાંથાવાડા અને દાંતા પંથકમાંથી પોલીસે એક જ દિવસમાં રૂ.૬.૧૨ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેતા દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ગુજરાતમાં એકતરફ ચૂંટણીની જાહેરાત થતા જ આદર્શ આચાર સંહિતા અમલી બની ગઈ છે. ત્યારે બીજી તરફ ચૂંટણી દરમ્યાન દારૂની આયાત પણ અન્ય રાજ્યમાંથી ન થાય તે માટે પોલીસ દ્વારા પણ અત્યારથી જ જિલ્લાની સરહદો પર સઘન ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાં બનાસકાંઠા જિલ્લાના અલગ-અલગ ચાર વિસ્તારોમાં પોલીસે એક જ દિવસમાં રૂ.૬.૧૨ લાખ જેટલી રકમનો દારૂ ઝડપી લીધો હતો. તેમાં થરાદ પોલીસ મથકની હદમાં સવરખા ગામની સીમમાં પોલીસે બાતમી આધારે ટેમ્પામાં લઈ જવાતો રૂ.૫.૧૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો તથા આ જથ્થો લાવવા માટે પાયલોટીંગ કરવામાં આવી રહેલ સ્વીફ્ટ અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાં ૧૮૦ કિલો જેટલો પ્લાસ્ટિકની થેલીઓનો જથ્થો જપ્ત

**પ્લાસ્ટિકની થેલીઓનુ વેચાણ કરતા વેપારીઓ સામે પાલિકાની તવાઈ**

પાલનપુર

પાલનપુર શહેરમાં પ્લાસ્ટિકની થેલીઓનુ વેચાણ કરતા કેટલાક વેપારીઓ ૫૦ માઇક્રોનથી પાતળી થેલીઓનુ વેચાણ કરતા હોવાની બાતમી મળતા આજે પાલિકા તંત્રએ આવા વેપારીઓ પર તવાઈ ઉતારી હતી. પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને પાલિકાની ટીમે વેપારી પેઢીઓ પર દરોડા પાડી ૧૮૦ કિલો જેટલો પ્લાસ્ટિકની થેલીઓનો જથ્થો જપ્ત કરી દોષિત વેપારીઓને દંડ પણ ફટકાર્યો હતો. રાજ્ય સરકારે ૫૦ માઇક્રોનથી પાતળા પ્લાસ્ટીકના ઝભલાના વેચાણ પર પ્રતિબંધ લગાવ્યા બાદ પણ કેટલાક વેપારીઓ સરકારના નિયમોને ઘોળી જઇ ૫૦ માઇક્રોનથી પાતળી થેલીઓનું વેચાણ અને વપરાશ કરતા હોવાનું જાણવા મળતા પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને પાલનપુર નગરપાલિકાની ટીમે શહેરમાં પ્લાસ્ટિકના ઝબલાનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં ઓચિંતુ ચેકિંગ હાથ ધરી રેલવે સ્ટેશન રોડ પર પાવર હાઉસ વિસ્તારમાં આવેલી દુકાનોમાંથી ૧૮૦ કિલો જેટલો થેલીઓનો જથ્થો જપ્ત કરી આ વેપારીઓને દંડ ફટકાર્યો હતો. તંત્રની આવી કડકાઈથી શહેરના અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે.

## પાલનપુરમાં ટ્રાફિક પોલીસ શોભાના ગાંઠિયા સમી


(સંજય જોષી)

પાલનપુર શહેરમાં વકરતી જતી ટ્રાફિક સમસ્યાને પગલે લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે આ સમસ્યાને નિવારવા માટે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ કેમેરા લાગ્યા બાદ હજુ સુધી પણ પરિસ્થિતિ યથાવત જોવા મળી રહી છે. પાલનપુર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક સમસ્યાને પગલે લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે. ત્યારે આ સમસ્યાને નિવારવા માટે રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે સીસીટીવી કેમેરાનો પ્રોજેક્ટ ખુલ્લો મુકવામાં આવ્યો છે. તેમાં હજુ સુધી પણ કેમેરા લગાવ્યા પછી પણ ટ્રાફિક ઠેરનીઠેર જોવા મળી રહી છે. તેમાં આજે ગઠામણ દરવાજા વિસ્તારમાં પણ ટ્રાફિક જામ થઈ જતાં લોકોને ભારે મુશ્કેલી ભોગવવી પડી હતી. ત્યારે ટ્રાફિક પોલીસ ચોકીની સામે જ ટ્રાફિક જામ થવા છતાં ટ્રાફિક પોલીસના કર્મચારીઓ માત્ર શોભાના ગાંઠીયા સમાન ઉભેલા જોવા મળ્યા હતા.

## હોળી ધુળેટી પર્વ પહેલાં...

## વાવ માર્કેટયાર્ડમાં રાયડા અને જીરાની મબલખ આવક


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

આ વર્ષે સરહદી વાવ પંથકમાં રવિ પાકમાં રાયડા અને જીરાના પાકનું વાવેતર કરાયું છે. જોકે શિયાળુ પાક લેવાની કામગીરીની શરૂઆતના પ્રથમ તબક્કામાં એટલે કે હોળી ધુળેટીના પર્વ પહેલાં ગત તા.૧૪-૩-૧૯ ના રોજ વાવ માર્કેટયાર્ડમાં રાયડાની ૧૧૦૦ બોરી અને જીરાની ૬૦૦ બોરીની આવક થઈ હતી.

વાવ માર્કેટયાર્ડ એસોસીએશન પ્રમુખ અને એ.પી. એમ.સી.ના વેપારી વિભાગના ડીરેકટર માનસેંગજી રાજપુતે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે, રવિ પાકની શરૂઆતમાં જ રાયડાની અને જીરાની મબલખ બોરીઓ માર્કેટયાર્ડ ખાતે આવી રહી છે. ધુળેટીના અનુસંધાન પાના નં.૬

## નવા ભડથમાં મોબાઈલ પર જાનથી મારી નાંખવાની ધમકી

પાલનપુર

અમીરગઢ તાલુકાના નવા ભડથ ગામે રહેતા મકુસિંહ વાઘેલાએ શિહોરીના વજાણી પાર્ટી ખાતે રહેતા ગુમાનસિંહ ડાભી સામે અમીરગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.તેમાં જણાવ્યુ છે કે આ ઈસમે ફરીયાદી મકુસિંહના મોબાઈલ ફોન પર જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ બાબતે અમીરગઢ પોલીસે ફરીયાદીની ફરીયાદ લઈ ઉપરોક્ત શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસા રૂરલ પોલીસ મથકે ૪૦ હથિયાર જમા


ભરત સુંદેશા

ડીસા

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતા જ આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે. જેમાં ચૂંટણી દરમ્યાન કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા લાયસન્સ વાળા બંદુક જેવા હથિયારો નજીકના પોલીસ મથકે જમા કરવાનું જાહેરનામું બહાર પડાયું છે. ડીસા તાલુકામાં ૮૨ હથિયરોના પરવાના અપાયેલ છે તેમાંથી ૪૦ જેટલા હથિયારો અત્યાર સુધી જમા થયા છે આ જ રીતે ડીસાના ઉત્તરને દક્ષિણ પોલીસ મથકે પણ હથિયારો જમા થવા લાગ્યા છે.




**ખૂબ ખૂબ અભિનંદન**

**લાલેશભાઈ ઠક્કર**

પાટણ શહેરના બગવાડા દરવાજા નજીક આવેલ સિવીલ હોસ્પિટલની સેવાઓ છીનવાતા લાલેશભાઇ ઠક્કર તથા તેમની ટીમ દ્વારા સતત ચાર વર્ષથી પણ વધુ સમય સુધી સિવીલ બચાવો અભિયાન ચલાવ્યું જેને પગલે સરકારશ્રી દ્વારા મહત્વની તમામ જગ્યાઓ ભરીને સિવીલ હોસ્પિટલને ધમધમતી કરવાની ફરજ પડી છે જે ગૌરવની બાબત છે. અત્યારે જયારે એવો સમય ચાલી રહ્યો છે કે નેતાઓ પોતાના વ્યકિતગત સ્વાર્થમાં રૂપિયા કે હોદ્દાની લાલચમાં વેચાઈ જાય છે. એવા સમયમાં લાલેશ ઠક્કર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે ચાર ચાર વર્ષ સુધી આંદોલન ચલાવી સાચા અર્થમાં એક સેવાભાવી અને પ્રજાના હમદર્દ છે...તેવું ઉદાહરણ પુરૂં પાડયું છે...ફરીથી લાલેશભાઈને દિલથી અભિનંદન પાઠવીએ છીએ.

શુભેચ્છક

નરેન્દ્રભાઈ શાંતિલાલ ઠક્કર (મુંબઈ) — કરણ નરેન્દ્રભાઈ ઠક્કર
હંસાબેન નરેન્દ્રભાઈ ઠક્કર — વિલાજ ફાર્મ - પરિવાર


## છાપી પોલીસે આબુરોડથી આવતી એમ્બ્યુલન્સમાંથી દારૂ ઝડપી પાડ્યો


(સુરેશ અગ્રવાલ)

**પોલીસે ૧ બોટલ દારૂ સહિત એમ્બ્યુલન્સ કબજે કરી કાર્યવાહી હાથ ધરી**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી પોલીસ ગુરુવારે ધારેવાડા હાઈવે ઉપર વાહન ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન આબુરોડ તરફથી એક શંકાસ્પદ એમ્બ્યુલન્સ વાન આવી રહી હતી. તેને ઉભી રખાવી તપાસ કરતા ચાલકની સીટ નીચેથી એક બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે એક બોટલ દારૂ કિંમત રૂ. ૩૦૦ અને એમ્બ્યુલન્સ કિંમત રૂપિયા ૨ લાખ મળી કુલ રૂપિયા બે લાખ ત્રણસોનો મુદ્દામાલ જપ્ત કરી એમ્બ્યુલન્સ ચાલક જશવંતભાઈ મનુભાઈ અનુસંધાન પાના નં.૬

## ઈકબાલગઢમાં રસ્તા વચ્ચે રિક્ષા ઉભી રાખવા મામલે હુમલો

પાલનપુર

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ખાતે આવેલી મસ્જીદ પાસે રોડ વચ્ચે અમીરગઢના જેથી ગોળીયા ગામના રત્નાભાઈ રબારી અને ભગવાનભાઈ રબારી (રહે. ગોદડપુરા) વાળાએ પોતાની રીક્ષા ઉભી રાખેલ હોઈ રોડ વચ્ચે ઉભી રાખેલી રીક્ષા સાઈડમાં લેવાનું કહેતા આ ઈસમોએ એકદમ ઉશ્કેરાઈ જઈ ઈકબાલગઢ ખાતે રહેતા અને મૂળ જુની સેંધણીના વતની તેમજ નિવૃતિ જીવન ગાળતા પરથીભાઈ માજીરાણાને કોલર પકડી ગાલ ઉપર બે લાફા મારી અપશબ્દો બોલી ગડદાપાટુનો માર માર્યાની ફરીયાદ પરથીભાઈએ અમીરગઢ પોલીસ મથકે નોંધાવી છે.


**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા**

**-: જાહેર સૂચના :-**

આથી જણાવવામાં આવે છે કે, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, મું.ધાનેરા, જિ.બ.કાં.નું નવું વર્ષ તા.૦૧/૦૪/૨૦૧૯ થી શરૂ થાય છે. સમગ્ર ધાનેરા તાલુકામાં માર્કેટ ધારો અમલી હોઈ નિયમન હેઠળના ખેતી ઉત્પન્નોનો વેપાર અગર વ્યવહાર કરનાર ઈસમોને બજાર સમિતિ, ધાનેરાનું લાયસન્સ લેવું ફરજીયાત છે. વગર લાયસન્સે ધંધો કરનાર ઈસમ ગુન્હાને પાત્ર ઠરે છે.

બજાર સમિતિ, ધાનેરાનું સને ૨૦૧૮/૧૯ નું વર્ષ તા.૩૧/૦૩/૨૦૧૯ ના રોજ પુરૂં થતું હોઈ આગામી વર્ષ લાયસન્સ મેળવવા માટે તા.૨૫/૩/૨૦૧૯ સુધીમાં બજાર સમિતિ, ધાનેરાની ઓફિસે લાયસન્સ અરજી આપી લાયસન્સ ડિપોઝીટ ભરી જવી. લાયસન્સ અરજી ફોર્મ બજાર સમિતિની કચેરીએથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. અધુરી વિગતવાળું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

નોંધ : (૧) જે ઈસમોની પાસે માર્કેટ સેસ કે બજાર સમિતિનું અન્ય કોઈપણ લ્હેણું બાકી હશે તેવા બાકીદાર ઈસમો લાયસન્સ માંગણા અરજી મંજુર થશે નહિં.
(૨) સહકારી સંસ્થાઓને છેલ્લા ત્રણ વર્ષના ખરીદ - વેચાણના હિસાબી પત્રકો તથા ભરેલ માર્કેટ સેસની વિગત અને છેલ્લા ઓડીટ અહેવાલની નોંધ રજુ કરવાથી લાયસન્સ ફોર્મ ઈસ્યુ કરવામાં આવશે.

જા.નં.જા. ઓફ-૨૦૧૮/૧૯
તારીખ : ૧૪/૩/૨૦૧૯

મોહનભાઈ યુ.શ્રાવગ, સેક્રેટરી — દેવાભાઈ સી.મોર, વાઈસ ચેરમેન — ભુરાભાઈ એન.પટેલ, ચેરમેન

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા



**બેસણું**


સ્વ.પોપટજી માનસુંગજી વાઘેલા
સ્વ.તા.૧૩/૦૩/૨૦૧૯, બુધવાર

અમારા પિતાશ્રી પોપટજી માનસુંગજી વાઘેલા તા.૧૩/3/૧૯ ના રોજ બુધવારના દેવલોક પામેલ છે. તેમનું સદ્ગતનું બેસણું તા.૧૭/3/૨૦૧૯ રવિવારના રોજ સવારે ૯ કલાકથી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રેલ્વે સ્ટેશન રોડ, જોગણી માતાના મંદિર પાસે, ડીસા**

લિ.
વિજયજી પોપટજી વાઘેલા (પુત્ર)
વિષ્ણુજી પોપટજી વાઘેલા (પુત્ર)
વિક્રમજી પોપટજી વાઘેલા (પુત્ર)
સેનજીજી માનસુંગજી વાઘેલા (ભાઈ)
ભરતજી માનસુંગજી વાઘેલા (ભાઈ)
શ્રવણજી માનસુંગજી વાઘેલા (ભાઈ)



**શ્રદ્ધાંજલિ**


**પ્રદ્યુમનભાઈ શાંતિલાલ સેવક**
સ્વ. તા. ૧૨/3/૨૦૧૯

અમારા પૂજય પિતા/ભાઈ પ્રદ્યુમનભાઈ શાંતિલાલ સેવકનું તા. ૧૨/3/૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયું છે. જેથી અમારા પરિવારને ઘણી જ ખોટ પડી છે. ધરણીધર ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુને પ્રાર્થના...

નોંધ : તારીખ ૨૩-૩-૨૦૧૯ સુધી ધાર્મિક ક્રિયા સેવક વાસ. મુ.ઢીમા, તા.વાવ, જિલ્લો : બનાસકાંઠા મુકામે રાખેલ છે. જે વિદિત થાય

લિ.
શ્રી રમણીકભાઈ શાંતિલાલ સેવક (ભાઈ)
શ્રી નરેશભાઈ શાંતિલાલ સેવક (ભાઈ)
શ્રી હર્ષાબેન પ્રદ્યુમનભાઈ સેવક (પત્ની)
(સરપંચશ્રી ઢીમા ગ્રામ પંચાયત)
શ્રી પ્રતિકભાઈ પ્રદ્યુમનભાઈ સેવક (પુત્ર)
(મહામંત્રી શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ બનાસકાંઠા જિલ્લો)
શ્રી મહર્ષકુમાર પ્રતિકભાઈ સેવક (પૌત્ર)